૧૫૦

# પારધી

## કચ્છ જિલ્લાની એક અજાણી અનુસૂચિત જનજાતિનો સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ


લેખક :

ચંદ્રકાન્ત ઉપાધ્યાય

સંકલન :

ડૉ. ઠાકોરભાઇ નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

**151**

૧૯૮૪

# પ્રસ્તાવના

ગુજરાત વિદ્યાપીઠ સચાલિત આદિવાસી સશોધન અને તાલીમ કેન્દ્રને સમાજ કલ્યાણ અને આદિવાસી કલ્યાણ ખાતા દ્વારા ગુજરાતમા રહેતી જુદી જુદી આદિવાસી જાતિના વિષે, તેઓનો સામાજિક - આર્થિક અને સાસ્કૃતિક અભ્યાસ કરી તેમના વિકાસ માટેના કાર્યક્રમો સૂચવવા કહેવામા આવ્યુ હતુ. તેમા પારધી જાતિ અગેનો આ અહેવાલ છે. પારધી જાતિના વસતિ ધરાવતા ગામોમાથી ભૂજ, અજાર અને ~~પેડોળ~~ સ્ટેડોદા ગામના પારધી કુટુબો અને આગેવાનોનો પ્રત્યક્ષ સપર્ક સાધી આ અભ્યાસ કરવામા આવ્યો છે.

આ અહેવાલમા પારધી જાતિનો ભૌગોલિક વિસ્તાર તથા તેઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ આપી તેમના સામાજિક, ધાર્મિક, આર્થિક અને સાસ્કૃતિક પાસાની વિગતે ચર્ચા કરવામા આવી છે. તેઓ પ્રવર્તમાન સમયમા કેવી મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે તેની ચર્ચા કરી છે. છેલ્લે તેમના આર્થિક-સામાજિક વિકાસ માટે શુ કરવુ જોઇએ તેના મુદ્દા આપ્યા છે.

પારધી જાતિ એ બહુ ઓછી વસતિ ધરાવતો સમાજ છે. દિવસે - દિવસે તેમની અસલ રહેણી-કરણી અને સસ્કૃતિનો લોપ થતો જાય તેવુ લાગ્યા કરે છે. આવા સમયે રાજ્ય સરકારના સમાજ કલ્યાણ અને આદિવાસી કલ્યાણના ખાતા દ્વારા આ પ્રકારના સર્વે કરાવવા તરફ જે પ્રયાસો થયા છે તે પ્રશસાપાત્ર છે. તેઓ આવા પ્રકારના સર્વેક્ષણ માટે જે પ્રોત્સાહન અને આર્થિક સહાય આપે છે તે સૌ માટે તેમનો અહીં આભાર માનુ છુ.

ક્ષેત્રકાર્ય દરમિયાન પારધી આગેવાનો ઘણા મદદગાર થયા હતા. તેઓના પ્રોત્સાહન વગર આ અહેવાલ લખી શકાયો ન હોત. સમયનો કોઇ ખ્યાલ કર્યા વગર, રાત-દિવસ ગણ્યા વગર તેઓએ જે માહિતી આપી છે તેનો હુ ઋણી બન્યો છુ. તેઓ આવા સર્વેનો કોઇ વ્યવહારૂ ઉપાય થાય અને તેનુ સમાજના

વિકાસ માટે અમલીકરણ થાય તેવુ ઇચ્છે છે. હાલ તો તેઓ નિરાશાવાદી જણાય છે, કારણ કે અગાઉ થયેલા સર્વેક્ષણોમા સશોધકો પોતે જે જૂઠા અને ભ્રામક વચનો આપે છે તેનાથી હવે આ લોકોને આવા સશોધનમા બહુ રસ જણાતો નથી. આથી તેઓ હવે આવા કામમા પ્રોત્સાહિત બને તે માટે કઇક વિકાસનુ કામ કરવુ જોઇએ. સૌ પારધી ભાઇ-બહેનોનો હુ આ પ્રસગે આભાર માનુ છુ.

ક્ષેત્રકાર્ય દરમિયાન જે સરકારી કે બિનસરકારી કર્મચારીઓએ સાથ આપ્યો તેનો આભાર માનુ છુ. તેમા અજાર તાલુકાના વિકાસ અધિકારી શ્રી પડયા સાહેબે જે અગત રસ લઇ મને કામ કરવામા મદદ કરી તેનો હુ આભારી છુ.

આદિવાસી સશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રી ડો. ઠાકોરભાઇ નાયકે આ અભ્યાસની શરૂઆતથી જ જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે પારધી જાતિની મુલાકાત લીધી હતી. તેમની નાની સરખી નોધ પણ મને પારધી જાતિના અહેવાલ લેખનમા માર્ગદર્શન રૂપ બની હતી. તેમણે અહેવાલની દરેક બાબતને ઝીણવટથી તપાસી જરૂરી સૂચનો કર્યા છે. તેમજ આ અહેવાલની આખી હસ્તપ્રત ઊડાણપૂર્વક જોઇ અહેવાલને બને તેટલો સમૃધ્ધ કરવા પ્રયાસ કરાવ્યો છે. આમ આ અહેવાલની કામગીરી મને સોપી, અને આગળ વધવા માટે જે પ્રોત્સાહિત કર્યો તે બદલ હુ તેમનો આભારી અને ૠણી છુ.

આ અહેવાલ સમયમર્યાદામા આપવાનો હોવાથી બહુ ઊડાણથી ક્ષેત્રકાર્ય થઇ શક્યુ નથી. આમ છતા તેમને સારો અને અર્થપૂર્ણ કરવાનો પ્રયાસ થયો છે, તેમ છતા કાઇ ખામી જણાય તો તે માટે ક્ષમાયાચના કરુ છુ.

મને આશા, વિશ્વાસ અને શ્રધ્ધા છે કે આ અભ્યાસ સરકારશ્રી સમાજ માનવશાસ્ત્રીઓ, સશોધકો અને સામાજિક કાર્યકરોને રૂચિકર લાગશે અને પાછળ રહી ગયેલ પારધી આદિવાસીના વિકાસ માટે કઇક માર્ગદર્શક રૂપ બનશે.

— ચદ્રકાન્ત ઉપાધ્યાય

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | શિર્ષક | પાન નંબર |
|---|---|---|---|
| ૦૧ | | પ્રાસ્તાવિક | |
| ૦૨ | ૧ | પ્રદેશ પરિચય, વસતિ અને વિસ્તાર | ૧ થી ૧૦ |
| ૦૩ | ૨ | ભૌતિક જીવન | ૧૧ થી ૨૦ |
| ૦૪ | ૩ | આર્થિક જીવન અને અર્થવ્યવસ્થા | ૨૧ થી ૩૨ |
| ૦૫ | ૪ | સામાજિક સરચના અને સગઠન | ૩૩ થી ૪૬ |
| ૦૬ | ૫ | સામાજિક રીતરિવાજ | ૪૭ થી ૬૨ |
| ૦૭ | ૬ | ધાર્મિક જીવન | ૬૩ થી ૭૦ |
| ૦૮ | ૭ | ઉપસંહાર અને વિકાસનું આયોજન | ૭૧ થી ૮૦ |
| | | સંદર્ભસૂચિ | |
| | | પરિશિષ્ટ-૧ | |
| | | સાંસ્કૃતિક મુલાકાત માટેની માર્ગદર્શિકા | |

## કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | કોઠા નં. | વિગત | પાન નંબર |
| --- | --- | --- | --- |
| ૦૧ | ૧ | કચ્છ જિલ્લામાં પારધી જાતિની તાલુકાવાર વસતિ (૧૯૭૧) | ૪ |
| ૦૨ | ૨ | કચ્છ જિલ્લાના પારધીઓની ગામવાર કુટુંબ સંખ્યા (અંદાજીત) | ૫ અને ૬ |

## પ્રકરણ : ૧:

### પ્રદેશ પરિચય, વસતિ અને વિસ્તાર

અગાઉ આ પ્રદેશને જાદવોના સમયે ભોજકર અને ઇ.સ. ની શરૂઆતે અનુપદેશ કે આનર્તદેશ તરીકે પણ વર્ણવેલ છે. કચ્છ એ ભારતના હિંદી મહાસાગરને ઉગમણે કિનારે, સિંધ અને કાઠીયાવાડની વચ્ચે ઉત્તર અક્ષાંશ ૨૨° - ૪૬° તથા ૨૪° - ૧૬° અને પૂર્વ રેખાંશ ૬૮° - ૩૧° તથા ૭૫° - ૫° ની અંદર આવેલો છે. તેના પૂર્વ, ઉત્તર અને અગ્નિકોણમા કચ્છનુ રણ આવેલ છે. દક્ષિણ અને નૈઋત્વકોણમા હિંદી મહાસાગર અને પશ્ચિમ અને વાયવ્યકોણમા અરબી સમુદ્ર અને સિંધુ નદીની કોરી નામની શાખા આવે છે.

કચ્છની પૂર્વ - પશ્ચિમ લબાઇ આશરે ૨૭૨ કિ.મી. અને ઉત્તર - દક્ષિણ પહોળાઇ ૮૦ કિ.મી. છે. કચ્છમા રણ વિસ્તાર ૯૦૦૦ ચો.મા. અને બાકીનો વિસ્તાર ૬૫૦૦ ચો.મા. છે. એકદર વિસ્તાર ૧૫,૫૦૦ ચો.મા. થાય છે. જે આખા ગુજરાત રાજ્યમા મોખરે છે.[1] કચ્છ પ્રદેશમા દર કિ.મી.મા ૧૯ વ્યકિતઓનો સરેરાશ વસવાટ છે.

સાહિત્યમા કચ્છનો અર્થ છે પાણી અને કાદવવાળો પ્રદેશ. કચ્છનો એક અર્થ કાચબો છે, કચ્છ કાચબાની જેમ કેટલીયવાર સમુદ્રમા ગરક થઇ ગયુ છે. મહારાષ્ટ્રમા જેમ લાવારસના થરો અને ડુગરો છે તેવા કચ્છમા પણ દેખાય છે. તેમની આસપાસ કાપ, કાદવ, રેતી, ચૂનાના થરો અને ગોદતી અથવા થાપણ (જિપ્સમ) ના થરો છે. જેટલીવાર કચ્છ દરિયામાથી બહાર આવ્યુ તેટલીવાર તેની ઉપર જગલો ઉગી નીકળ્યા. જેટલીવાર કચ્છ સમુદ્રમા ગરક થયુ તેટલીવાર તે જગલો પર માટી, ચૂનો, કાદવ અને રેતીના થર બાઝી ગયા. કાળે કરીને એ જગલો દબાણ અને ગરમીથી કાચા ખનીજ કોલસા (લિગ્નાઇટ) મા ફેરવાઇ ગયા છે. એ થરો પરથી એક એવુ અનુમાન થાય છે કે કચ્છ પાચ કે છ વાર સમુદ્રમા ડુબી ગયુ હશે.

---

૧ કચ્છ દર્શન, શંભુદાન ગઢવી - ૧૯૭૮

ભારત સ્વતંત્ર થયું, એક પછી એક રજવાડા ભારત સંઘ સાથે ભળવા લાગ્યા, કચ્છ પણ નાનું સરખું રજવાડું હતું. તે કોઇપણ આનાકાની કર્યા વગર ભારત સંઘમાં સામેલ થયું અને તેને "ક" વર્ગના રાજ્ય તરીકે સ્થાન મળ્યું. પાછળથી દ્વિભાષી રાજ્ય વખતે તેને એક જિલ્લાનું સ્થાન મળ્યું. આઝાદી બાદ તેનો ઝડપી વિકાસ કરવામાં આવ્યો.

કચ્છની પ્રજા પચરંગી છે. જુદા જુદા સમયે પ્રજાએ આવીને કચ્છમાં વસવાટ કર્યો છે. પણ કચ્છની મૂળ વતની કોઇ પ્રજા નથી. કચ્છમાં અવાર-નવાર દુષ્કાળ પડવાને લીધે વસતિની બાબતમાં ભરતી - ઓટ આવે છે.[2]

<u>વરસાદ અને આબોહવા</u> :

કચ્છમાં વરસાદ અતિ ઓછો, આખા વર્ષમાં સરેરાશ ૧૩" થી ૧૪" જેટલો વરસાદ પડે છે. વર્ષાઋતુમાં વરસાદનું પ્રમાણ અનિયમિત છે. નૈઋત્યના વર્ષા પ્રવાહમાં ઉત્તર છેડા પર કચ્છ આવેલું હોવાથી વરસાદ અહીં માત્ર ઝાપટા રૂપે જ વરસે છે.

કચ્છની આબોહવા ખૂબજ ખુશનુમા છે. ઉનાળામાં ઉષ્ણતામાન સામાન્ય રહે છે. ગરમ ઋતુમાં રાત્રિ ખુશનુમા રહે છે. વધુમાં વધુ દૈનિક સરેરાશ ઉષ્ણતામાન ૩૯.૮° સેન્ટીગ્રેડ અને ઓછામાં ઓછુ દૈનિક સરેરાશ ઉષ્ણતામાન ૭.૯૦° સેન્ટીગ્રેડ છે. આથી કચ્છની આબોહવાને ધ્યાનમાં લઇ કોઇ કવિએ ગાયું છે કે "શિયાળે સોરઠ-ભલો, ઉનાળે ગુજરાત, ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ."

આમ બારે માસ કચ્છની આબોહવા આરોગ્યદાયી રહે છે.

<u>વસતિ</u> :

૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ભારતમાં અનુસૂચિત જનજાતિઓની વસતિ ૩,૮૦,૧૫,૧૬૨ હતી. જે ભારતની કુલ વસતિના ૬.૯૩ ટકા થાય છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે

---

૨ ખડીર મહાલના આદિવાસીઓની સામાજિક તપાસ, ચાવડા શામજીભાઇ - ૧૯૬૭ (નં. ૫૫૦)

ગુજરાતમાં આદિવાસીઓની વસતિ ૩૭,૩૪,૪૨૨ થાય છે, જે કુલ વસતિના ૧૪ ટકા છે. જ્યારે ૧૯૮૧ ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં આદિવાસીઓની વસતિ ૪૮,૪૮,૫૮૬ છે. જે કુલ વસતિના ૧૪.૨૨ ટકા છે. આમ દાયકા દરમિયાન ગુજરાતની આદિવાસી વસતિમાં ૨૯.૮૩ ટકાનો વધારો થયો જે વાર્ષિક વધારો ૨.૯૮ થાય છે.

દેશમાં ગુજરાત આદિવાસી વસતિમાં ચોથુ સ્થાન ધરાવતો પ્રદેશ છે. દેશમાંનો દર દસમો આદિવાસી ગુજરાતમાં વસે છે અને દર સાતમો ગુજરાતી આદિવાસી છે. ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની વસતિ રાષ્ટ્રની સરાસરી કરતાં બમણી છે. ગુજરાત માટે આદિવાસીઓ ઘણો જ મહત્વનો સમૂહ છે તેમ કહેવામાં કોઇ અતિશયોક્તિ નથી.

ગુજરાતમાં જુદી જુદી ૨૮ જેટલી આદિવાસી જાતિઓ વસવાટ કરે છે. તેઓની મુખ્યત્વે વસતિ સુરત, ભરૂચ, વડોદરા, વલસાડ, ડાંગ, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠામાં છે. આ ઉપરાંત અન્ય જિલ્લામાં પણ આદિવાસીઓ વત્તા-ઓછા પ્રમાણમાં વસે છે. ગુજરાતમાં જે આદિવાસીઓ વસે છે તેમાં અમુકની સંખ્યા ત્રણ-ચાર લાખ કે તેથી વધુ થાય છે. જ્યારે કેટલીક આદિવાસી જાતિઓની સંખ્યા ઓછી છે. આમાં પારધી જાતિની વસતિ ૧૯૭૧ પ્રમાણે ૨૮૦૬ છે. જે કુલ આદિવાસી વસતિમાં ૦.૦૭ ટકા છે.

## વસવાટ :

પારધી જાતિ ગુજરાતમાં ઘણાં સ્થળોએ જોવા મળે છે. પરંતુ તેઓની મુખ્યત્વે વસતિ કચ્છ જિલ્લામાં છે. આ અહેવાલ પણ કચ્છ પ્રદેશના પારધીને કેન્દ્રમાં રાખી લખવામાં આવ્યો છે. કચ્છ જિલ્લામાં પારધીની વસતિ આઠ તાલુકામાં છે. જે કોઠા - ૧ માં છે.

## કોઠા નં. ૧

### કચ્છ જિલ્લામાં પારધી જાતિની તાલુકાવાર વસતિ (૧૯૭૧)

| ક્રમ | તાલુકો | વસતિ | ટકા |
|---|---|---|---|
| (૧) | માંડવી | ૬૯૮ | ૨૪.૯ |
| (૨) | અંજાર | ૫૪૮ | ૧૯.૫ |
| (૩) | ભૂજ | ૪૭૫ | ૧૬.૯ |
| (૪) | નખત્રાણા | ૩૯૪ | ૧૪.૦ |
| (૫) | મુન્દ્રા | ૩૩૯ | ૧૨.૧ |
| (૬) | અબડાસા | ૨૯૭ | ૧૦.૬ |
| (૭) | લખપત | ૫૦ | ૧.૮ |
| (૮) | ભચાઉ | ૫ | ૦.૨ |
| | કુલ ..... | ૨૮૦૬ | ૧૦૦.૦૦ |

આમ ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ કચ્છમાં પારધી જાતિની વસતિ ૨૮૦૬ થાય છે. પરંતુ હું જ્યારે આ લોકોની મુલાકાતે ગયો ત્યારે તેઓએ ગામવાર જે કુટુંબની માહિતી આપી તેના પરથી એવું લાગે છે આ વસતિ ગણતરી કરવામાં કંઇક કચાશ રહેતી હશે અથવા તો ગણતરીના સમયે પારધી કુટુંબો બહાર મજૂરી પર ગયા હોય અને તેનો સમાવેશ ન કર્યો હોય. એક મત એવો પણ જાણવા મળ્યો કે ઘણા અન્ય જાતિના કુટુંબો આદિવાસીને મળતા લાભો લેવા માટે પોતાની જાતિને પારધી તરીકે ઓળખાવા માંડી છે. મારા ક્ષેત્રકાર્ય દરમિયાન મને બે-ત્રણ આગેવાનોએ ગામવાર કુટુંબ સંખ્યા જણાવી છે જે કોઠા નં. ૨ માં છે.

## કોઠા નં. ૨

### કચ્છ જિલ્લાના પારઘીઓની ગામવાર કુટુંબ સંખ્યા (અંદાજીત)

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | અંદાજીત કુટુંબ સંખ્યા |
|---|---|---|---|
| ૦૧ | ભૂજ | ભૂજ | ૨૦૦ |
| ૦૨ | " | માઘાપુર | ૩૦ |
| ૦૩ | " | સુખપુર | ૧૫ |
| ૦૪ | " | નીરોણા | ૧૦ |
| ૦૫ | " | માનકુવા | ૫ |
| ૦૬ | " | કેરા | ૧૫ |
| ૦૭ | " | દહીસરા | ૫ |
| ૦૮ | અંજાર | અંજાર | ૧૦૦ |
| ૦૯ | " | ખેડોઇ | ૮૦ |
| ૧૦ | " | નાગલપુર | ૫ |
| ૧૧ | " | સીનુગ્રા | ૫ |
| ૧૨ | " | વીડી | ૭ |
| ૧૩ | " | વરસામડી | ૧૦ |
| ૧૪ | " | આદીપુર | ૧ |
| ૧૫ | માડવી | માડવી | ૨૦૦ |
| ૧૬ | " | મસકા | ૧૦ |
| ૧૭ | " | નવાવાસ | ૫ |
| ૧૮ | " | લાઇજા | ૫ |
| ૧૯ | " | કોટડી | ૧૦ |
| ૨૦ | " | હાલાપુર | ૫ |
| ૨૧ | " | બીદરા | ૨ |
| ૨૨ | મુન્દ્રા | મુન્દ્રા | ૪ |
| ૨૩ | " | પતરી | ૧૦ |
| ૨૪ | " | હમીરામોરા | ૧૦ |
| ૨૫ | " | વડાલા | ૨૦ |

ચાલુ ...

કોઠા નં. ૨ ચાલુ ...

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૨૬ | મુન્દ્રા | ભોરારા | ૫ |
| ૨૭ | " | ભુજપુર | ૫ |
| ૨૮ | " | દેસલપુર | ૫ |
| ૨૯ | " | સમાઘોઘા | ૮ |
| ૩૦ | અબડાસા | કોઠારા | ૫૦ |
| ૩૧ | " | વીંજણ | ૧૦ |
| ૩૨ | " | નલીયા | ૫૦ |
| ૩૩ | " | બરન્દા | ૬ |
| ૩૪ | " | વાયોર | ૨૦ |
| ૩૫ | " | મોથારા | ૧૪ |
| ૩૬ | " | નરેડી | ૭ |
| ૩૭ | નખત્રાણા | નખત્રાણા | ૫૫ |
| ૩૮ | " | દેસલપર | ૨૫ |
| ૩૯ | " | મુળુ | ૧૦ |
| ૪૦ | " | અમારા | ૭ |
| | કુલ ... | | ૧૦૪૬ |

ઉપરોકત ગામવાર કુટુંબ સંખ્યા ૧૦૪૬ થાય છે. લખપત અને ભચાઉ તાલુકાના ગામોની કુટુંબ સંખ્યા જાણી શકાઇ નથી. ઉપરાંત અમુક ગામોમાં વસતા કુટુંબો ધ્યાન બહાર રહેલા હોય તેવું પણ બને. હવે કુટુંબદીઠ સરેરાશ પાંચ વ્યકિતઓની ગણતરી કરીએ તો ઉપર દર્શાવેલ ૧૦૪૬ કુટુંબની સંખ્યા પર૩૦ થાય છે. જે ૧૯૭૧ ના આંકડા કરતાં બમણી થવા જાય છે. એનો અર્થ એ કે વસતિ ગણતરીના આંકડા મેળવવામાં કંઇક ઉણપ હશે.

એક અન્ય બાબત એ પણ ધ્યાન પર આવી કે ધીમે ધીમે આ લોકો ગામડામાંથી શહેર તરફ જવા લાગ્યા છે. મતલબ કે સ્થળાંતર વૃત્તિ વધી છે. તેનું કારણ એ પણ હોઇ શકે કે ખેતીમાં ભરણ-પોષણ

ન થવાથી શહેરમા કોઇપણ કામ શોધી લે અને કુટુંબના અન્ય સભ્યો પણ કામ કરે કે જેથી આર્થિક રીતે મુશ્કેલી ન પડે.

## ઉત્પત્તિ અને ઇતિહાસ :

"પારધી" એ શબ્દ કયાથી આવ્યો હશે અથવા તો આ નામ કેમ પડયુ તેને વિષેની માહિતી તેમજ આ જાતિ કયાથી આવી તે વિષે પારધી લોકો કશી માહિતી આપવા શક્તિમાન નથી. આગળના લેખકોએ જે માહિતી આપી છે તેમા ઘણા મતમતાંતર છે. સેન્સસ રેપોર્ટ ઓફ બરોડા - ૧૯૧૧ મા દર્શાવ્યા મુજબ " રાવળીયા જેવા તેઓ કોઇ એક કુળમાથી ઉતરી આવ્યા હોય તેવુ નથી. તેઓ જુદા જુદા કુળમાથી ઉતરી આવેલાનો સમુદાય છે. ભિન્ન સાંપ્રદાયિક જીવન જીવતી અલગ જાતિ ઉભી રહી છે.[૩]

પારધી અને જોગી પૂર્વ રાજસ્થાનના ઉદેપુર - જોધપુરથી આવ્યા હોવાનો દાવો કરે છે. આ જાતિ અને ભીલોમા ઘણુ સામ્ય છે. એટલે એક જ કોમ હોઇ ધંધાને કારણે જુદા નામોથી ઓળખાતી હોય એવુ અનુમાન થઇ શકે છે. તેઓની મૂળ જાતિ ઘરીઆ - મરકત છે.[૪]

ઉપરોકત મતને પુષ્ટિ આપતા તેઓએ જણાવ્યુ છે કે ભીલ મૂળે શિકારી હતા, ધીમે ધીમે ગોપાલન, પશુપાલન તરફ વળયા, પરંતુ જે ભીલો ગરીબાઇને કારણે શિકાર કરીને પેટ ભરતા હતા તેઓ ભીલમાથી પારધી કહેવાયા. માતા ભક્તિને કારણે માતાના ડાકલા વગાડવા, ધૂણવુ વગેરે ધંધાને કારણે જોગી કહેવાયા.

ગુજરાતના આદિવાસીઓએ પુસ્તકમા જણાવેલ છે કે " આ જાતિ અનેક જાતિઓના જાત બહાર મૂકાયેલા લોકોની

---

૩ સેન્સસ રિપોર્ટ ઓફ બરોડા સ્ટેટ - ૧૯૧૧ પાન નં.૨૯૬

૪ કચ્છના આદિવાસીઓ : તરલાબેન જી. ધોળકીયા (નં.૬૩)

બનેલી છે. તેથી તેમા અનેક જાતિઓના લોકો મળી આવે છે. મૂળ રાજપૂત, વાઘરી, કોળી વગેરે જ્ઞાતિઓના લોકો પણ તેમનામા અત્યારે છે.[૫]

પારધી જાતિ અંગે સ્પષ્ટતા કરતા તેમા જણાવ્યુ છે કે "પારધ" એટલે શિકાર કરવો તે ઉપરથી "પારધી" તરીકે ઓળખાયા. તેમના નામ પ્રમાણે તેમનો મુખ્ય વ્યવસાય શિકારનો છે. તેમનામા કેટલાક ફણસે પારધી તરીકે ઓળખાય છે. તેનુ કારણ તે લોકો ફાસો (ફાણસો) નાખી શિકાર કરતા હોય છે. કેટલાક હરણ પારધી તરીકે ઓળખાય છે, કારણ કે તેઓ હરણનો શિકાર કરતા હોય છે. કેટલાક અડવી ચીચર તરીકે ઓળખાય છે. તેનુ કારણ ( અડવી = જગલ, ચીચર = ફરનાર) તેઓ જગલમા કાયમ ભટકતા હોય તે છે.

ધી ટ્રાઇબ્સ ઓફ કચ્છમા પારધી જાતિ અંગે જણાવ્યુ છે કે " તેઓ શિકાર કરતા હતા, ઉચ્ચ જ્ઞાતિના તેને ગુનો ગણતા, આથી તેઓને " અપરાધી" કહેતા અને તે અપરાધીમાથી "પારાધી" કહેવાયા. અને"પારાધી"માથી પારધી કહેવાયા.[૬]

આમ ઉપરોકત જુદા જુદા મતવ્યો પારધી જાતિના ઇતિહાસ અને ઉત્પત્તિ વિષે જાણવા મળે છે.

એક બાબતની સ્પષ્ટતા એ પણ કરવી જોઇએ કે કચ્છ જિલ્લામા આ લોકોને "પારધી" તરીકે નહિ, પરતુ "પારાધી" તરીકે જ ઓળખે છે. પારધી લોકો પોતે પણ પારધી તરીકે નહિ પરતુ પોતાને "પારાધી" તરીકે ઓળખાવે છે. તેમને પારધી નામથી ચીડ ચડે છે તેવુ તેમની સાથેની વાતચીત દરમિયાન સ્પષ્ટ રીતે તરી આવ્યુ.

---

૫ ગુજરાતના આદિવાસીઓ : વિમલ શાહ - ૧૯૬૧ પા.નં.૩૭

૬ ધી ટ્રાઇબ ઓફ કચ્છ : એસ. એસ. સોલકી
ટ્રાઇબલ રીસર્ચ એન્ડ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટ્યૂટ,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

તેઓ પાસેથી તેમની જાતિ બાબતે એવું જાણવા મળ્યું કે મૂળ અમે રજપૂત જાતિના છીએ. કાળક્રમે ધંધા અનુસાર જુદા જુદા નામ પડ્યા, હાલ તેઓની છ પેટા જાતિ તેઓ જણાવે છે.
(૧) પારાધી (૨) જોગી (૩) જાગરીયા (૪) વાદી
(૫) ભીલ (૬) રાવળ. આમાં તેઓ રાવળ સિવાય બધા સાથે રોટી-બેટી વ્યવહાર રાખે છે. જે લોકો શિકાર કરતા તે પારાધી કહેવાયા, ડાકલા-વગાડવા, ધૂણવું વગેરે કામ કરતા તે જોગી કહેવાયા. રખવાળા કરતા તે જાગરીયા કહેવાયા અને સર્પ પકડતા તે વાદી કહેવાયા. આમ આ જુદા જુદા નામ એ લોકોએ પાડયા છે.

બાકી ભીલ, જોગી અને પારાધીની રહેણી-કરણી, રીતરિવાજ તો સમાન છે જ, પરંતુ તેઓનો પરસ્પરનો રોટી-બેટીનો સબંધ, તેઓની જ્ઞાતિ પંચાયત પણ એક જ છે. વાગડમાં વસતા આદિવાસીઓ ભીલ રહ્યા, જ્યારે અંજાર, માંડવી, મુન્દ્રા તાલુકામાં કચ્છ ભણી પગલાં માંડનાર પારાધી - જોગી કહેવાયા. ટૂંકમાં એમની ઉત્પત્તિ અંગે એવું કહી શકાય કે તેઓ ભીલમાંથી છૂટો પડેલો એક સમૂહ હશે, કારણ કે હાલ તેઓ વચ્ચે ઘણું સામ્ય છે. તેઓ વચ્ચે રોટી-બેટી વ્યવહાર પણ છે અને તેમની જાતિ પંચાયત પણ એકજ છે.

<u>પૂર્વમાં થયેલા અધ્યયનો :</u>

પારધી જાતિના સમગ્ર જૂથને તેમજ તેમના જીવનના જુદા જુદા પાસાંને ધ્યાનમાં લઇ કોઇ કામ થયું નથી, તેમજ કોઇ લેખિત માહિતી નથી. જે ત્રુટક - ત્રુટક રીતે માહિતી મળી છે તે આ પ્રમાણે છે.

(૧) સેન્સસ રિપોર્ટ ઓફ બરોડા સ્ટેટ - ૧૯૧૧ (પે.નં. ૨૯૬) જેમાં આ જાતિ કોઇ એક કુળમાંથી નહિ, પરંતુ જુદા જુદા કુળમાંથી ઉતરી આવ્યા હોય તેનો સમુદાય છે તેવી નોંધ કરી છે.

(૨) ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી ચાવડા શામજી હભુજીએ ૧૯૬૭ માં ખડીર મહાલના આદિવાસીઓની સામાજિક તપાસ એ શિર્ષક નીચે સ્નાતક કક્ષાએ નિબંધ લખેલ- જેમાં એક વિસ્તારની માહિતી વધુ છે, પરંતુ જાતિ વિષે લખાણ કે માહિતી નથી.

(૩) ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીની ધોળકીયા તરલાબહેને "કચ્છના આદિવાસીઓ" (વાગડ વિસ્તારને ધ્યાનમાં લઈ) ૧૯૭૩ માં સ્નાતક કક્ષાએ નિબંધ રજૂ કરેલ તેમાં કચ્છમાં જે અન્ય આદિવાસી જાતિઓ છે તે સમગ્રનું લખાણ છે. પારધી વિષે નાની સરખી નોંધ જ છે.

(૪) "ગૂજરાતના આદિવાસીઓ" તેમાં પારધી જાતિ વિષે બહુ નાની એવી નોંધ આપી છે.

(૫) ધ ટ્રાઇબ ઓફ કચ્છ ગૂજરાત વિદ્યાપીઠ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, તેમાં આ જૂથને કેન્દ્રમાં રાખી નોંધ લખેલ છે.

(૬) ગૂજરાત વિદ્યાપીઠ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રના નિયામકશ્રીએ પારધી જાતિની અવલોકન નોંધ અને તેમના વ્યવસાયને લગતી માહિતી એકઠી કરી છે જેની નોંધ ફાઇલ સ્વરૂપે છે.

0000000

## પ્રકરણ :૨:

### ભૌતિક સસ્કૃતિ

"સમાજની સસ્કૃતિનો આધાર તે સમાજની અર્થવ્યવસ્થા પર અવલબે છે." તેવુ એક વિદ્વાને કહ્યુ તે ઘણુ જ ઉચિત લાગે છે. પારધી જાતિની અર્થવ્યવસ્થાને કે તેના આર્થિક માળખાને સમજવા માટે પણ તેની ભૌતિક સસ્કૃતિ કે ભૌતિક જીવનને જાણવુ જેટલુ જરૂરી અને ઉપયોગી છે તેટલુ જ અનિવાર્ય પણ છે. મારા ક્ષેત્રકાર્ય દરમિયાન મને એ પ્રથમ નજરે તરી આવ્યુ કે પારધી જાતિના મોટાભાગના કુટુબો પાસે આજે પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓનો જ અભાવ જોવા મળે છે. તેમની પાસે પ્રાથમિક જીવન જરૂરિયાતની વસ્તુઓ છે તે પણ ઘણી અલ્પ પ્રમાણમા છે જેને જોતા જ આપણને તેની આર્થિક સ્થિતિનો ખ્યાલ આવી જાય છે.

ગુજરાતમા પારધી જાતિઓની વસતિ ઘણી જગ્યાએ વસવાટ કરે છે, પરતુ મે આગળ જણાવ્યુ તેમ આ અહેવાલમા ફકત કચ્છના પારધીઓનો જ સમાવેશ કર્યો છે. કચ્છ જિલ્લામા આ જાતિના જ્યા વધારે કુટુબો વસે છે તેવા ભૂજ, અજાર અને ખેડોઇ ( તા. અજાર ) ની મુલાકાત લીધી છે. ત્રણે જગ્યાએ મળી કુલ ૩૭૫ જેટલા પારધી કુટુબનો સ્થાયી વસવાટ છે.

પારધી જાતિના કુટુબો કચ્છમા સ્થાયી વસવાટ કરે છે. કચ્છ જિલ્લાના ઘણા ગામડા અને શહેરોમા તેમનો વસવાટ છે. મે પસદ કરેલ સ્થળોમા તેઓ ખેડોઇ અને અજારમા એક મહોલ્લામા વસવાટ કરે છે. જ્યારે ભૂજ શહેરમા તેઓનો વસવાટ જુદા જુદા ત્રણથી ચાર મહોલ્લામા છે. તેઓની મુલાકાત દરમિયાન એવુ જોવા મળ્યુ કે આશરે ૨૦ થી ૨૫ કુટુબો પાસે રહેવા માટે યોગ્ય મકાનની વ્યવસ્થા છે. ઘણા કુટુબો ભાડાના મકાનમા રહેતા હોય તેવુ પણ જોવા મળ્યુ. આ જાતિના કુટુબો સાથે અન્ય જાતિના કુટુબોનો પણ વસવાટ છે. જેમકે મુસ્લિમ, વાઘરી, કોળી, હરિજન વગેરે જાતિના સભ્યોનો વસવાટ છે. ઉપરોકત સ્થળોએ

વસવાટ કરતા પારધી જાતિના મકાન છૂટાછવાયા છે. ફકત ભૂજમા અમુક મકાનો લગોલગ જોવા મળે છે. પરતુ એક બાબત એ તો જોવા મળી કે જ્યા જ્યા તેમનો વસવાટ છે ત્યા તેઓના કુટુબો સાથે જ હોય છે. એક કુટુબ એક મહોલ્લામા અને બીજુ કુટુબ બીજા મહોલ્લામા હોય તેવુ કથાય પણ જોવા મળતુ નથી.

## મહોલ્લાની સરચના :

ક્ષેત્રકાર્ય દરમિયાન કચ્છ જિલ્લાના ભૂજ, અજાર અને ખેડોઇ ગામનો અભ્યાસ કરવામા આવ્યો છે. ભૂજમા આ લોકોનો વસવાટ સરપટવાળા નાકે અને વાણીયાવાડના નાકે છે, બન્ને જગ્યાએ મળી આશરે ૨૦૦ કુટુબો રહે છે. અજારમા જેસલતોરલની સમાધિ પાછળ, જોગીવાસમા આશરે ૧૦૦ કુટુબોનો વસવાટ છે. જ્યારે ખેડોઇ ગામમા તેમનો વસવાટ ગામને છેવાડે છે કે જ્યા ૮૦ કુટુબો રહે છે.

પારધી જાતિના મહોલ્લામા પ્રવેશવા કોઇ નિશ્ચિત પ્રવેશ દ્વાર નથી. જેમને જ્યા યોગ્ય લાગે ત્યા પોતાની રીતે ~~શેરી~~ રસ્તો બનાવી લે છે.

અજાર અને ભૂજ શહેરી વિસ્તાર હોવા છતા ૨૦ થી ૨૫ કુટુબોને ત્યા લાઇટની સગવડતા છે. જ્યારે ખેડોઇમા ત્રણથી ચાર કુટુબને ત્યા જ લાઇટ છે. આ જાતિના મહોલ્લામા લાઇટના થાભલા નાખ્યા છે, પરતુ તે પૂરતા નથી.. વળી જે થાભલા છે તેમાથી અમુક થાભલામા ગોળા કે ટયુબ નથી એટલે કે લાઇટના થાભલા માત્ર શોભાના પુતળા જેવા દેખાય છે. આ ઉપરાત પારધી કુટુબો જેમ અલગ વસતા જાય છે ત્યા પણ લાઇટની સુવિધા ન હોય તેવુ જોવામા આવ્યુ. મહોલ્લામા વચ્ચે વચ્ચે વૃક્ષો અને તેમના દેવ-દેવીના મદિરો દૃષ્ટિપાત થાય છે.

પારધી જાતિના મહોલ્લાની આજુબાજુ શૌચાદિ ક્રિયા માટે કોઇ સારી વ્યવસ્થા ન હોવાથી તેમને ઘણી આપદા ભોગવવી પડે છે. મોટા માણસો તો દૂર જાય છે, પરતુ નાના બાળકો તો જ્યા યોગ્ય લાગે ત્યા બેસી જાય છે. જેને કારણે આજુબાજુના રસ્તાઓ, ગલીઓ કે જે કાઇ ખુલ્લી જગ્યા હોય તે ગદકીથી ખદબદી ઉઠે છે. તેમા સ્ત્રીઓને તો શરમ છોડીને હાજતે જવુ પડે છે. બજાર અને બેડોઇમા તો ગામનુ કે આજુબાજુના વિસ્તારનુ ગદુ પાણી પણ પારધી જાતિના મહોલ્લા પાસે જ આવે છે. ત્યાથી આગળ પાણીના નિકાલની કોઇ વ્યવસ્થા નથી. તેમા બજારમા તો પારધી જાતિના મહોલ્લામા જે ગદકી છે તેને જોતા વાસ્તવિક નરકના જ દર્શન થાય છે. જ્યા તેઓને રહેવુ - ખાવુ વગેરે કામ કરવુ પડે છે. આ બાબત વૃધ્ધ લોકો તો ચલાવી લે છે; પરતુ નવયુવાનોને આ બહુ ખૂચે છે જે તેઓની સાથેની વાતચીત દરમ્યાન જાણી શકાયુ.

ટૂકમા તેમના મહોલ્લા ગામને છેવાડે અને નિચાણવાળા ભાગમા હોવાથી ગદકીનો ઉપદ્રવ વધારે રહે છે. મહોલ્લામા પણ પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી ગદકીમા ઓર ઉમેરો થાય છે. જેની અસર તેમના આરોગ્ય ઉપર પણ થાય છે.

<u>ઘર</u> :

પારધી જાતિના મકાનો સપાટ જમીન ઉપર બાધેલા છે. તેઓના મકાન એક સાથે એટલે કે એક ફળિયામા હોય તેવુ વધારે જોવામા આવે છે. તેઓ પોતાના મકાનને ભૂગા તરીકે ઓળખાવે છે.

દરેકના ભૂગા સ્વતંત્ર હોય છે, એની ચારેબાજુ થોડી થોડી ખુલ્લી જગ્યા હોય છે. આ ભૂગાની દિવાલો માટીની છે. ભૂગાનો આકાર ગોળ હોય છે. જે લગભગ ૧૦ થી ૧૨ ફૂટની પહોળાઇમા હોય છે. નીચેથી પહોળુ અને ઉપર જતા સાકડુ છે. જેને શકુ આકારનુ કહી શકાય. તેની ઉંચાઇ ૬ થી ૭ ફૂટ છે. ભૂગા પરના છાજ માટે ખડનો ઉપયોગ કરે છે. જેને તેઓ "ખપ" તરીકે ઓળખાવે છે. આ ખપ નામના ઘાસનો છાજ તરીકે બધા જ ઉપયોગ કરે છે.

ઘરની બનાવટ માટે તેઓ કાચી ઈંટ અને માટીનો ઉપયોગ કરે છે. કાચી ઈંટ તેઓ જાતે બનાવે અથવા તો ખરીદી લાવે છે. જે કિંમતમા ઘણી સસ્તી હોય છે. માટી જાતે ખોદી લાવે છે. જ્યારે છાજ માટે બે ગાડી ઘાસ જોઈએ, જે તેઓને વેચાતુ ખરીદવુ પડે છે. સામાન્ય રીતે એક ગાડી ઘાસનો ભાવ રૂ.૫૦/- છે.

મારા અવલોકનના આધારે કહુ તો ત્રણે ગામોમાંથી પંદરથી વીસ કુટુંબને પાકા ઈંટની દિવાલના મકાનો છે કે જેની ઉપર છાજ તરીકે દેશી અથવા મેંગલોરી નળિયા કે પાકુ ધાબુ ભરેલ હોય, બાકીના પાસે તો કાચા ભૂંગા અને તેની ઉપર છાજ તરીકે ઘાસ જોવા મળે છે. ટૂકમા ભૌતિક વસવાટની ઢબમા પારધી સસ્કૃતિમા એકરૂપતા જણાતી નથી. જેની જેવી સ્થિતિ અને જે વસ્તુ સહેલાઈથી પ્રાપ્ય હોય તેનાથી મકાન બનાવી લે છે.

બીજી એક વસ્તુ એ પણ જોવા મળી કે મોટાભાગના કુટુંબો એક ખડનુ મકાન ધરાવે છે. મે જે આશરે ૭૫ કુટુંબો જોયા તેમાંથી પંદરેક કુટુંબો પાસે એક કરતા વધુ ખંડો હશે. પારધી કુટુંબોમા સરેરાશ લગભગ ૬ થી ૭ ની સભ્ય સખ્યા છે. ઘણી જગ્યાએ એક જ ભૂંગામા ૧૦ થી ૧૨ સભ્યો સાથે રહેતા હોય તેવુ પણ જોવામા આવ્યુ જેમા પરણિત પુત્ર પણ હોય. આથી એક બાબત તો સ્પષ્ટ બને છે કે પારધી લોકો ભૌતિક સકડાશ ભોગવી રહ્યા છે. એક નાના ભૂંગામા ભોજન બનાવવુ, ભોજન કરવુ, સૂવુ, પોતાના આર્થિક ઉપાર્જનની કાચી સામગ્રી તેમજ તૈયાર થયેલ વસ્તુઓ (ઈંઢોણી, સાવરણી, ફૂલદાની, કાગળના ફૂલના તોરણ વગેરે) દેવ-દેવીનુ સ્થાપન કરવુ, અન્ય સામાજિક - જૈવિક ક્રિયાઓ કરવી વગેરે કામ કરે છે. એક બાબત એ પણ જોવા મળી કે મોટાભાગના સભ્યો બહાર ખુલ્લામા સુએ છે.

આ ઉપરાંત આ લોકો શહેર કે ગામડામા રહે છે ત્યા કોઈપણ સ્થળે નહાવા માટે કોઈ ખાસ સગવડતા કે વ્યવસ્થા નથી. તેઓ મોટેભાગે ઘરના આગણામા નહાવાનુ પતાવે છે. સડાસ માટે

બહાર ખુલ્લામા જવુ પડે છે. જ્યારે પોતાના ઇલાકામા જ લાઇટ હોવા છતા ઘણા પારધી કુટુબો પોતાના મકાનમા લાઇટ મેળવી શકયા નથી. તેઓ લાઇટ માટેના નાણા ભરવા અશકિતમાન છે. આમ ઘરની પ્રાથમિક આવશ્યક માનવીય સગવડોનો અત્યત અભાવ દેખાય આવે છે.

ઘરવખરી :

પારધી કુટુબોમા ઘરવખરી બાબતે એવુ જોવા મળ્યુ કે, તેઓ પાસે પોતાની જરૂરિયાત પૂરતા પણ ઘરવખરીના સાધનો નથી. ઘરવખરીમા જે જોવા મળ્યુ તેમા વાસણોમા એલ્યુમિનિયમના વાસણો વધારે છે. કોઇને ત્યા પિત્તળના વાસણો જોવા મળે, એકાદ-બે ગોદડા, એકાદ ખાટલો, પાણી ભરવા માટે એક-બે માટીના માટલાછે, રાત્રે પ્રકાશ માટે કોઇને ત્યા કાચના શીશામાથી બનાવેલ દીવો, કોઇને ત્યા ચિમની કે ફાનસ, લાઇટ તો માત્ર એક - બે કુટુબને ત્યા જ અને ચા - પાણી માટે કાચની બે-ત્રણ રકાબી, આ છે તેમની ઘરવખરી. આ બધી જ વસ્તુઓ તેઓ નજીકના બજારમાથી ખરીદી લાવે છે. એટલુ તો સ્પષ્ટ છે કે પારધીઓ જીવન જરૂરિયાતની ઓછામા ઓછી વસ્તુઓથી ચલાવે છે.

તેમના ઘરમા કઇક આ પ્રમાણે જોવા મળ્યુ. એક ખૂણામા ચૂલો (માટીનો) બનાવેલ હોય છે. દિવાલ ઉપર લાકડાની અભેરાઇ ઉપર વપરાશમા લેવાતા એલ્યુમિનિયમના વાસણો હોય છે. અમુકને ત્યા પીવાના પાણી માટેનુ પાણિયારુ છે. બાકી તો પાણીનુ માટલુ નીચે જ હોય છે. કોઇની સ્થિતિ સારી હોય તો સામટુ અનાજ લાવે, બાકી તો સાત - આઠ દિવસનુ અનાજ ખરીદીને ખાય છે. ઘણા તો દરરોજનુ લઇને ખાય છે. જેઓ ગૃહઉદ્યોગ કરે છે તેઓની ચીજો પણ ઘરમા જ હોય છે.

મે જે ત્રણ ગામોની મુલાકાત લીધી તેમાથી પારધી કુટુબ પાસે ઘરવખરીના સાધનો કેટલા છે તે બે-ત્રણ કુટુબોની વ્યકિતગત ઘરવખરી ઉપરથી જોઇ શકાશે.

નારણ બાબુ સોઢા - ગામ : મજાર - ઘરના સભ્યો ૪ છે.

| | | |
|---|---|---|
| એલ્યુમિનિયમના વાસણો | ........... | ૧૦ |
| પિત્તળના | ........... | ૧૫ |
| સ્ટીલના | ........... | ૧૨ |
| ઘડિયાળ | ........... | ૧ |
| રેડિયો | ........... | ૧ |
| પલંગ | ........... | ૧ |
| લાકડાનો ઘોડો | ........... | ૧ |
| પતરાની બેગ | ........... | ૨ |
| સૂટકેશ | ........... | ૧ |

ઉપરોકત બાબતથી સ્પષ્ટ થશે કે તેઓ પાસે પૂરતા ઘરવખરીના સાધનો જ નથી તો પછી અન્ય મોજશોખની તો શુ વાત જ કરવી? તેઓ પાસે એલ્યુમિનિયમ અને માટીના વાસણોની સંખ્યા વિશેષ છે. પાથરવા માટે ગોદડા અને ખાટલાની સંખ્યા બહુ જૂજ છે.

આમ દૈનિક જરૂરિયાત માટેના વાસણોનુ પ્રમાણ છે, જયારે અન્ય સાધનો નહિવત છે. ઉપરની દરેક બાબત જોતા એ વસ્તુની પ્રતિતિ થશે કે આજે તેઓ જીવન જરૂરિયાતની વસ્તુઓ પણ વસાવી શકયા નથી.

<u>પહેરવેશ :</u>

પારઘી પુરૂષોમા બે-ત્રણ જાતનો પોષાક જોવા મળયો. બહુ મોટી ઉંમરના પુરૂષો લુંગી અને ખમીશ પહેરે છે. યુવાનો પેન્ટ-શર્ટ પહેરે છે, જયારે નાના બાળકો (૧૫ વર્ષ સુધીના) ચડ્ડી અને પહેરણ પહેરે છે. આમ તેઓના પહેરવેશ ઉપર કચ્છની અને મધ્યમ વર્ગના હિંદુઓની અસર જણાય છે. સ્ત્રીઓ ચણીયો-પોલકુ અને સાડી પહેરે છે. નાની બાળાઓ ફ્રોક પહેરે છે. ઘણા નાના બાળકો નગ્ન હાલતમા પણ ફરે છે.

આ પહેરવાના કપડા તેઓ બજારમાંથી ખરીદી લાવે છે. જેવી જેની સ્થિતિ તે પ્રમાણે કપડા રાખે છે. સામાન્ય રીતે દરેક પાસે એકાદ-બે જોડ કપડા હોય છે.

ઘરેણા - શણગાર :

સોના - ચાંદીના ઘરેણા આ જાતિમાં બહુ જોવા મળતા નથી. પારધી પુરૂષોમાં ઘરેણાનો શોખ જણાતો નથી, જ્યારે સ્ત્રીઓ પાસે થોડા ઘરેણા હોય છે. જે લગ્નમાં પિતા અને સસરા તરફથી મળે છે. સ્ત્રીઓ જે ઘરેણા પહેરે છે તેના નામ કંઈક આવા છે. કાનમાં ફુલ, નાકમાં ફુલ, માથામાં પાન, હાથમાં પાટલા-બંગડી, હાથની કોણી ઉપર પટ્ટી, આંગળીમાં વીંટી અને પગમાં સાંકળા. આ તેમના આભૂષણોના નામ છે. એક રીતે કહીએ તો આજે ઘરેણાના નામોમાં ગુજરાતીકરણ વધુ જોવા મળે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી સોના-ચાંદીના ઘરેણાનું પ્રમાણ ઓછું છે. ક્યારેક આર્થિક ભીંસમાં આવતા તે ઘરેણા પણ શાહુકાર-વેપારીને ત્યાં ચાલ્યા જાય છે.

ખોરાક :

આ જાતિ શાકાહારી તેમજ માંસાહારી છે. સામાન્ય રીતે અનાજમાં જુવાર અને બાજરીનો ઉપયોગ વધુ કરે છે. ઘઉં મોંઘા હોવાથી તેનો ઉપયોગ બહુ ઓછો કે નહિવત થાય છે. જુવાર કે બાજરીને પ્રથમ સૂપડાથી ઝાટકે, કાંકરા વીણી સાફ કરવામાં આવે છે. બાદમાં નજીકમાં આવેલ મીલમાં દળાવી લાવે છે. લોટને માટીની કથરોટમાં નાખી તેમાં થોડુ મીઠુ અને પાણી નાખી લોટ બાંધવામાં આવે છે. પછી ચૂલામાં છાણાં કે લાકડા નાખી કેરોસીન છાંટી, દિવાસળી સળગાવીને ચૂલો પ્રગટાવે છે. ચૂલા ઉપર માટીની તાવડી મૂકે છે, બાદ હાથેથી રોટલા ટીપીને તાવડીમાં શેકવા માટે નાખે છે. જો ઘઉંનો લોટ હોય તો પાટલી - વેલણથી બાંધેલ લોટને વણે છે.

શાકને ચપ્પાથી સુધારે છે. સળગાવેલા ચૂલા ઉપર તપેલી મૂકી તેમા થોડુ તેલ રેડવામા આવે છે ત્યારબાદ તેમા રાઇ-મેથી નાખી શાક વધારે છે. અને પછી તેમા જરૂરી મસાલા કરવામા આવે છે. શાકને ચડાવવા માટે તેમા પાણી નાખવામા આવે છે, જ્યારે શાક ચડી જાય ત્યારે ઉતારી લે છે.

ખીચડી માટે તેઓ પ્રથમ પાણી ગરમ કરે છે, ચોખા-મગની દાળને સાફ કરી તેને ભેગા કરવામા આવે છે. બાદમા તેને ગરમ પાણીમા નાખવામા આવે છે. તેમા મીઠુ નાખે છે, કોઇ વળી હળદળ પણ અંદર નાખે છે. પાણી બળી જાય અને ભાત-દાળના દાણા પોચા લાગે એટલે ખીચડી ચડી ગઇ છે તેમ માની ઉતારી લે છે. જ્યારે તેઓ દાળ-ભાતનો તો જવલ્લેજ ઉપયોગ કરે છે.

આ ઉપરોકત ખોરાકની જરૂરી વસ્તુઓ નજીકના બજારમાથી જરૂરિયાત મુજબ ખરીદી લાવે છે.

તેઓ એકાદ માસમા બે-ત્રણવાર માસ-મટન પણ લે છે. સામાન્ય રીતે તેઓ માછલી તેમજ બકરુ, હરણ અને તેતરનુ માસ ખાય છે.

વાર-તહેવારે તેઓ સગવડતા હોય તો મીઠાઇ ખરીદે છે. જેની સ્થિતિ સારી હોય તેઓ ઘેર લાપસી બનાવે છે. લગ્નમા પણ સામાન્ય સ્થિતિનો માણસ શીરો-દાળ-ભાત-શાક આપે છે, જ્યારે સુખી સપન માણસ લાડુ-દાળ-ભાત-શાક આપે છે.

તેમનો દરરોજનો ખોરાક આ પ્રમાણે હોય છે :

સવારે : રોટલા, ગોળ (મળે તો)

બપોર : બાજરા કે જુવારનો રોટલો અને શાક કોઇવાર કઢી કે દાળ બનાવે છે.

સાંજે : ખીચડી - શાક .

**પીણાં :**

પીણાંમાં ચાની ટેવ સ્ત્રી-પુરૂષ-બાળકો એમ બધાને નિયમિત છે. જ્યારે દારૂનું પ્રમાણ આ લોકોમાં સવિશેષ છે. તેઓના આગેવાનોએ જણાવ્યા અનુસાર પુરૂષોમાંથી લગભગ ૯૦ ટકા પુરૂષો દારૂ પીએ છે. સ્ત્રીઓમાં આ ટેવ નથી. સગાઇ અને લગ્નના પ્રસંગોએ દારૂનો ઉપયોગ વધારે થાય છે.

**મોજશોખની વસ્તુઓ :**

પારધી કુટુંબો પાસે જીવન જરૂરિયાતના સાધનો અલ્પ કે નહિવત છે. જ્યાં ઘણાં કુટુંબોને બે ટાઇમ પેટ પૂરતું ભોજન જ મળતું હોય ત્યાં મોજશોખની વસ્તુઓ કે સાધનો શું હોય? અમુક નોકરી કરતાં સભ્યો પાસે ઘડિયાળ છે કે જેને મોજશોખનું સાધન તો ન જ ગણી શકાય. પંદર - વીસ કુટુંબો રેડિયો ધરાવે છે. એક-બે કુટુંબને ત્યાં લોખંડનો કબાટ, પંખો વગેરે છે.

**ધંધાના સાધનો :**

પારધી જાતિનો વ્યવસાય મુખ્યત્વે ખેતીની મજૂરી કહી શકાય તેવો છે. આ ઉપરાંત ગૃહઉદ્યોગ તરીકે સાવરણી બનાવવી, ઇંઢોણી, સાદરી, જાકળી બનાવવી વગેરે કામ કરે છે. તેઓ સાવરણી ખજૂરના ઝાડમાંથી બનાવે છે કે જેને કાપવા માટે દાતરડાનો ઉપયોગ કરે છે. જ્યારે જાકળો બનાવવા તૈયાર વાંસ ખરીદે છે. તેમજ બારેકની ખેતી માટે દાતરડાનો ઉપયોગ કરે છે: આ રીતે તેઓ તેમના ધંધા માટે જરૂરી એવા નાના સાધનોનો ઉપયોગ કરે છે.

oooo ooo

## પ્રકરણ : ૩:

### આર્થિક જીવન અને અર્થવ્યવસ્થા

વ્યકિત અથવા કુટુબ પોતાની જીવનની જરૂરિયાતો સતોષવા કોઇપણ પ્રવૃત્તિનો સહારો લે છે. પછી તે આદિવાસી સમાજનો હોય કે સભ્ય સમાજનો, શહેરી કે ગ્રામીણ સમાજનો હોય, કે વિકસિત કે અલ્પવિકસિત સમાજનો હોય. સાથોસાથ કોઇપણ સમાજમા જીવન વ્યવહારના સમગ્ર પાસા પર ભૌગોલિક વાતાવરણની અસર પૂરેપૂરી વર્તાતી હોય છે. તેમાય પ્રાથમિક કક્ષાનુ જીવન જીવતી જાતિઓ પર ભૌગોલિક વાતાવરણની અસર વિશેષ પ્રમાણમા વર્તાય છે.

પારધી લોકો પાસે કોઇ એક વ્યવસાય નથી, જેવી જેની સ્થિતિ અને વાતાવરણ એ પ્રમાણે તેઓ વ્યવસાય કરે છે. મતલબ કે પોતાનુ ગુજરાન ચલાવવા કોઇપણ વ્યવસાય કરે છે.

પારધી જાતિમા વ્યવસાયમા ઘણી વિભિન્નતા જોવા મળે છે.

**આર્થિક રચના - વ્યવસાયો :**

(૧) ખેતી
(૨) આબા - ખારેકની વાડી રાખી ખેતી કરવી
(૩) દોરડા - સીંદરી બનાવવી
(૪) સૂપડા બનાવવા
(૫) સાવરણી બનાવવી
(૬) સુડલા તથા ગાડાનો જાકળો બનાવવો
(૭) મજૂરી
(૮) નોકરી
(૯) શિકાર
(૧૦) કાગળ અને કાપડમાથી ફૂલ બનાવવા
(૧૧) ડ્રાયવર - ક્લીનર
(૧૨) ઢોલ વગાડવાનુ કામ

(૧૩) ઈંઢોણી બનાવવી

(૧૪) ભીખ માગવી

(૧૫) ઊંટગાડી રાખી ધંધો કરવો .

(૧૬) જાગરીયાનુ કામ

પારધી જાતિમા હાલ ઉપર્યુકત જુદાજુદા વ્યવસાયો જોવા મળે છે. ક્ષેત્રકાર્યમા પેડોઇ, અંજાર અને ભૂજ એ ત્રણ ગામ પસંદ કરેલ, જેમા ઉપર્યુકત વ્યવસાયો કરતા કુટુંબો જેવા મળયા હતા. હવે આ બધા જ વ્યવસાયોને વિગતવાર તપાસીએ.

(૧) ખેતી :

પારધી જાતિ સ્પષ્ટ રીતે બે વિભાગમા વહેચાયેલી છે. શહેરી અને ગ્રામીણ. આમા જે લોકો ગામડામા રહે છે તેઓ ખેતી કરે છે. ૧૯૬૧ ના આકડા પ્રમાણે પારધી જાતિના ૧૨.૭૧ ટકા લોકો ખેતી કરે છે. પારધીઓની ખેતીનો મોટો આધાર ચોમાસા પર છે. કચ્છમા વરસાદ નિયમિત ન હોવાથી પાક પણ બરોબર લઇ શકાતો નથી. તેઓ મુખ્યત્વે જુવાર, બાજરી વાવે છે. વળી કોઇ કોઇ ખારેક, આંબા પણ વાવે છે. ઉનાળામા તેઓ ખેતરને ખેડી બરોબર કરે છે અને વરસાદ પડતા સુધીમા જમીનને વાવવા લાયક બનાવે છે. જો કે આ લોકો પાસે પૂરતા ખેતીના સાધનો ન હોવાથી, આધુનિક દવાઓનો નહિવત ઉપયોગ કરતા હોવાથી ઉત્પાદન બહુ લાવી શકતા નથી. વળી તેઓ પાસે સિંચાઇની કોઇ સગવડતા કે સાધન નથી આમ ખેતી માટેની જમીન હોવા છતા તેઓની આજીવિકા આ જમીનમાથી થઇ શકે તેમ નથી. ઘણીવાર તો એવુ પણ બને છે કે જેટલુ ધાન્ય વાવ્યુ હોય એ તેટલુ પણ થતુ નથી. આવી સ્થિતિમા અન્ય પ્રકારના જીવનનિર્વાહના સાધનો ઉપર આધાર રાખવો પડે છે.

(૨) આંબા - ખારેકની વાડી રાખી ખેતી કરવી :

ગ્રામ્ય વિસ્તારમા મોટાભાગની જમીન દરબાર કે પાટીદારની પાસે હોય છે. ત્યા પારધી લોકો મજૂરી કામે જાય છે. આવા પ્રકારની વાડીમા પારધીઓ બે રીતે કામ કરે છે (૧) મહિનાદારથી

(૨) વાડીમાં આવેલ ઝાડને ઉધડ (ઉધાર) લઇ લેવા. જો પહેલા પ્રકાર પ્રમાણે કામ કરે તો માલિક જે માસિક રકમ નક્કી કરેલ હોય તે આપે છે. જેમાં આશરે રૂ.૩૫૦/- થી રૂ. ૪૫૦/- સુધી પણ આપે છે. આમાં જે કાઇ ઉત્પાદન થાય તેમાં માલિકનો જ બધો હક્ક છે. જ્યારે બીજા પ્રકારની ખેતી એવી છે કે જે પારધીને ક્યારેક ઉંચે પણ લાવી દે છે. બીજા પ્રકારમાં પારધી લોકો વાડીમાં આવેલ ખારેક - આંબાના ઝાડ જુએ છે, તેની ઉપર આવેલ પાક જુએ છે અને તેનો અંદાજ કાઢી ઝાડ ઉધડ લઇ લે છે. ખેડોઇમાં ત્રણ-ચાર પારધી કુટુંબોએ ચાલીસ થી પચાસ હજારમાં દરબારો પાસેથી વાડી આ રીતે લીધેલ છે.

એમ કહેવાય છે કે પારધી લોકો આવી ખેતી કરવાના નિષ્ણાત છે. ખારેકની ઋતુ મુખ્યત્વે મે થી જુલાઇ સુધી હોય છે. તેના ઝાડ ઘણા ઉંચા હોય છે. વળી, તેની માવજત પણ વધુ કરવી પડે છે. જેમકે કાંટા કાઢવા, ફલીનીકરણ કરવું, પવનથી બચાવવા લુમને ઢાંકવી વગેરે કામ ઘણી મહેનત માગી લે છે. આવું કામ પારધી લોકો ઘણું સારી રીતે કરી આપે છે. સામાન્ય રીતે ખારેકના એક ઝાડ પરથી પાંચથી છ મણ સુધી ખારેક ઉતરે છે. હાલ ખારેકનો ભાવ રૂ.૧૦ થી ૨૫ સુધી મળે છે.

એજ રીતે આંબાની પણ વાડીઓ રાખે છે.

અમુક પારધી કુટુંબો આવી વાડીમાંથી સારું કમાયા છે અને તેઓની આર્થિક સ્થિતિમાં ઘણો જ સુધારો દેખાય આવે છે. એજ રીતે કુદરતી આપત્તિ જેવી કે વાવાઝોડું થવું કે વરસાદ આવે તો તેઓને નુકશાન પણ ઘણું થાય છે.

(૩) <u>દોરડા - સીંદરી બનાવવી</u> :

અમુક પારધી કુટુંબો દોરડા-સીંદરી બનાવવાનું કામ કરે છે. જેમાં તેઓ ખારેકના ઝાડની છાલમાંથી આવી વસ્તુઓ બનાવે છે. તેઓ ખારેકના ઝાડ પરથી છાલ કાઢી લાવે છે. પ્રથમ તેને જુદી

કરીને પાણીમાં પલાળવામાં આવે છે, પાણીમાં એકાદ દિવસ રાખ્યા બાદ કાઢીને બાદમાં તેને વણીને તેમાંથી દોરડા અને સાંદરી બનાવે છે. જે વેપારી કે ખેડૂતને વેચી દે છે.

(૪) સૂપડાં બનાવવાં :

સૂપડાં કઇ રીતે બનાવે છે તે અંગે એવું જાણવા મળ્યું કે તેઓ વાંસ બજારમાંથી ખરીદી લાવે છે, જેના એક નગના રૂા. ૫/-થી ૬ છે. ત્યારબાદ તેના ત્રણ-ચાર ફૂટના ટુકડા કરી અને તેમાંથી પટ્ટીઓ બનાવવામાં આવે છે. જેને પાણીમાં પલાળી રાખવામાં આવે છે. બાદમાં તેમાંથી સુપડાં વગેરે બનાવે છે. તેઓ એકાદ દિવસમાં આઠથી દસ સૂપડાં બનાવે છે. એક વાંસમાંથી આશરે ચારથી પાંચ સૂપડાં બને છે. એક સૂપડાની કિંમત રૂા. ૨ થી ૩ આવે છે. આમ આ ધંધામાં તેઓને ૫૦ ટકા જેવું મળી રહે છે.

(૫) સાવરણી બનાવવી :

સામાન્ય રીતે સ્ત્રીઓ આ કામ કરે છે. આ વસ્તુઓ તેઓ ખજૂરીના પાનમાંથી બનાવે છે. હાલ ૨૦ કિલો પાનની કિંમત રૂાં. ૨૫/- છે. ૨૦ કિલોમાંથી તેઓ આશરે ત્રીસેક સાવરણી બનાવે છે. જેનો ભાવ રૂા.૧-૫૦ થી ૨-૦૦ સુધી મળી રહે છે. એટલે કે તેને રૂા.૨૫/- ના રૂા.૪૫/- તો મળી જ રહે છે. તેઓના જણાવ્યા અનુસાર કુટુંબના ત્રણ-ચાર સભ્યો આખો દિવસ કામ કરે તો ૩૦ થી ૪૦ સાવરણી બની જાય છે. જો કે તેઓની એક ફરિયાદ છે કે તેમને કાચો માલ સમયસર જરૂરી પ્રમાણમાં મળતો નથી.

(૬) સુંડલા અને ગાડાનો જાકળો બનાવવો :

ઉપરોકત બન્ને વસ્તુઓ વાંસમાંથી બનાવવામાં આવે છે. સુંડલા માટે પટ્ટીઓ નાની કાપવામાં આવે છે. તેને પાણીમાં પલાળ્યા બાદ તેમાંથી સુંડલો બનાવવામાં આવે છે. એક વાંસમાંથી આશરે ૨ થી ૩ સુંડલા બને છે. જેની કિંમત રૂા. ૫ થી ૭ મળે છે. આ ઉપરાંત પારધી પુરૂષો ગાડા ઉપર રાખવા માટેનો જાકળો

ઘણો સારો અને જુદી જુદી ભાતો પાડી બનાવવાનુ કૌશલ્ય ધરાવે છે. આ જાકળો ખેડૂતો ગાડા ઉપર રાખે છે કે જેથી ગાડામા વધારે સામાન (અનાજ વગેરે) ભરે તો નીચે પડી ન જાય. આ ઉપરાંત જાકળાનો ઉપયોગ વરસાદની ઝાપટ રોકવા માટે ઘરની પછવાડે કે બન્ને બાજુ પણ રાખે છે. જાકળો કોઇપણ માપનો થઇ શકે. જેવી માગણી તે પ્રમાણે બનાવી આપે છે. સામાન્ય રીતે ગાડા ઉપર રાખવા માટેનો જાકળો નવ ગજ લાબા અને પોણો ગજ પહોળો હોય છે, જેની કિંમત રૂ.૨૦/- થાય. માહિતી-દાતાના જણાવ્યા અનુસાર આ ધંધામા રૂ.૫૦/- ખરીદી કરી હોય તો રૂ.૧૦૦/- મળી રહે છે. સામાન્ય રીતે એક જાકળો બનાવતા એકથી દોઢ દિવસ લાગે છે. એટલે કે તેઓને સરેરાશ રૂ.૧૦/- જેવુ મળે છે.

(૭) <u>મજૂરી</u> :

પારધી લોકો જુદી જુદી અનેક જાતની મજૂરી કરે છે, જેમકે ખેતમજૂરી, બાંધકામ મજૂરી, મીઠાના અગરમા મજૂરી કામ, હાથલારી ફેરવવી વગેરે. ટૂંકમા મજૂરીનુ જે કામ મળે તે કરી લે છે. મજૂરી કરવા માટે સ્ત્રી અને પુરૂષ બન્ને જતા હોય છે. પુરૂષોને ૮ થી ૧૦ રૂપિયા રોજ મળે છે. જ્યારે સ્ત્રીઓને ૬ થી ૮ મળે છે.

(૮) <u>નોકરી</u> :

નોકરી કરવાવાળાઓમા જેનો સમાવેશ કરવામા આવ્યો છે તેમા સરકારી ખાતામા નોકરી કરતા, મીલમા કામ કરતા, સરકારી વિભાગમા વાહન ચલાવતા, મીલ્ટ્રી વિભાગમા કામ કરતા, પટાવાળા તરીકે ફરજ બજાવતા, પોલીસ ખાતામા કામ કરતા વગેરે આમ પારધીઓમા હાલ વિવિધતા જોવા મળે છે. એક રીતે કહીએ તો તેઓ જીવનનિર્વાહ માટે જ્યા જે કામ મળે તે કરવા માટે જાય છે. નોકરીના સમય દરેક જગ્યાએ જુદા જુદા છે. કોઇ જગ્યાએ સવારથી સમય હોય તો કોઇ જગ્યાએ બપોરથી સમય હોય છે. આવકની રીતે જોઇએ તો સરકારી નિયમાનુસાર મોટાભાગના રૂ.૫૦૦ થી રૂ.૮૦૦ મેળવે છે. આ જાતિમા શિક્ષણ ઓછુ હોવાથી

લગભગ મોટાભાગના કર્મચારીઓ વર્ગ-૩ ની નોકરી કરે છે. સાથોસાથ નોકરીમાં ટેબલ વર્ક નહિ, એવું વધારે છે.

(૯) શિકાર કરવો :

આ પ્રવૃત્તિ બહુ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. સામાન્યતઃ સભ્ય સમાજ જોડે રહેતા હોવાથી શિકાર કરતા નથી. પરંતુ દૂરના વિસ્તારમાં અને ગ્રામ્ય પ્રદેશમાં રહેતા અમુક કુટુંબો આવી પ્રવૃત્તિ કરે છે. તેઓ પક્ષીઓનો શિકાર વધારે કરે છે. જંગલ વિસ્તાર બહુ ન હોવાથી પશુઓ બહુ મળતા નથી. તેઓ નાના-નાના પશુ-પક્ષી મારે છે. શિકાર કરેલ પશુ-પક્ષીનો ઉપયોગ પોતાને માટે કરે છે. અને થોડું ઘણું વધે તો વેચી દે છે. એવું પણ જાણવા મળ્યું કે અમુક કુટુંબ તો માત્ર શિકાર ઉપર જ પોતાનું અને કુટુંબનું ગુજરાન ચલાવે છે.

(૧૦) કાગળ અને કપડામાંથી ફૂલ બનાવવા :

પારધી યુવાનોમાં આ કૌશલ્ય ઘણું સારું ખીલ્યું છે. લગભગ પાંચથી સાત ભાઇઓ આ કામ કરે છે. તેઓ અમદાવાદ કે રાજકોટથી રંગીન કાગળો લઇ આવે છે અને તેમાંથી રંગબેરંગી ફૂલ, તોરણ તેમજ અવનવી ડીઝાઇનો બનાવે છે. વળી, તેનું વેચાણ પણ અમદાવાદ, રાજકોટ જેવા મોટા શહેરોમાં કરે છે. આવું કામ કરતા સભ્યોને તેમાંથી વળતર પણ ઘણું સારું મળે છે. નિરીક્ષણ દ્વારા ખ્યાલ આવ્યો કે સરખામણીમાં તેઓની આર્થિક સ્થિતિ અન્ય કરતા ઘણી સારી છે.

કાગળની ડીઝાઇન ઉપરાંત તેઓ કપડામાંથી પણ તોરણ વગેરે બનાવે છે.

(૧૧) ડ્રાયવર - કલીનર :

આશરે ત્રણથી ચાર સભ્યો વાહન ચલાવવાનું કામ કરે છે. તેઓની સાથે જ બે-ત્રણ સભ્યો કલીનર તરીકે જાય છે. જે કોઇ ખાનગી પેઢીમાં કામ કરે છે. તેઓને માસિક રૂ.૬૦૦ થી ૭૦૦ નું વેતન મળે છે. જ્યારે કલીનરને રૂ.૫૦૦ મળે છે.

(૧૨) ઢોલ વગાડવાનુ કામ :

પારધી જાતિના અમુક સભ્યો ઢોલ વગાડવાનુ કામ કરે છે. કોઇને ત્યાં સગાઇ કે લગ્ન પ્રસંગ હોય, રાસ-ગરબાનો કંઇ કાર્યક્રમ હોય તો તેવા સમયે પારધી લોકો ઢોલ વગાડવા માટે જાય છે. આમા કોઇ નિશ્ચિત આવક નથી, પરંતુ ઢોલ વગડાવનાર જે આપે તે.

(૧૩) ઇંઢોણી બનાવવી :

આ કામ ફકત સ્ત્રીઓ જ કરે છે. ગુજરાતીમાં આપણે ઇંઢોણી કહીએ છીએ, કચ્છીમા (પારધી લોકો) તેને "સીનોડી" કહે છે. ઇંઢોણી બનાવવા માટેનુ ઘાસ તેઓ વેચાતુ લાવે છે. તેઓના જણાવ્યા અનુસાર રૂ.૧૦/- ના ઘાસમાંથી આશરે ૧૦૦ ઇંઢોણી બને છે જેના રૂ.૭૫/- મળે. જો કે ઇંઢોણીને બાંધવા માટે સુતર પણ વપરાય છે. આ રીતે તેઓના ગૃહઉદ્યોગમા આ કામ ઘણુ સારુ છે.

(૧૪) ભીખ માગવી :

અમુક કુટુંબના સભ્યો તદ્દન નિરાધાર છે. જેમા ઉંમર થઇ ગઇ હોય, વિધવા, વિધુર હોય છોકરાઓ વડિલોને જોડે રાખતા ન હોય વગેરે સંજોગોમા ભીખ માગી ગુજરાન ચલાવે છે. તેઓ બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, મંદિર પાસે બેસી પૈસા મેળવે છે. કોઇ વળી ઘેર ઘેર ભટકીને વધેલા શાક-રોટલી માગે છે. આ રીતે જે ભીખ માગે છે તેમા કોઇ કામચોર વૃત્તિ નથી, પરંતુ શારીરિક અશકિત અને નિરાધારપણુ છે.

(૧૫) ઉંટગાડી રાખી ધંધો કરવો :

ખેડોઇમા તેમજ અન્ય ગામડાઓમા આ ધંધો કરતા કુટુંબો છે કે જેઓ ઉંટગાડીમા એક જગ્યાએથી બીજી જગ્યાએ માલ લઇ જાય છે. જેમા વળતર ઘણુ સારુ મળે છે. ખેડોઇથી અંજાર પાંચેથી સાત કિ.મી. છે. તો આટલા અંતરના તેઓ માલ ફેરવવાના રૂ.૪૦/- લે છે.

(૧૬) <u>જાગરીયા તરીકે</u> :

જાગરીયા એટલે પૂજારી, પારધી લોકોમા જુદી જુદી શાખ પ્રમાણે જુદી જુદી કુળદેવી હોય છે. કોઇના આશાપુરી તો કોઇના શકિતમાતા. આ કુળદેવીની પૂજા કરવા માટે જેની નિયુકિત કરવામા આવે તેને જાગરીયા કહેવામા આવે છે. જે વ્યકિત દેવીને સવાર-સાંજ ધૂપ-દીવા કરે છે તેના બદલામા તેને માસિક મહેનતાણુ મળે છે.

ઉપરોકત દર્શાવ્યા પ્રમાણે આ જાતિનુ આર્થિક જીવન છે. જેમા મુખ્યત્વે અને મોટાભાગનો વર્ગ મજૂરી કામ કરે છે. જ્યારે બીજો નવર ગૃહઉદ્યોગ કહી શકાય. બીજી એક બાબત એ પણ જોવા મળી છે કે કામ કરવાની સંખ્યા ઓછી છે ~~કે કામ કરનારની સંખ્યા ઓછી છે~~ એટલે કે યુવાનો કરતા બાળકો અને વૃધ્ધોનુ પ્રમાણ વિશેષ છે. આને કારણે પારધી સમાજે કમાણી કરનારની ઓછી સંખ્યા ઉપર કમાણીનો આધાર રાખવો પડે છે. કમાણી કરનાર કરતા કમાણી કરનાર ઉપર આધારિતની સંખ્યા વિશેષ છે. આને કારણે ઘણા કુટુંબોમા નાના બાળકોએ શિક્ષણ છોડી કુટુંબના જીવન-નિર્વાહમા શકય તેટલુ મદદગાર થવુ પડે છે અથવા તો થવાની ફરજ પડે છે. છતા એ તો કહેવુ જ પડશે કે આજે તેમના આર્થિક જીવનના સાધનોમા નિશ્ચિતતા પણ જોવા મળતુ નથી.

<u>શ્રમવિભાજન</u> :

દરેક વ્યકિતને સમાજમા કોઇને કોઇ દરજ્જો મળેલ હોય છે. તેમજ સ્વપ્રયાસથી પણ વ્યકિતએ દરજ્જો મેળવેલ હોય છે. જેમા વ્યકિતએ પોતાના દરજ્જા પ્રમાણે ફરજ બજાવવી પડે છે. પરંપરાગત રીતે સમાજમા આર્થિક પ્રવૃત્તિમા મુખ્ય હિસ્સો પુરૂષોનો રહેલો છે. સમય સંજોગો પ્રમાણે તેમા પરિવર્તન આવે છે અને સ્ત્રીઓ પણ આર્થિક રીતે મદદરૂપ બને છે. સામાન્ય રીતે આદિવાસી અને પછાત વિસ્તારમા તો આર્થિક પ્રવૃત્તિમા બાળકો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદગાર બને છે. મતલબ કે કુટુંબનો દરેક સભ્ય કામમા એનકેન

પ્રકારે મદદ કરી શ્રમમા ભાગીદાર બને છે. પારધી સમુદાયના સભ્યોમા શ્રમવિભાજન કેવુ ગોઠવાયેલુ છે તેની વિગત કંઇક આ પ્રમાણેની હતી.

**પુરૂષો :**

ખેતી કરતો પુરૂષ ખેતરમા પાળા બાંધવા, ખેતર સરખુ કરવુ, અનાજ વાવુ, લણવુ, તેને સાચવવુ વગેરે કામ કરે છે. ખેતમજૂરી માટે જેઓ જાય છે તેઓ સવારથી વાડીમા જતા રહે છે. ત્યા જઇને ઝાડ ઉપરથી વધારાના પાન કાપવા, લુમને પાંદડાથી ઢાંકવી, કોઇ માણસ કે પક્ષી તેને નુકશાન ન કરે તેનો ખ્યાલ રાખવો વગેરે કાર્યવાહી કરે છે. બાંધકામ મજૂરી મળે તો તેમા માટીકામ, પાણી લાવવુ, ઇંટો કડીયાને આપવી. ગૃહઉદ્યોગમા પડેલ પુરૂષ સવારે ખજૂરીના પાન કાપવા જવુ, કે વાંસને છોલીને પટ્ટીઓ બનાવવી, તેને બરોબર ગોઠવવી પાણીમા પલાળવી, જાકળો બનાવે કે સુપડા બનાવે છે. તૈયાર થયેલ માલ ખેડૂત કે વેપારીને આપી દે છે. નોકરી પર જેઓ જાય છે તેના નક્કી કરેલા સમયે જાય છે. આ ઉપરાંત પુરૂષો સામાજિક-ધાર્મિક પ્રસંગમા હાજરી આપવી, સગાવહાલા આવે તો તેની પાસે બેસવુ વગેરે કામ કરે છે. ઘણા પુરૂષો નવરા પડયે જુગાર રમવા પણ બેસી જાય છે. આમ પારધી પુરૂષ કોઇને કોઇ કામમા રોકાયેલ રહે છે.

**સ્ત્રીઓ :**

ખેતી હોય તો સવારે વહેલા ઉઠવુ, છાણ-વાસીદુ કરવુ, પાણી ભરવુ, વાસણ ઘસવા, પુરૂષ સભ્યો ઉઠે એટલે ચા મૂકવી, સવારે રોટલા બનાવવા બાદ ખેતીમા કંઇ કામ હોય તો ખેતરમા મદદ કરવા જવુ, ખેતી ન કરતા હોય તેવા કુટુંબોમા વહેલા ઉઠી વાસણ માંજવા, પાણી ભરવુ, ચા બનાવવી. જે ગૃહઉદ્યોગ કરતા હોય તેની તૈયારી કરવી, નાના બાળકો સ્કૂલે જતા હોય તો તેને તૈયાર કરી સ્કૂલે મોકલવા, તેણી પોતે ન્હાઇને તૈયાર થાય અને પછી સાંદરી, ઇંઢોણી, સુપડા, સાવરણી બનાવવા લાગી જાય છે. બાદમા બપોરનુ જમવાનુ બનાવે છે. પછી પ્રથમ બાળકો

અને પુરૂષોને જમાડી બાદમા સ્ત્રીઓ જમે છે. વાસણ માંજી ફરી કામે લાગી જાય છે. સાંજના સમયે તૈયાર થયેલ વસ્તુઓ વેપારીને ત્યાં કે બજારમા જઇ વેચી આવે છે અને ઘરવપરાશ માટે જે વસ્તુઓની જરૂરિયાત હોય તે લઇ આવે છે. રાત્રિના ભોજન બનાવે, પુરૂષોને જમાડી સ્ત્રીઓ જમી લે, વાસણ માંજી પથારી કરે છે. રાત્રિના સમયે થોડીવાર બેસી અને સુઇ જાય છે.

બાળકો :

મોટા બાળકો નાના બાળકોને સાચવવાનુ કામ કરે છે કે જેથી મા-બાપ બીજા કામો કરી શકે. જે બાળકો નિશાળે જતા હોય તે નિશાળે જાય છે. દુકાનેથી થોડી વસ્તુઓ લાવવાની હોય તો લાવી આપે. બાકીના સમયમા ફરવુ અને રમવુ.

આમ પારધી કુટુંબનો દરેકે-દરેક સભ્ય કોઇને કોઇ કામમા રચ્યો-પચ્યો રહે છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી અને એક વ્યવસાયથી જીવનનિર્વાહ ચાલી શકે તેમ ન હોવાથી કુટુંબના નાના-મોટા સભ્યો જે કામ થઇ શકે તે કરે છે.

આવક - જાવક - બચત - દેવુ :

આ જાતિનો મુખ્ય વ્યવસાય મજૂરી અને ખેતમજૂરી છે. વળી સ્ત્રીઓ અને ઘણા કુટુંબો ગૃહઉદ્યોગ પણ કરે છે. આથી આવક-જાવક અંગે બહુ સ્પષ્ટ ચિત્ર મળતુ નથી. તેઓ સાથે ચર્ચા કરતા એવુ જાણવા મળે છે કે જે આવક થાય છે તે ખર્ચાઇ જાય છે અને કોઇ પ્રસંગ આવી જાય તો દેવુ પણ કરવુ પડે છે.

તેઓની ધંધાવાર આવક જોઇએ તો ખેતી કરતા અમુક કુટુંબો છે, પરતુ પારધી લોકો પાસે જે ખેતી માટેની જમીન છે તે બહુ ઓછી છે. સાધનો પણ પૂરતા નથી. સિંચાઇની કોઇ સુવિધા નથી. આથી ખેતી કુદરત પર આધારિત છે. ફકત ચોમાસામા જ પાક લઇ શકાય છે. આથી વરસાદ ન થાય તો ઉત્પાદન થતુ નથી. ઘણીવાર તો જેટલુ બિયારણ વાવ્યુ હોય તેટલુ પણ મળતુ નથી. ટૂંકમા ખેતી કરતા કુટુંબની આવક બહુ થતી નથી.

ઘણીવાર તો વાવ્યુ હોય તે પણ જતુ રહે છે. તેમને ખેતી સાથે અન્ય વ્યવસાય તો કરવો જ પડે છે.

જે કુટુંબો આંબા - ખારેકની વાડીમા કામ કરે છે તેમની સ્થિતિ સારી કહી શકાય તેવી છે. કારણ કે એક વ્યક્તિને માસિક રૂા. ૩૫૦ થી ૪૫૦ મળી રહે છે જે કુટુંબો વાડી ઉધડ લઇ લે છે તેને પણ સારી કમાણી થાય છે. સાત-આઠ કુટુંબોએ તો આ વર્ષે ચાલીસથી પચાસ હજારમા વાડી ઉધડ લીધી છે. આ રીતે જેઓ આંબા - ખારેકની વાડી સાથે સંકળાયેલા છે તેમની આર્થિક સ્થિતિ સારી છે. મકાનની સગવડતા પણ સારી છે અને બચત પણ થોડી ઘણી છે.

સ્ત્રીઓ અને અમુક પુરુષો ઘેર દોરડા, સાવરણી અને સુપડા બનાવે છે. તેઓને ખાવા પૂરતુ મળી રહે છે. અમુક કાચી સામગ્રી આજુબાજુથી મળી રહે છે. વળી તેઓમા આ વસ્તુઓ બનાવવાની આવડત પણ છે. આથી તેઓ વસ્તુઓના બગાડ વગર સારી રીતે કામ કરે છે. હાલ દોરડા-દોરડી કરતા સુપડા અને સાવરણીમા તેઓને વળતર ઘણુ મળે છે અને એક વ્યક્તિ દિવસના રૂા. ૧૨ થી ૧૫ મેળવી લે છે.

આ ઉપરાંત ગાડામા રાખવાના જાકળા તેઓ બનાવે છે. જેમા તેઓને સારા પૈસા મળે છે. પારધી સિવાય ત્યાં અન્ય કોઇ જાકળા બનાવતા નથી. આ કામમાંથી તેમને ૫૦ ટકા નફો મળે છે. એટલે કે રૂા.૫૦/- ની ખરીદેલ કાચી સામગ્રીમાથી રૂા.૧૦૦/- મળે છે.

નોકરી કરતા સભ્યોની સંખ્યા હાલ ઘણી છે. સરકારી કે બિનસરકારી વિભાગમાં ઘણા ભાઇઓ કામ કરે છે. જેમા રૂા.૫૦૦/- થી રૂા.૮૦૦/- સુધાનો પગાર મળે છે.

જે પુરુષો ઘેર કાગળમાથી ફૂલ બનાવે છે તેઓને સારી આવક થાય છે. દરરોજના તેઓ રૂા. ૨૦ થી ૨૫ મેળવે છે.

જયારે જે કુટુબો શિકાર કરે, ઢોલ વગાડે કે જાગરીયા તરીકે કામ કરે છે તેઓની સ્થિતિ સારી કહી શકાય તેવી નથી. તેમા આવકની કોઇ નિશ્ચિતતા નથી. કેટલુ મળશે તે પણ કહી શકાય નહિ. ઘણી વખત તો કશુ ન મળે તેવુ પણ થાય છે.

ખર્ચ :

ઘણા કુટુબોના વડા સાથે ચર્ચા કરતા એવુ જાણવા મળ્યુ કે ખર્ચ બહુ થઇ જાય છે. જેટલી આવક થાય છે તેમા પૂરુ થતુ નથી. તેમા એક - બે કારણો પણ છે. આ જાતિમા ચા પીવાનુ પ્રમાણ ઘણુ છે. લગભગ ૯૦ ટકા પુરુષો દારૂ પીએ છે. અને ૮૦ ટકા પુરુષોને બીડી પીવાની ટેવ છે. ઘણી સ્ત્રીઓને છીંકણી બજર દેવાની ટેવ છે. આમ ખાવા-ખોરાકી કરતા ઘણીવાર તો એવુ પણ બને છે કે ઘરમા ખાવાનુ ન હોય તો પણ પોતાનુ વ્યસન છોડતા નથી. આ ઉપરાત પોતાના સામાજિક-ધાર્મિક રિવાજોમા પણ ખર્ચ થાય છે. તેઓનુ મોટાભાગનુ ખર્ચ ખાવા-ખોરાકી પાછળ થાય છે.

બચત :

જે પાચ-સાત કુટુબો આબા-ખારેકની વાડી ઉધડ રાખે છે અને ઉંટલારી રાખી મજૂરીનુ કામ કરે છે તેવા આઠ-દશ કુટુબો પાસે કંઇક બચત જેવુ છે. તેઓનુ બેકમા ખાતુ પણ છે. તેઓના મકાન અન્ય કરતા સારા છે. ઘરમા ઘરવખરી પણ છે. તેઓની સ્ત્રીઓ ઘરેણાનો ઉપયોગ વધુ કરે છે. નિરીક્ષણ દ્વારા ખ્યાલ આવે છે કે અન્ય કુટુબો કરતા તેઓનુ જીવન ધોરણ પણ ઉચુ છે.

દેવુ :

આવકનુ ધોરણ નીચું છે, મોંઘવારી ઘણી છે તેમા સામાજિક-ધાર્મિક પ્રસગો આવવાથી ઘણા કુટુબો દેવાદાર બન્યા છે. જે કુટુબોનો વ્યકિતગત સંપર્ક સાધ્યો તેમાથી મોટાભાગના કુટુબોએ જણાવ્યુ કે તેમને દેવુ છે.

## પ્રકરણ : ૪:

## સામાજિક સંરચના અને સંગઠન

"માનવી એ સામાજિક પ્રાણી છે" એ રીતે તે સમાજ વગર રહી શકતો નથી. વ્યક્તિ હમેશા સમાજમા રહેવાની ઝખના કરે છે. એ રીતે વ્યક્તિ માટે સમાજ જરૂરી તો ખરો જ પણ સાથો-સાથ અનિવાર્ય બન્યો છે. વ્યક્તિના ધ્યેયો અને જરૂરિયાતો સમાજમા જ સતોષાય છે. સમાજની અદર વિભિન્ન પ્રકારના સગઠનો હોય છે. વ્યક્તિ પોતાને અનુકૂળ એવા સગઠનનો સભ્ય બને છે. આવુ સગઠન દરેક જગ્યાએ હોય જ છે. વ્યક્તિ કે સમાજની બાહ્ય પરિસ્થિતિ ઉપર, રાજકીય સગઠન નિયત્રણ કે નિયમન મૂકે છે. આ રાજકીય સગઠન ઉપરાત આદિવાસી સમાજમા એક પોતાનુ આગવુ એવુ સગઠન હોય છે કે જે સમાજની અદર ઉદ્ભવતા સામાન્ય પ્રકારના પ્રશ્નોનુ નિરાકરણ કરે, સમાજની વ્યવસ્થા જાળવવા મદદરૂપ બને છે. પારધી આદિવાસીમા પણ આવુ સગઠન પચ છે.

આગળ આપણે જોયુ તેમ પારધી જાતિના ઇતિહાસ વિષે ઘણા મતમતાતરો છે. મૂળ તેઓ ક્યાથી આવ્યા હશે તેને વિષે બહુ જાણકારી મળતી નથી, પરતુ સમગ્ર રીતે જોતા એવુ લાગે છે કે તે ભીલ જાતિમાથી છૂટો પડેલો એક સમુદાય છે. ગુજરાતમા પારધી જાતિની વસતિ ઘણી જગ્યાએ છે, પરતુ આ સશોધન અહેવાલમા ફક્ત કચ્છ જિલ્લાના પારધીઓને ધ્યાનમા લઇ સર્વેક્ષણ થયુ છે. કચ્છમા પણ તેઓની વસતિ જુદા જુદા આઠ તાલુકા અને તેના ગામડાઓમા છે.

### ગોત્ર :

પારધી સમાજમા ગોત્ર વ્યવસ્થા જોવા મળે છે કે જેને "શાખ" એ રીતે ઓળખે છે. આ શાખ વ્યક્તિના જન્મ સાથે તેને વારસાગત મળે છે. પરતુ સ્ત્રી જાતિને લગ્ન બાદ તેના પતિની

જે શાખ હોય તે શાખ લાગુ પડે છે. આ સ્ત્રીની શાખ બદલી જવાનું કારણ એ છે કે પારધી એ પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા ધરાવતો સમુદાય છે. શાખને આધારે જ તેઓ વચ્ચે સામાજિક સંબંધોનું આદાન-પ્રદાન થાય છે. મતલબ કે એક ગોત્રના કુટુંબો વચ્ચે લગ્ન સંબંધ બાંધી શકાતો નથી. કારણ કે એક ગોત્રના હોવાથી ભાઇ-બહેન કહેવાય છે.

આ "ગોત્ર" કઇ રીતે આવ્યું તેને વિષે તેઓ અજાણ છે. તેઓ ગોત્રની ઉત્પત્તિ વિશે કશુ કહી શકતા નથી. તેઓ માત્ર એટલું જ કહે છે આ પરાપૂર્વથી ચાલ્યુ આવે છે. પરંતુ પારધી જાતિના ગોત્ર વિષે એક અનુમાન એવું થઇ શકે કે પારધી મૂળ રાજપૂત વાઘરી કોમના છે. રાજપૂત, વાઘરી કોમમાં જે જાતિના ગોત્ર જોવા મળે છે તેવા જ ગોત્ર પારધી જાતિમાં પણ જોવા મળે છે. પારધી જાતિમાં જે ગોત્ર (શાખ) છે તે આ પ્રમાણે છે.

પારધી જાતિના ગોત્રનું નામ :

| | |
|---|---|
| (૧) રાઠોડ | (૨) પરમાર |
| (૩) સોરઠ | (૪) જાગા |
| (૫) ચૌહાણ | (૬) મકવાણા |
| (૭) ભટ્ટી | (૮) કનાર |
| (૯) નકાણી | (૧૦) સો[illegible] |
| (૧૧) સગાર | (૧૨) સોઢા |
| (૧૩) પારા | |

ઉપરોકત ગોત્ર જોતા એવું જરૂર લાગે છે કે અમુક ગોત્ર રજપૂત જાતિના જ છે. જ્યારે અમુક ગોત્ર એવા છે કે જેની ઉત્પત્તિ વિષે ખ્યાલ પડતો નથી.

પારધી સમાજમાં કેન્દ્રીય કુટુંબોની સંખ્યા સવિશેષ જોવા મળી. જો કે તેઓનું વલણ સંયુકત કુટુંબ પ્રત્યે વધુ છે. પરંતુ મકાનની સંકડાશને કારણે લગ્ન બાદ પુત્ર જુદા રહે છે. ઘણા કિસ્સા એવા પણ જોવા મળ્યા કે કૌટુંબિક ઝગડાથી પણ કુટુંબના ભાગલા પડતા હોય છે.

પારધી કુટુંબોનો સંપર્ક સાધતા અને તપાસતા તેમા નીચે પ્રમાણેના સગા-સંબંધીઓ સાથે રહેતા હોય તેવું જાણવા મળ્યું.

(૧) પતિ - પત્ની

(૨) પતિ - પત્ની, અવિવાહિત બાળકો

(૩) પતિ - પત્ની, અવિવાહિત બાળકો, પરિણિત પુત્ર-પુત્રવધૂ

(૪) પતિ-પત્ની, અપરિણિત પુત્ર-પુત્રીઓ, પરિણિત પુત્રો, પુત્રવધૂઓ, પૌત્ર-પૌત્રીઓ

(૫) વિધુર, પુત્ર - પુત્રીઓ

(૬) વિધુર, પરિણિત પુત્ર, પુત્રવધૂ, પૌત્ર-પૌત્રીઓ, અપરિણિત પુત્ર-પુત્રીઓ

(૭) વિધવા

(૮) વિધવા, અપરિણિત પુત્ર-પુત્રીઓ

(૯) પતિ-પત્ની, ભાઇ, બહેન, ભત્રીજા, ભત્રીજી, પુત્ર-પુત્રીઓ

(૧૦) પતિ-પત્ની, પુત્રી, જમાઇ

(૧૧) પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ, ભાઇ-ભાભી, ભાઇના સંતાનો

(૧૨) પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ, બહેન

(૧૩) પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ, બહેનના પુત્ર-પુત્રીઓ

(૧૪) પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ, પરિણિત પુત્ર-પુત્રવધૂ, વિધવા બહેન

(૧૫) અપરિણિત સ્ત્રી

ઉપરોકત દર્શાવ્યા મુજબના અનેક પ્રકારના સગાઓ પારધી કુટુંબમા વસે છે.

<u>કુટુંબનું સ્વરૂપ :</u>

પારધી એ પિતૃસત્તાક, પિતૃસ્થાની અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા ધરાવતો સમુદાય છે. કુટુંબના અગત્યના નિર્ણયો પુરૂષ સભ્ય જ લે છે. પુત્ર-પુત્રીના નામ પાછળ પિતાનું (પુરૂષ) નામ લખાય છે. પિતાની જે મિલકત હોય તે દરેક પુત્રને જ અપાય છે. તેમા પુત્રીનો ભાગ નથી. આમ છતા ઘરમા જે કમાણી આવે તે

સ્ત્રી પાસે રહે છે. પુરૂષ સર્વસ્વ હોવા છતા લગ્ન સબધ બાધવા જેવી બાબતમા સ્ત્રી વર્ગનો પણ અભિપ્રાય લેવામા આવે છે.

કુટુબમા કોઇપણ સભ્યો જેવા કે પિતા-પુત્ર, ભાઇ-ભાઇ, સાસુ-વહુ-ભાભી-નણદ, દિયર-ભોજાય વચ્ચે અણબનાવ બને કે ઝગડો થાય તો તેવા સજોગોમા કુટુબનુ વિભાજન થાય છે. કુટુબના સભ્યો વચ્ચે ઝગડો થાય ત્યારે બોલાચાલી, ગાળાગાળી થાય છે અને ક્યારેક મારામારીના પ્રસગો પણ બને છે. કુટુબમા આવા ઝગડા થાય ત્યારે તેનુ નિરાકરણ કરવા વડિલો, પાડોશીઓ અને પારધી જાતિના આગેવાનો પ્રયત્નો કરે છે, પરતુ તેમા સફળતા ન મળે તો કુટુબનુ વિભાજન થાય છે.

કુટુબમા પત્ની કહ્યામા ન રહેતી હોય તેવા સજોગોમા તેણીને સમજાવવામા આવે છે. તેણીના પિતા પક્ષના માણસોને બોલાવી રજૂઆત કરવામા આવે છે. છતા તેણી ન માને તો છૂટાછેડા આપી દેવામા આવે છે. જો કે આવુ તો ક્વચિત બને છે. આમ છતા પારધી સમાજમા સ્ત્રીની કક્ષાએ પુરૂષનુ વર્ચસ્વ વધુ છે.

સગાઇ સબધ :

દરેક સમાજની અદર (૧) રક્ત પર આધારિત અને (૨) લગ્ન પર આધારિત એમ બે પ્રકારના સગાઇ સબધો જોવા મળે છે. આમા પ્રથમ પ્રકારના સામાજિક સબધોમા એકજ લોહીના સબધીઓ ભાઇ-બહેન, ભાઇ-ભાઇ, બહેન-બહેન, માતા-પુત્રી, માતા-પુત્ર, પિતા-પુત્ર આમ વિવિધ પ્રકારના સબધો જોવા મળે છે. એકજ લોહીના સબધીઓ એકજ પિતાના વશજો કહેવાય છે એટલે કે તેઓ એક ગોત્રના છે. આથી આવા સબધીઓ વચ્ચે લગ્ન કરવા ઉપર સમાજ માન્ય નિષેધ છે.

જ્યારે લગ્ન કરવાથી સસરા-સાસુ, દિયર, નણદ, ભાભી, સાળા,સાળી, મામાજી, કાકાજી, સાઢુ, ફૂવા વગેરે પ્રકારના સબધો ઉભા થાય છે.

ઉપરોકત બે પ્રકારના સબધો ઉપરાંત પોતાના મહોલ્લામા કે તેની આજુબાજુમા રહેતા હરિજન, વાધરી, મુસ્લિમ વગેરે સાથે પણ પારધી જાતિના લોકો સબધ રાખે છે.

**કેટલાક સગાઇ સબધ સૂચક શબ્દો :**

દરેક જ્ઞાતિ કે સમાજમા પોતાના સગાઓને બોલાવવા માટે કોઇ નિશ્ચિત શબ્દ હોય છે. અલબત એ સ્વીકારવુ જોઇએ કે દરેક સમાજમા પોતાની સસ્કૃતિ અને સામાજિક વિભિન્નતાને કારણે આ સબધ સૂચક શબ્દ અલગ-અલગ હોય છે.

એક હકીકત એ પણ જાણવી જરૂરી છે કે પિતાની ઓળખાણ કરાવે ત્યારે તેમજ તેને બોલાવે ત્યારે શુ સબોધીને બોલાવે છે તેની પણ સ્પષ્ટતા કરવી જોઇએ. જે સબધ સૂચક શબ્દ છે તેને અગ્રેજીમા "ટર્મ ઓફ રેફરેન્સ" તરીકે ઓળખવામા આવે છે. અને જે શબ્દ ઉદ્દેશી બોલાવવામા આવે તેને " ટર્મ ઓફ એડ્રેસ " કહેવાય છે. આ રીતે દરેક સગાઓ માટે બે પ્રકારની શબ્દાવલી મળશે, સદર્ભની અને સબોધનની.

એક બાબત અહીં એ પણ જણાવવી જરૂરી છે કે છેલ્લા કેટલાય વર્ષોથી પારધી જાતિના લોકો કચ્છમા આવીને વસ્યા છે, તેઓની બોલી પણ કચ્છી છે. આથી કચ્છના અન્ય સમુદાયો જે સદર્ભો અને સબોધનનો ઉપયોગ કરે છે તે જ શબ્દો પારધી લોકો પણ વાપરે છે. મતલબ કે પારધી લોકોની નથી કોઇ અલગ બોલી કે શબ્દાવલી, તેઓ કચ્છના અન્ય સમુદાયો જેવા જ શબ્દો વાપરે છે. વળી ઘણા શબ્દો ગુજરાતી પણ છે. આમ છતા જે શબ્દાવલી જાણવા મળી તે આ પ્રમાણે છે.

જેને માટેની શબ્દાવલી તૈયાર કરવાની છે તે સગા :

| સગા | સગાઇ સંદર્ભ શબ્દ | સગાઇ સંબોધન શબ્દ |
| --- | --- | --- |
| પિતા | આપા | આપા |
| માતા | મા | મા |
| પુત્ર | છોકરો | છોકરો |
| પુત્રી | છોકરી | છોકરી |
| પતિ | એ | એઇ |
| પત્ની | એ | એઇ |
| ભાઇ (પુબો) | ભા | નામ લઇને |
| બેન (પુબો) | બેણ | " |
| ભાઇ (સ્ત્રીબો) | ભા | " |
| બેન (સ્ત્રીબો) | બેણ | " |
| ભાઇ (પોતાના પિતાનો પણ સ્વમાતા સિવાય બીજી સ્ત્રીનો પુત્ર) | ભા-માવરાઇ | માવરાઇ-ભાઇ |
| ભાઇ (પોતાની માતાનો પણ સ્વપિતા સિવાય બીજા પુરૂષનો પુત્ર) | ભા | ભાઇ |
| બેન (પોતાના પિતાની પણ સગી માતા સિવાય બીજી સ્ત્રીની પુત્રી) | બેણ | નામ લઇને |
| બેન (પોતાની માતાની પણ સ્વપિતા સિવાય બીજા પુરૂષની પુત્રી) | બેણ | " |
| મોટો ભાઇ (પુબો) | ભા | " |
| મોટો ભાઇ (સ્ત્રીબો) | ભા | " |
| નાનો ભાઇ (પુબો) | ભા | " |
| નાનો ભાઇ (સ્ત્રીબો) | ભા | " |
| મોટી બહેન (પુબો) | બેણ | " |
| મોટી બહેન (સ્ત્રીબો) | બેણ | " |

| સગા | સગાઇ સંદર્ભ શબ્દ | સગાઇ સંબોધન શબ્દ |
|---|---|---|
| નાની બહેન (પુબો) | બેણ | નામ લઇને |
| નાની બહેન (સ્ત્રીબો) | બેણ | " |
| પિતાનો ભાઇ | કાકા | કાકા |
| ભાઇનો પુત્ર (પુબો) | ભત્રીજો | નામથી |
| પિતાનો પિતાથી નાનોભાઇ | કાકા | કાકા |
| પિતાનો પિતાથી મોટોભાઇ | વડો બાપા | વડો બાપા દાદા |
| મોટા ભાઇનો પુત્ર (પુબો) | ભત્રીજો | નામથી |
| મોટાભાઇની પુત્રી (પુબો) | ભત્રીજી | " |
| નાનાભાઇનો પુત્ર (પુબો) | ભત્રીજો | " |
| નાનાભાઇની પુત્ર (પુબો) | ભાત્રીઇ | " |
| પિતાના મોટાભાઇની પત્ની | વડીમા | વડીમા |
| પિતાના નાનાભાઇની પત્ની | કાકી | કાકી |
| પિતાના મોટાભાઇનો પુત્ર | ભત્રીજો | નામથી |
| પિતાના મોટાભાઇની પુત્રી | ભાત્રીઇ | " |
| પિતાના નાનાભાઇનો પુત્ર | | |
| પિતાના નાનાભાઇની પુત્રી | | |
| ભાઇનો પુત્ર (સ્ત્રીબો) | | |
| ભાઇની પુત્રી (સ્ત્રીબો) | | |
| પિતાની પિતાથી મોટી બહેન | ફોઇ | ફોઇ |
| પિતાની પિતાથી નાની બહેન | ફોઇ | ફોઇ |
| પિતાની બહેનનો પતિ | ફૂવા | ફૂવા |
| પિતાની બહેનનો પુત્ર | ભા | નામ લઇને<br>ફુઇજા પુતર |
| પિતાની બહેનની પુત્રી | બેણ | ફુઇજી |
| પિતાની બહેનના પુત્રની પત્ની | ભાભી-વહુ | નામ લઇને |
| પિતાની બહેનની પુત્રીનો પતિ | બનેવી | બનેવી |
| પિતાની બહેનના પુત્રની પત્ની | | |
| પિતાની બહેનની પુત્રીનો પતિ | | |
| પિતાની બહેનના પુત્રનો પુત્ર | ભત્રીજો | નામ લઇને |
| પિતાની બહેનની પુત્રીની પુત્રી | ભાત્રીઇ | " |

| સગા | સગાઇ સદર્ભ શબ્દ | સગાઇ સંબોધન શબ્દ |
|---|---|---|
| માતાનો માતાથી મોટોભાઇ | મામા | મામા |
| માતાનો માતાથી નાનોભાઇ | મામા | મામા |
| માતાના મોટાભાઇની પત્ની | મામી | મામી |
| માતાના નાનાભાઇની પત્ની | મામી | મામી |
| પત્નીના ભાઇનો પુત્ર | સાલનો છોકરો | નામ લઇને |
| પત્નીના ભાઇની પુત્રી | સાલીજી છોકરી | " |
| માતાના મોટાભાઇનો પુત્ર | મામાઇ ભા | " |
| માતાના મોટાભાઇની પુત્રી | મામાઇ છોકરી | " |
| માતાના નાનાભાઇનો પુત્ર | મામાઇ ભા | " |
| માતાના નાનાભાઇની પુત્રી | મામાઇ છોકરી | " |
| બહેનનો પુત્ર (પુબો) | ભાણેજ | " |
| બહેનની પુત્ર (પુબો) | ભાણેજી | " |
| માતાની મોટી બહેન | માસી | માસી |
| માતાની નાની બહેન | માસી | માસી |
| પત્નીની મોટી બહેનનો પતિ | માસા | માસા |
| માતાની નાની બહેનનો પતિ | માસા | માસા |
| પત્નીની મોટી બહેનનો પુત્ર | ભત્રીજો-ભાણેજ | નામ લઇને |
| પત્નીની નાની બહેનનો પુત્ર | " | " |
| પત્નીની નાની બહેનની પુત્રી | ભત્રીજી-ભાણેજ | " |
| માતાની મોટી બહેનનો પુત્ર | માસીયાળ-ભા | " |
| માતાની નાની બહેનનો પુત્ર | " | " |
| માતાની મોટી બહેનની પુત્રી | માસીયાળ-બેણ | " |
| માતાની નાની બહેનની પુત્રી | " | " |
| પિતાનો પિતા | ડાડા | ડાડા |
| પુત્રનો પુત્ર (પુબો) | પૌત્રો | નામથી |
| પુત્રીની પુત્રી (સ્ત્રીબો) | પૌત્રી | " |
| પિતાની માતા | ડાડી | ડાડી |
| પુત્રીની પુત્રી (સ્ત્રીબો) | દોઇત્રો | નામથી |
| પુત્રીનો પુત્ર | દોઇત્રો | " |

| સગા | સગાઇ સંદર્ભ શબ્દ | સગાઇ સંબોધન શબ્દ |
|---|---|---|
| પત્નીનો પિતા | સોરો | મામા |
| પત્નીની માતા | સસ | મામી |
| પુત્રીનો પતિ (પુબો) | જમાઇ | જમાઇ (નામ લઇને) |
| પુત્રીનો પતિ (સ્ત્રીબો) | | |
| પતિનો પિતા | સોરો | ફુઆ |
| પતિની માતા | ફુઇ | ફુઇ |
| પુત્રની પત્ની (પુબો) | નો | નામ લઇને |
| પુત્રની પત્ની (સ્ત્રીબો) | | |
| પત્નીનો મોટોભાઇ | સાળો | " |
| પત્નીનો નાનોભાઇ | " | " |
| મોટી બહેનનો પતિ (પુબો) | ભેણયો | " |
| મોટી બહેનનો પતિ (સ્ત્રીબો) | " | " |
| પત્નીના મોટાભાઇની પત્ની | સાળજી - ઘરવાળી | " |
| પત્નીના નાનાભાઇની પત્ની | " " | " |
| નાની બહેનનો પતિ (પુબો) | ભેણયો | " |
| નાની બહેનનો પતિ (સ્ત્રીબો) | " | " |
| પત્નીની મોટી બહેન | સાળી | નામ લઇને |
| પત્નીની નાની બહેન | " | " |
| પત્નીની મોટી બહેનનો પતિ | ભા | " |
| પત્નીની નાની બહેનો પતિ | ભા | " |
| પતિનો મોટોભાઇ | જેઠ | છોકરાને કહે તારા બાપને બોલાવ |
| પતિનો નાનો ભાઇ | દેર | નામ લઇને |
| પતિની મોટી બહેનનો પતિ | નણદીયો | " |
| પતિની નાની બહેનનો પતિ | " | " |
| પતિની મોટી બહેન | નણદ | " |
| પતિની નાની બહેન | " | " |
| મોટાભાઇની પત્ની (પુબો) | જેઠાણી | " |
| નાનાભાઇની પત્ની (પુબો) | દેરાણી | " |

| સગા | સગાઇ સંદર્ભ શબ્દ | સગાઇ સંબોધન શબ્દ |
|---|---|---|
| મોટાભાઇની પત્ની(સ્ત્રીઓ) | ભાભી | ભાભી |
| નાનાભાઇની પત્ની(સ્ત્રીઓ) | વહુ | નામ લઇને |
| પત્નીની બહેનનો પતિ | ભા | " |
| પતિના મોટાભાઇની પત્ની | જેઠાણી | " |
| પતિના નાનાભાઇની પત્ની | દેરાણી | " |
| પુત્રની પત્નીનો પિતા | વીયાઇ | નામથી |
| પુત્રની પત્નીની માતા | વેવાણ | નામથી |

---

ઉપરોકત સંબંધો ઉપરાંત પારધી જાતિમાં મજા-મશ્કરીના સંબંધો જોવા મળે છે. અમુક લોકો સાથે અમુક રીતનું વર્તન કરાય, તેઓની આમન્યા જાળવવી, તેઓની હાજરીમાં અમુક જ વર્તન કરી શકાય. જ્યારે અમુક સગા સાથે મશ્કરીના સંબંધો હોય છે જેને સમાજશાસ્ત્રી ભાષામાં પરિહાર અને પરિહાસના સંબંધો તરીકે ઓળખવામાં આવે છે.

## પરિહારના સંબંધો :

પરિહારના સંબંધો એટલે મર્યાદાના સંબંધો, આવા સંબંધોમાં પિતા-પુત્ર, માતા-પુત્ર, પિતા-પુત્રી, માતા-પુત્રી, કાકા, દાદા, દાદી, મોટાભાઇ, મોટી બહેન, સાસુ, સસરા વગેરેનો સમાવેશ થાય છે. આવા સભ્યોની હાજરીમાં અમુક જ પ્રકારનું વર્તન થાય છે. તેનું માન જળવાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. તેઓની હાજરીમાં ખરાબ વર્તન ન કરવું, ખરાબ બોલવું નહિ, મશ્કરી કરવી નહિ વગેરે બાબતોનો ખ્યાલ રખાય છે. આ જે મર્યાદા જાળવે છે તે કંઇક આવા પ્રકારની છે.

(૧) વડીલ પુરૂષો બેઠા હોય ત્યારે છોકરાની વહુ દૂર બેસે છે.
(૨) વડીલોની હાજરીમાં પતિ-પત્ની દૂર બેસે છે.

## પરિહાસ સંબંધો :

પરિહાસના સંબંધો એટલે મશ્કરીના સંબંધો. આ પ્રકારના સંબંધમાં એકબીજા પાત્રની મશ્કરી કરવામાં આવે છે જે મશ્કરી શાબ્દીક અને શારીરિક પણ હોય શકે. આવા સંબંધો સામાન્ય રીતે ભાભી-દિયર, ભાભી-નણંદ, સાળો-બનેવી, સાળી-બનેવી વગેરે વચ્ચે હોય છે. પારધી જાતિમાં જે ■ કંઇ મશ્કરીના સંબંધો જોવા મળયા તે કંઇક આ પ્રકારના હતા.

(૧) સાળી-બનેવી એકબીજાને પ્રાણી કે પશુ સાથે સરખાવી બોલાવે.
(૨) કોઇને પગે ખોડ હોય તો એ રીતે તેની મશ્કરી કરે.
(૩) સાળો નાનો હોય તો ગાળો આપે તેમજ સાળાને કોઇ શારીરિક ખોડ હોય તો તે રીતે મશ્કરી કરે.

## અન્ય જાતિ સાથેના સંબંધો :

પારધી લોકોના વસવાટની આજુબાજુ વાધરી, કોળી, હરિજન અને મુસ્લિમ લોકોનો વસવાટ છે. પારધી એ શાંતિપ્રિયપ્રજા છે, તેઓ હંમેશા અન્ય સમુદાય સાથે સુમેળભર્યા સંબંધો રાખે છે. લગ્ન, મૃત્યુ કે ધાર્મિક પ્રસંગોમાં તેઓ બીજાને ત્યાં જાય છે. આર્થિક મુશ્કેલીમાં પણ એકબીજાને મદદરૂપ બને છે. ટૂંકમાં અન્ય જ્ઞાતિઓ સાથેના સંબંધો સારા છે. આમ છતાં પારધી લોકો સાથે અન્ય જાતિના લોકો અસ્પૃશ્યતા ભર્યું વલણ દાખવતા હોય તેવું જોવા મળયું છે. ઘણાં સ્થળોએ પારધી હોટલમાં જઇ શકતા નથી. તેઓ અન્ય જ્ઞાતિના ઘરમાં પ્રવેશ પામી શકતા નથી, મજૂરી કામે જાય ત્યારે પોતાના વાસણમાં જ છાશ વગેરે મળે. આ ઉપરાંત એ પણ જોવા મળ્યું કે પારધી લોકો હરિજનોને સ્પર્શ કરતાં નથી કે તેમના ઘેર જતાં નથી.

પારધી સભ્યોના પોતાની જાતિ વચ્ચેના સંબંધો સારા અને સુઘડ છે. કોઇ નાના-નાના અણબનાવ બને, પરંતુ તે પણ સામાન્ય પ્રકારના. તેઓ એકબીજાને આર્થિક-સામાજિક બાબતમાં પણ મદદ કરે છે.

જાતિપંચ :

જેવી રીતે અન્ય આદિવાસી જાતિમાં જાતિપંચ છે તેવું પારધી જાતિમાં પણ છે, પરંતુ તે બહુ કાર્યરત કે વ્યવસ્થિત નથી. હાલ કોઇ બંધારણ પણ નથી, પરંતુ ગામના પારધી લોકો અમુકને આગેવાન નીમે છે અને બધા ગામના આગેવાન થઇને એક ટ્રસ્ટી નીમે છે. આ આગેવાનો સમાજમાં થતા ઝગડાનું નિરાકરણ કરે, સમાજ ઉપર એક પ્રકારનું નિયંત્રણ મૂકે. સમાજે જે વ્યવસ્થા, રીતરિવાજ કે સીમા રેખા દોરી હોય તેની બહાર જઇને કોઇ વર્તન કરે તો દંડ કરે વગેરે પ્રકારની કાર્યવાહી જાતિપંચના આગેવાનો કરે છે. તેઓની નાતનું બંધારણ કંઇક આવું છે.

(૧) કોઇ સવેલી (કોઇની પરણેલી સ્ત્રીને તેના ઘેરથી ઉઠાવી જવી) ઉપાડી જાય અને રાજીખુશીથી ફરી પાછી સોંપે તો રૂા.૨૫૦/- નાતને ભરવા, અને ન આવે તો સવેલીના રૂા.૪૦૦/- તેના મૂળ ધણીને અને રૂા.૨૦૦/- નાતને આપવા.

(૨) વિધવા પુન:લગ્ન કરે તો સો રૂપિયાનો બાંધો બાંધવો. તેમાં રૂા.૭૫/- બાંધણીના અને રૂા.૨૫/- નાતને આપે.

(૩) લગ્નવાળી બાઇને ધણી મૂકી દે તો રૂા.૧૦૦/- બાપને (દિકરીના) અને રૂા.૫૦/- નાતને આપવા.

(૪) એક ઠેકાણે સગપણ કરેલુ હોય અને બીજે ઠેકાણે સગપણ કરે તો રૂા.૧૦૦/- નવા સગપણ કરે તે પહેલા સગપણ કરેલ કુટુંબને આપવા પડે.

(૫) છોકરીને નાતમાથી બીજી જાતિમાં વેચી નાખે તો રૂા.૧૦૦૦/- નાતને ભરે.

(૬) પરણેલી સ્ત્રી માવત્રે મળવા જાય અને માવત્રામાથી સગા-સબંધીઓ તેને બીજે વળાવી દે તો રૂા.૨૫૦/- નાતને ધર્માદાના ભરે.

આમ ઉપરોકત જુદી જુદી દડની રકમ નાતે ઠરાવી છે. ઉપરોકત વસ્તુ જોતા સ્પષ્ટ થશે કે નાતમા જે બધારણ છે તેમા નથી કોઇ કાર્યવાહી કે વ્યવસ્થા, તેમા કોઇ રચનાત્મક કામ અગે કાર્યવાહી નથી. ફકત દડ લેવાની જ વાત છે અને જે દડ લેવાની વાત છે તે પણ ફકત લગ્ન સબધ અગે જ તેનો અર્થ એ પણ થાય કે આ જાતિમા એક જગ્યાએ સગપણ કે લગ્ન કર્યા પછી તેને અન્ય જગ્યાએ પણ વળાવી દેવામા આવતી હોય.

આમ એકદરે જાતિપચ વ્યવસ્થિત ન હોવા છતા યુવકો કઇક કરી છૂટવા મથે છે. તેના ફળસ્વરૂપે બજારમા "જોગેશ્વર - યુવક મડળ" ની સ્થાપના થઇ છે. જે હાલ તો બજાર પૂરતુ મર્યાદિત છે. પરતુ તેઓના ઇચ્છા એવી છે બાદમા તેને ગામડે-ગામડે જ્યા પારધી લોકો વસે છે ત્યા ગુજતુ કરવુ. તેઓ મડળ દ્વારા સામાજિક એકતા, ભાઇચારાની ભાવના અને પોતાના જૂથની એકતા ટકાવવા પ્રયત્નશીલ બન્યા છે. તેઓએ આ મડળના જે ઉદ્દેશો રાખ્યા છે તે કઇક આવા છે..

(૧) સમાજ ઉપયોગી દરેક કાર્યમા સાથ સહકાર આપી દરેક રીતે વિકાસ કરવા પ્રયત્નશીલ થવુ.

(૨) સામાજિક અન્ય પ્રવૃત્તિઓ સગઠનની ભાવનાથી ઉપાડી પોતાના વિસ્તારમા સર્વ ભાઇઓમા ભાઇચારાની ભાવના તથા અન્ય સસ્કાર તથા અનેક કાર્યમા જાગૃતિ લાવવા પ્રયત્ન કરવા.

(૩) કોઇપણ સાર્વજનિક અને લોક-સહકાર પ્રવૃત્તિઓમા લોકોને રસ લેતા કરવા.

(૪) વિસ્તારમા પ્રૌઢશિક્ષણ તથા સામાજિક પ્રવૃત્તિઓ ચલાવી કેળવણીમા રસ જાગૃત કરવા પ્રયત્ન કરવા.

(૫) એકાદ સારા વાચનાલયની વ્યવસ્થા કરવી.

(૬) પોતાના વિસ્તારમા નિ:સહાય કુટુબને ભાઇચારાની ભાવનાથી ધધા રોજગાર અથવા અન્ય જરૂરિયાત માટે ઉપયોગી બનવુ.

(૭) પોતાના વિસ્તારમા ઉછળવણી, પાણી તથા સ્વાસ્થ્ય માટે સુવિધાઓ તથા અન્ય પ્રવૃત્તિઓ પ્રત્યે રસ જગાવી અન્ય કાર્યો માટે તૈયાર રહેવુ.

આમ યુવાનો હવે સક્રિય થતા જાય છે અને આવા મંડળ દ્વારા પોતાના સમાજનો વિકાસ થાય તેવા સફળ પ્રયાસો કરે છે.

0000000

## પ્રકરણ :૫:

## સામાજિક રીતરિવાજ

દરેક આદિવાસી જાતિની સંસ્કૃતિ ભિન્ન ભિન્ન છે. સાંસ્કૃતિક ભિન્નતાની અસર તેમના જીવન ઉપર થાય છે. સમાજે નક્કી કરેલા ધારાધોરણ પ્રમાણે વ્યક્તિએ વર્તન કરવું પડે છે. અથવા તો વર્તન કરવાની ફરજ પડે છે. સમાજે નક્કી કરેલી સીમારેખાને વ્યક્તિઓ સામાન્ય રીતે ઓળંગતી નથી, મતલબ કે સમાજે નક્કી કરેલા સામાજિક ચોગઠામાં વ્યક્તિઓના વર્તનમાં સામ્યતા દેખાય છે. આવું વર્તન તે સમાજના રિવાજો પ્રમાણે કરે છે. પારધી જાતિના સમગ્ર જીવનને જાણવા માટે જેટલી આર્થિક પાસાની જાણકારી જરૂરી છે તેટલી જ સામાજિક પાસા વિષેની જાણકારી મેળવવી જરૂરી છે.

### રજસ્વલા સ્ત્રી :

રજસ્વલા સ્ત્રીને છેટીબેસ, કપડે આવી, લુગડે આવી વગેરે નામે પારધી લોકોમાં બોલાવવામાં આવે છે. સામાન્ય રીતે છોકરી ૧૨ થી ૧૪ વર્ષના ગાળામાં રજસ્વલા થાય છે. આ સમય દરમિયાન સ્ત્રી ધાર્મિક કામ કરી શકતી નથી. દેવ-દેવીની પૂજા કે ધૂપ-દીપ કરતી નથી. જ્યારે રસોઇ બનાવવી પાણી ભરવું વગેરે કામો અમુક કુટુંબમાં કરાવતાં નથી. ઘણાં કુટુંબો રજસ્વલા સ્ત્રી પાણી ભરે કે રસોઇ બનાવે તેમાં કશો દોષ ગણતા નથી. આવી સ્ત્રી ખેતીના કામમાં મદદ કરવી, વાસીદું કરવું, સફાઇ કરવી, કપડાં ધોવા વગેરે કાર્યો કરે છે. આવી સ્ત્રી ત્રીજે દિવસે માથું ધુએ છે. સ્ત્રી રજસ્વલા હોય તે સમય દરમિયાન તેનો પતિ તેણી જોડે જાતિય સંબંધ બાંધતો નથી. સંબંધ ન બાંધવા પાછળ તેઓ ધાર્મિકતાને સાંકળે છે. આવા સમય દરમિયાન સંબંધ બાંધવો તે પાપ માને છે. વળી તેઓ એમ પણ માને છે કે આવા સમય દરમિયાન જો સંબંધ બાંધીએ તો રોગ થવાની શકયતા વધે છે. ટૂંકમાં ધાર્મિક અને આરોગ્યને ધ્યાનમાં રાખી રજસ્વલા સ્ત્રી સાથે

જાતિય સંબંધ બાંધતા નથી. જ્યારે પરણેલી સ્ત્રી રજસ્વલામાં ન બેસે ત્યારે ગર્ભ રહયો છે તેમ માને છે.

ગર્ભાધાન :

સ્ત્રીને રજસ્વલા થતુ બંધ થાય ત્યારે ગર્ભ રહયો છે તેવુ માને છે. આ ઉપરાંત આવી સ્ત્રીને ઉલટીઓ થાય, ખાવાનુ ન ભાવે તો પણ ગર્ભ રહયો હશે તેવુ માને છે. ગર્ભ રહેવા પાછળ જાતિય સંબંધ ગણવામાં આવે છે. આમ છતાં તેઓ માને છે કે ઇશ્વરની કૃપા વગર કે તેમના આશિર્વાદ સિવાય કંઇ થતુ જ નથી.

લગ્ન બાદ એકાદ-બે વર્ષમાં સ્ત્રીને ગર્ભ ન રહે તો હાજીપીર દેવની માનતા કરે. તેમને મોહનથાળનો પ્રસાદ ચડાવે. ભૂવા પાસે દાણા જોવડાવે, આમ છતાં કોઇ સાનુકૂળ પરિણામ ન આવે તો ડોકટર પાસે તપાસ પણ કરાવડાવે છે અને દવા લે છે. જો કે દવા લેવી કે ડોકટરને બતાવનારની સંખ્યા બહુ ઓછી છે. તેઓ તો ભૂવા-ભગત અને બાધા-આખડીમાં વધારે માને છે.

સ્ત્રીને ગર્ભ રહી જાય પછી કોઇ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. આ ઉપરાંત આવી સ્ત્રી કોઇપણ ધાર્મિક કામ થતુ હોય ત્યાં પણ જઇ શકતી નથી. આ લોકો એવુ માને છે કે સ્ત્રીને ગર્ભ રહયા પછી તેનામાં બે જીવ આવી ગયા હોય છે. ગર્ભ રહયા પછી સાતમા માસે સિમંતની વિધિ કરવામાં આવે છે.

સિમંત :

ગર્ભ રહયા બાદ સાતમે માસે આ વિધિ થાય છે. આ વિધિ પહેલા સ્ત્રીના માત-પિતાને આ અંગે જાણકારી કરવામાં આવે છે. આ વિધિ તેઓ બ્રાહ્મણ પાસે મુહુર્ત જોઇને કરાવે છે. વિધિ તેઓ સામાન્ય રીતે મંગળવાર, ગુરુવાર કે રવિવારે કરે છે. સ્ત્રીના પિયર પક્ષ તરફથી બે-ત્રણ સ્ત્રીઓ આવેલ છે. તેઓ ગર્ભવતી સ્ત્રી માટે ઓઢણુ, ઘાઘરી અને પોલકુ લાવે છે. સ્ત્રીને નવરાવી ઉગમણે મોઢે બેસાડી તેના ખોળામાં શ્રીફળ મૂકવામાં આવે છે. તેને ચાંદલો

કરી વધાવવામા આવે છે. આવા સમયે અન્ય હાજર રહેલી સ્ત્રીઓ ગીત ગાય છે. ત્યારબાદ પિયર પક્ષ તરફથી આવેલ સ્ત્રીઓ ગીત ગાતી-ગાતી ગર્ભવતી સ્ત્રીને તેડી જાય છે.

પ્રસૂતિ :

પ્રથમ સુવાવડ સ્ત્રી પોતાના પિયરમા કરે છે. પ્રસવની ક્રિયા દાયણ પાસે કરાવે છે. આવી દાયણ કોઇપણ જાતિની હોઇ શકે. જો પ્રસવમા મુશ્કેલી જણાય તો દવાખાને પણ જાય છે. પ્રસવ બાદ કોઇ ખાસ પ્રકારનો ખોરાક અપાતો નથી. તેઓ માને છે કે સ્ત્રીને પ્રસૂતિ બાદ ઘી તેમજ અન્ય સારો ખોરાક આપવો જોઇએ, પરંતુ પોતાની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી કોઇ ખાસ ખોરાક આપતા નથી.

પ્રસવ સમયે પોતાના કુટુંબીજનોની સ્ત્રીઓ તેમજ બુઝર્ગ સ્ત્રીઓ હાજર રહે છે. પુરૂષો આવા સમયે હાજર રહી શકતા નથી.

પ્રસવ બાદ નવજાત બાળકની નાળ દાયણ કાપે છે, અને તે નાળ ઘરમા આપી દે છે. પારધી લોકો એવુ માને છે કે બાળકની દુંટી સોજે તો આ નાળ ઘસીને ચોપડવાથી સોજા ઉતરી જાય છે. આથી બાળકની નાળ તેઓ સાચવીને રાખે છે.

સ્ત્રીને છોકરો આવે તો દાયણને રૂ.૨૦ થી ૨૫ અને ઓઢણુ આપે છે. અને જો છોકરી આવે તો રૂ. ૧૦ થી ૧૨ દાયણને આપે છે. આનો અર્થ એ કે તેઓ છોકરાના જન્મથી વધારે આનંદ અનુભવે છે.

બાળકના જન્મ બાદ કોઇ ધાર્મિક વિધિ કરવામા આવતી નથી. આવી સ્ત્રીની પથારી ઘરના એક ખૂણામા કરવામા આવે છે.

છઠ્ઠી :

બાળકના જન્મ પછીના છઠ્ઠે દિવસે આ વિધિ કરવામા આવે છે. ઘરમા ~~કોલા~~ ઢાંકેલ બનાવે છે. આજુબાજુના નાના છોકરાને છઠ્ઠી લઇ

જવા બોલાવે છે. આ દિવસે બાળકને નવડાવીને સારા વસ્ત્રો પહેરાવે છે. અને માતા પણ ન્હાય છે. બાદ રાત્રિની શરૂઆતમાં આ વિધિ કરે છે. આજુબાજુના બાળકો પાંચ પૈસા દશ પૈસા લઇને છઠ્ઠી જોવા આવે છે. તેઓ નવા જન્મેલ બાળકે પાચકો-દશકો આપી ઠોઠા લઇને પોતાને ઘેર જાય છે. આવા સમયે બાળકની ફૈબા જન્મેલ બાળકનુ નામ પાડે છે, જે નામ પાડે તે પોતાના કુટુંબના અન્ય સભ્યોનુ ન હોવુ જોઇએ. નામ પાડવા માટે તેઓ બ્રાહ્મણ પાસે રાશિ જોવડાવે છે. ફૈબાને નામ પાડવાના બદલામાં કપડાની જોડ અને ઘઉના ઠોઠા આપે છે. કોઇ સ્થિતિ પાત્ર હોય તો રોકડ પૈસા પણ આપે છે.

પારધી જાતિના નામો તો ગુજરાતી નામો જેવા છે. સમયના બદલાતા વહેણ સાથે તેઓના નામમાં પણ ફેરફાર જોવા મળે છે. પારધી જાતિમાં પુરૂષ-સ્ત્રીના (વૃધ્ધ-યુવાન-બાળક) જે નામો છે તે કઇક આવા છે.

<u>વૃધ્ધ પુરૂષ</u> :

લાલજી, બચુ, વેલો, અમર, ભીમ, ડોસા, ગાગા, કાબડા.

<u>યુવાન પુરૂષો</u> :

બાબુ, લાધો, છગન, ભુરો, મમુ, હરિ, ભનો.

<u>નાના બાળકો</u> :

રામજી, રમેશ, મનજી, પ્રવિણ, અરવિંદ, વિનેશ, ટીન્કુ.

<u>વૃધ્ધ સ્ત્રીઓ</u> :

હાસબાઇ, જેતબાઇ, વીરબાઇ, કાનબાઇ.

<u>યુવાન સ્ત્રી</u> :

મોધી, કાની, જલુ, રાજ, લખી, શકુ.

## નાની બાળાઓ :

ટપુ, લખુ, બજુ, હવા, લતા.

ઉપરોકત નામ જોતા જણાશે કે સમય જતા જતા તેઓના નામમાં પણ ફેરફાર થતા રહે છે. હાલ સભ્ય સમાજના વધુ સંપર્કથી તેઓ નામ પણ નવા - નવા અપનાવતા જાય છે. પ્રસૂતિ બાદ લગભગ ત્રણેક માસનુ બાળક થાય ત્યારે સ્ત્રી પોતાના શ્વસુર ગૃહે પાછી ફરે છે. આવા સમયે તેણીના ઘેરથી તેને એક જોડ કપડા તેમજ ચણીયો, ઓઢણુ અને કમખો આપે છે. નાના બાળકને પણ કપડા આપે છે. જેને તેઓ મોટુ આણુ કહે છે અને બાલપણ આપ્યો તેમ પણ કહે છે.

છોકરો એક વર્ષનો થાય ત્યારબાદ બાળ મોવાળા ઉતરાવવામાં આવે છે. આ વિધિ સામાન્ય રીતે નવરાત્રિના છેલ્લા દિવસે કરવામાં આવે છે.

## લગ્ન પહેલાના અને પછીના જાતિય સંબંધો :

પારધી જાતિમાં લગ્ન પહેલાના જાતિય સંબંધ પ્રત્યે ધૃણા છે. તેઓ આવા સંબંધને સ્વીકારતા નથી, જો આવા સંબંધો કોઇ પાત્ર વચ્ચે બંધાય તો તેઓને લગ્ન કરવા માટે ફરજ પાડવામાં આવે છે. સમાજ આવા પાત્રનો બહિષ્કાર કરે છે.

આમ છતાં કોઇ છોકરા-છોકરી વચ્ચે આવા સંબંધ થયા હોય તો નાત આગેવાનો ભેગા થાય છે. અને છોકરાના પિતા પાસેથી દંડ લેવામાં આવે છે અને આ રીતે શિક્ષાનો બદલો આપવામાં આવે છે.

એજ રીતે લગ્ન પછીના પણ અન્ય પુરૂષ જોડેના જાતિય સંબંધને સ્વીકારવામાં આવતો નથી. જો કોઇ સ્ત્રી આવુ વર્તન કરે તો તેને પિયર મોકલી દેવામાં આવે છે. તેણીના પિતા પાસેથી દંડ લેવામાં આવે છે. જે મૂળ વ્યકિત સાથે લગ્ન થયા હોય તેને દહેજ અને લગ્ન ખર્ચના પૈસા આપવા પડે છે. અને આવી સ્ત્રીને છૂટાછેડા આપી દેવામાં આવે છે. આમ છતાં લગ્ન બાદ કોઇ કોઇ

કિસ્સા આવા બને છે તેવુ જાણવા મળ્યુ, પરંતુ એટલુ ચોકકસ છે કે સમાજમાં આવા સંબંધો જરા પણ સ્વીકારાતા નથી.

લગ્નક્ષેત્ર :

પારધી લોકો પોતાની જાતિમા ગમે ત્યાં લગ્ન કરી શકે છે. પારધીઓ પોતાના ઉપરાંત જોગી, ભીલ, જાગરીયા, વાદી વગેરેમા લગ્ન કરે છે. તેઓ બધા એકજ નાતના છે, તેમ માને છે. ફકત રાવળીયાને તેઓ લગ્નક્ષેત્રમાં સ્વીકારતા નથી. કચ્છપ્રદેશમા પારધીઓની વસ્તી ઠેર ઠેર છે. પરંતુ પોતાની આર્થિક સ્થિતિ બહુ સારી ન હોવાથી લગ્ન ગોઠવવાનુ નજીકના સ્થળે વધુ પસંદ કરે છે. વળી પોતાના ગામમાં જ ગોઠવાય તો વધારે સારુ એમ માને છે.

સાથી પસંદગી :

પારધી સમાજમાં બહુપત્નીત્વ પ્રથા માન્ય છે. આમ છતાં હાલ આવા કોઇ પાત્ર જોવા મળતા નથી. આર્થિક સ્થિતિને કારણે બધા એક પત્ની લગ્ન જ કરે છે. એટલે કે એક પુરૂષ અને એક સ્ત્રી આમ છતાં કોઇ સ્ત્રીને બાળક ન થતા હોય તો પુરૂષ પાત્ર બીજી સ્ત્રીને લાવી શકે છે.

જીવન-સાથી પસંદગીમા જોવાતા ગુણો :

લગ્ન માટે સૌ પ્રથમ મહત્વ કુટુંબને અપાય છે, એટલે કે પુરૂષ કે સ્ત્રીનુ કુટુબ કેવુ છે? તેનુ નાતમાં માન કેવુ છે, આબરૂ કેવી છે વગેરે બાબતોને જોવામાં આવે છે. બાદ છોકરીના પિતા છોકરો કેવો છે તે જુએ છે. તેઓ જે છોકરો કામકાજમાં હોંશિયાર હોય, કોઇપણ કામ કરી કુટુંબનુ ગુજરાન ચલાવે તેવો હોય, કોઇ ખોટા વ્યસન (ચારિત્ર અંગે) ન હોય તેને અગ્ર પસંદગી આપે છે. તે જ રીતે છોકરાનો બાપ છોકરી શરીરે દેખાવે કેવી છે, કામની આવડત કેવી છે વગેરે બાબતોને જુએ છે. આ બધુ જોયા પછી આડોશી-પાડોશી પાસેથી બરોબર જાણ્યા પછી જ છોકરા-છોકરીના સગપણ અંગેની વાત આગળ ચલાવે છે. માત્ર પસંદગી વડીલો દ્વારા જ થાય છે. છોકરા-છોકરીનો અભિપ્રાય લેવામાં આવતો નથી.

લગ્ન ઉંમર :

પારધી જાતિમાં લગ્ન માટેની યોગ્ય ઉંમર ૧૭ થી ૨૩ વર્ષની માનવામાં આવે છે. છોકરી ૧૭ થી ૨૦ વર્ષની થાય ત્યારે અને છોકરો ૧૯ થી ૨૩ વર્ષનો થાય ત્યાં સુધીમાં લગ્ન કરી દેવામાં આવે છે. આ સમાજમાં બાળ-લગ્નનું પ્રમાણ બિલકુલ નથી.

પારધીમાં છોકરો ઉંમર લાયક થાય એટલે તેના પિતા છોકરાને પરણાવવા માટે પાત્ર પસંદગીની શોધ કરે છે. આ સમાજમાં છોકરા પક્ષ તરફથી માગણી કરવામાં આવે છે. છોકરીના મા-બાપે પાત્રની શોધમાં જવું પડતું નથી.

સગાઇ :

છોકરા-છોકરીની સગાઇ ક્યારે કરવી તેને માટે કોઇ નિશ્ચિત ટાઇમ નથી. આ જાતિમાં ઘોડીયે પણ સગપણ થાય છે. મતલબ કે છોકરો-છોકરી ઘોડીયામાં હોય તેવા સમયે પણ સગપણ થાય છે. પરંતુ સામાન્ય રીતે છોકરો ૧૮ થી ૨૦ વર્ષનો અને છોકરી ૧૫ થી ૧૮ વર્ષની થાય ત્યારે સગપણ કરવામાં આવે છે. સગાઇ માટેની શરૂઆત છોકરા પક્ષ તરફથી કરવામાં આવે છે. તેની પાછળનું કારણં એવું જાણંવા મળ્યું કે પારધી જાતિમાં છોકરી કરતાં છોકરાઓની સંખ્યા વિશેષ છે. છોકરાના પિતા કોઇ નજીકના સગા મારફતે છોકરીના પિતાને સગપણ સબંધી વાત કરે છે. છોકરીના પિતાની "હા" જણાય ત્યારબાદ જ છોકરાનો પિતા છોકરીને ત્યાં જાય છે. અને વાતચીત આગળ વધારે છે. સગાઇની વિધિ છોકરીને ત્યાં કરવામાં આવે છે. છોકરા પક્ષ તરફથી પાંચથી સાત માણસો જાય છે. તેમાં સ્ત્રી-પુરૂષો બન્ને જાય છે. કોઇ જગ્યાએ જે છોકરાની સગાઇ થવાની છે તે પણ જાય છે. સગાઇમાં સામાન્ય રીતે છોકરાના પિતા, મોટાભાઇ, મામા, બનેવી વગેરે જાય છે. સગાઇની વિધિમાં છોકરી માટે એક જોડ કપડાં, કંકુની ડબ્બી, ચાંદલા વગેરે લઇ જવામાં આવે છે. કોઇની સ્થિતિ સારી હોય તો ચાંદીના

સાંકળા પણ આપે છે. સગાઇની વિધિ આ રીતે કરે છે. છોકરા પક્ષ તરફથી જે જે વસ્તુઓ આવી હોય તે છોકરીને પહેરાવવામાં આવે છે. પછી પૂર્વ દિશામાં બેસાડી તેને પ્રથમ છોકરાની મા ચાંદલો કરે છે. બાદ છોકરીની માતા ચાંદલો કરે છે. ત્યાં હાજર રહેલી સ્ત્રીઓ ગીત ગાય છે. આ સમયે છોકરા પક્ષ તરફથી વીસ કિલો ગોળ ત્યાં હાજર રહેલા બધાને વહેંચવામાં આવે છે.જો છોકરી પક્ષ તરફથી જમાડવામાં આવે તો તેના રૂા.૫૦ થી ૬૦ છોકરા પક્ષ તરફથી છોકરી પક્ષને આપવા પડે છે. સગાઇમાં જમણ થાય તો તેમાં રોટલા-શાક આપવામાં આવે છે. સગાઇની વિધિ પૂરી થઇ ગયા પછી પુરૂષ સભ્યો દારૂ પણ પીએ છે.

લગ્ન :

સગાઇ થઇ ગયા પછી બન્ને પક્ષ પોતાની અનુકૂળતા પ્રમાણે લગ્ન તિથિ નક્કી કરે છે. સામાન્ય રીતે તેઓ માગશર, પોષ અને મહા માસમાં લગ્ન ગોઠવે છે. પ્રથમ બન્ને પક્ષના વડા બ્રાહ્મણ પાસે મુહુર્ત જોવડાવે છે. જે તિથિ આવે તેના થોડા દિવસ અગાઉ છોકરી પક્ષ તરફથી લગ્ન લખી છોકરાને ત્યાં મોકલાવવામાં આવે છે. જેમાં લગ્નની જાન ક્યારે લઇને આવવું તે લખ્યું હોય છે. બાદમાં સગાવહાલાને કંકોત્રી લખે છે. જેમકે અમારા છોકરાના લગ્ન અમુક દિવસે છે તો તમો સૌ આવશો. હવે તો તેઓ કંકોત્રી છપાવવા પણ લાગ્યા છે. કંકોત્રી ઉપર હળદરના છાંટણા નાખે છે.

જે તિથિના લગ્ન હોય તેના પાંચથી છ દિવસ અગાઉ ઘરમાં ગણેશ બેસાડે છે. તેઓમાં લગ્ન વિધિ ચાર દિવસ ચાલે છે.

પ્રથમ દિવસે માંડવો :

બ્રાહ્મણે જે મુહુર્ત આપ્યું હોય તે સમયે મંડપ રોપવામાં આવે છે. આ વિધિ વર-કન્યા બન્નેને ત્યાં થાય છે. ઘરની બહાર ફળિયામાં મંડપ રોપવામાં આવે છે. એક ખાડો કરી તેમાં માણેક સ્થંભ કે જેને મીંઢોળ વગેરે બાંધેલ હોય તે રોપવામાં આવે છે.

હાજર રહેલી બહેનો મંડપના ગીત ગાય છે. પોતાની જાતિનો કોઇ સભ્ય ઢોલ વગાડે છે. મંડપ નાખવાની વિધિ બ્રાહ્મણ પાસે કરાવવામાં આવે છે. ઘરમાં ગણેશની પૂજા કરવામાં આવે છે. બપોરના સમયે છોકરા-છોકરીના માતા યા તો ભાભી મંડપ વધાવે છે. સાંજના સમયે ઢોલ રમાડે છે. એવા સમયે સ્ત્રી-પુરૂષો ઢોલની સાથે રાસ-ગરબા લે છે. રાત્રિના સમયે વર-કન્યાને પીઠી ચોળવામાં આવે છે. પહેલા તો આવી પીઠી ઘેર બનાવતા, જ્યારે હાલમાં પીઠી બજારમાંથી તૈયાર ખરીદી લાવે છે. આ દિવસે આવેલા મિત્રો-મહેમાનોને લાપસી-દાળ-ભાત વગેરે જમાડવામાં આવે છે.

બીજો દિવસ ::જાગણી રાત ::

લગ્નના બીજા દિવસને તેઓ જાગણીની રાત એ રીતે ઓળખાવે છે. આ દિવસે સવારમાં હાજર રહેલા સભ્યોને સીંગ વહેંચવામાં આવે છે. સાંજના સમયે ગોતીડો ભરવા જાય છે. ગોતીડાની વિધિ આ પ્રમાણે છે. ખાલી નાની માટલીઓ લઇને જ્યાં નદી / તળાવમાં પાણી હોય ત્યાં જાય છે. આવા સમયે વાજતે-ગાજતે હાજર રહેલા બધા જાય છે. જ્યાં પાણી હોય ત્યાંથી આ માટલીઓ ભરવામાં આવે છે. વરની ભાભી તે માટલીઓને ઉપાડીને ઘેર લાવે છે. અને બ્રાહ્મણ તેની પૂજા કરાવે છે. આ ગોતીડો એટલે કે ગોત્રજ દેવની પૂજા રાત્રિના સમયે સૌ સાથે મળી રાસ-ગરબા લે છે.

ત્રીજો દિવસ :: જાન જવી ::

લગ્નના ત્રીજા દિવસે જાન જાય છે. લગ્ન વિધિ રાત્રિના સમયે થાય છે. એટલે જાન સાંજના ચાર-પાંચ વાગ્યે નીકળે છે. જો કન્યાપક્ષનું ગામ બહુ દૂર હોય તો જાન વહેલાસર પણ નીકળે છે. જાનમાં સ્ત્રી-પુરૂષો-બાળકો થઇને આશરે ૨૫ થી ૩૦ માણસો જાય છે. જાન ગાડી, ખટારો કે રેલ્વે જે અનુકૂળ અને સસ્તુ પડે તેના દ્વારા જાય છે.

લગ્નના દિવસે વરરાજાનો પોશાક સુરવાલ, ઝભ્ભો, કોટ, બુટ અને સાફો હોય છે. કન્યાનો પોશાક ઘાઘરો, પોલકુ અને

ઓઢણુ કે જેને તેઓ "મઢ" કહે છે તે હોય છે. લગ્ન વિધિમા હાજર રહેનારા સભ્યો પોતાની પાસે જે કપડા હોય તે પહેરે છે.

છોકરાપક્ષને ત્યાથી જાન નીકળે ત્યારે સૌ પ્રથમ બ્રાહ્મણ રથની પૂજા કરાવે છે. એટલે કે જે વાહનમા જાન જવાની હોય તેની પૂજા કર્યા બાદ જાન નીકળે છે.

જાન કન્યાપક્ષને ત્યા પહોચે એટલે ગામના પાદરે બેસે છે. જ્યારે કન્યાપક્ષ તરફથી બોલાવવામા ન આવે ત્યા સુધી સૌ બેઠા રહે છે. બાદમા જ્યા ઉતારો આપ્યો હોય ત્યા સૌ જાય છે. કન્યાપક્ષના સ્ત્રી-પુરૂષો મળવા આવે છે. અને બાદમા વરઘોડો લઇને પરણવા માટે કન્યાને માડવે આવે છે.

<u>લગ્ન વિધિ</u> :

કન્યાપક્ષને ત્યા વરઘોડો પહોચે એટલે વરરાજાને પોખવામા આવે છે. વરની સાસુ વરને પોખે છે. બ્રાહ્મણ મંત્રોચ્ચાર કરે છે. વરપક્ષ તરફથી કન્યા માટે જે કપડા અને નાતના રિવાજ મુજબ સોના કે ચાદીના કાપ વગેરે લાવ્યા હોય તે આપવામા આવે છે. કન્યાના પિતાએ પણ નાકની સળી, કાસળી, કળશો વગેરે આપવાનુ હોય તે મંડપમા લાવે છે. ત્યાર પછી જમણવાર થાય છે.

વર કે જેને તેઓ લાડો કહે છે તેને અને અણવર તેમજ બીજા ત્રણ-ચારને પ્રથમ જમાડવામા આવે છે કે જેને તેઓ "વાડી" કહે છે. જેમા બે કિલો જેટલુ ચોખ્ખુ ઘી આ ચાર-પાચ જણાને આપવામા આવે છે. જમી લીધા પછી છોકરાપક્ષનાએ રૂા.૨૫૦/- કન્યાપક્ષનાને "વાડી" ના આપવા પડે છે. પછી બધા સભ્યોને જમાડવામા આવે છે. જમણમા લાપસી, દાળ, ભાત અને શાક હોય છે. હવે કોઇ કોઇ લાડુ - ગાઠીયા પણ જમણમા આપે છે.

પછી થાય છે લગ્નની વિધિ. આ વિધિ બ્રાહ્મણ કરાવે છે. પહેલા જે વિધિ કરે છે તેને તેઓ ચોરી કહે છે. આમા વર-કન્યા ફેરા ફરે છે. પ્રથમ ત્રણ ફેરામા છોકરી આગળ રહે છે. છેલ્લા

ફેરામા છોકરો આગળ રહે છે. ફેરા ફરી લે પછી વર-કન્યા દૂધની રમત રમે છે. ત્યારબાદ છોકરીના ભાઇને બોલાવી બ્રાહ્મણ મંત્રોચ્ચાર કરતા કરતા જવ-તલ હોમે છે. રાત્રિના સમયે વીંટાથી અને રૂથી વર-કન્યાને રમાડે છે. તેમા કંકુવાળા પાણીમા વીંટા નાખવામા આવે છે. અને વર કે કન્યા જેના હાથમા પ્રથમ વીંટી આવે તે જીતે છે. આમ વિધિ થતા જતા રાત્રિના બેથી ત્રણ થઇ જાય છે. આ બધી વિધિ પૂરી થઇ જાય એટલે કન્યા એમ બોલે છે કે " લે તારો છોકરો હુ જાવ પાણી ભરવા." આનો અર્થ શુ થાય તે તેઓ જાણતા નથી, પરંતુ પરાપૂર્વથી એમ બોલવાનુ ચાલ્યુ આવે છે. તેથી તેઓ તેને અનુસરે છે. લગ્ન વિધિ ચાલુ હોય ત્યા વર અને કન્યા પક્ષ તરફથી હાજર હોય તે બહેનો ગીત અને ફટાણા ગાય છે. પુરૂષો ચા-બીડી અને દારૂ પીએ છે. હાજર રહેલા બધા લોકો વર-કન્યાને ચાંદલો કરે છે, જેમા રૂપિયા બે, પાંચ કે દશ આપે છે.

## ચોથો દિવસ :: વિદાય ::

આ દિવસે સવારે મામેરા કરવામા આવે છે. મામેરામા વર-કન્યાના મામા પોતાની બહેનોને પોતાની શકિત પ્રમાણે વાસણ, કપડા કે રોકડ રકમ આપે છે. પછી કન્યાપક્ષ તરફથી વરના બાપને ફાળિયુ અને વરની માતાને લાખીણુ (કાપડુ) આપવામા આવે છે. કન્યાના પિતા જાનને ભોજન આપે છે. અને બપોર બાદ જાનની વિદાય થાય છે. બ્રાહ્મણને લગ્ન વિધિ કરાવવાના રૂ.૨૫/- કે રૂ.૫૧/- આપવામા આવે છે. જે પૈસા વર અને કન્યાના પિતા મળીને આપે છે. કન્યા વરની જોડે જાય છે. સાથે અન્ય કોઇ સ્ત્રી કે પુરૂષ જતા નથી. જાન ઘેર આવે એટલે વરની માતા વર-કન્યાને મંડપ નીચે રાખી પોખે છે. પછી વર-કન્યા ગણપતિ, કુળદેવી અને વડીલોને પગે લાગે છે અને સૌ પોતપોતાને ઘેર જાય છે.

આમ પારધી જાતિમા લગ્નની સમગ્ર પ્રક્રિયા ચાર દિવસ સુધી ચાલે છે. લગ્નમા તેઓને રૂ. ૨૦૦૦ થી રૂ. ૫૦૦૦/- સુધીનો ખર્ચ થાય છે.

લગ્ન પછીના સાત દિવસે કન્યાપક્ષ તરફથી સાત જણા કન્યાને તેડવા જાય છે. કન્યા પોતાના પિતાને ત્યાં એકાદ-બે માસ રહે છે. પછી પોતાના શ્વસુર પક્ષ તરફથી કોઇ આવીને તેડી જાય છે. પછી કોઇ વાર-તહેવારે તેણી પોતાના પિયરમાં જાય છે.

છૂટાછેડા :

પારધી જાતિમાં છૂટાછેડા સમાજ માન્ય છે. આમ છતાં ગમે તેમ છૂટાછેડા અપાતા નથી. જો બરોબર કારણ હોય તો જ નાતનો વડો છૂટાછેડા આપે છે. જો કે એવું જાણવા મળ્યું કે પારધી જાતિમાં છૂટાછેડાનું પ્રમાણ ઘણું ઓછું છે. છૂટાછેડા માટે સ્ત્રી-પુરૂષને બનતું ન હોય, પત્ની કહ્યામાં ન રહેતી હોય, કોઇ પર પુરૂષ જોડે સબંધ હોય, બાળકો ન થતા હોય, કોઇ ગભીર રોગ હોય તો જ છૂટાછેડા અપાય છે. છૂટાછેડામાં નાત રૂપિયા ૨૫૦/- જેટલો દંડ કરે તે, વળી નાતનો ખર્ચ, ધર્મ (ગાયોની નીરણ) નો ખર્ચ વગેરે જે પાત્રનો દોષ હોય તેણે આપવો પડે છે.

બન્ને પાત્રની સંમતિથી છૂટાછેડા લેવાય તો પુરૂષે આપેલ દહેજ વગેરે મળતું નથી, પરંતુ સ્ત્રી સામેથી છૂટાછેડા માગે તો દહેજ, લગ્નમાં થયેલ ખર્ચ વગેરે પુરૂષ પક્ષને આપવું પડે છે, જ્યારે પુરૂષ સામેથી છૂટાછેડા આપે તો નાત જે દંડ કરે તે પુરૂષે આપવો પડે છે.

પતિ-પત્ની છૂટાછેડા લે તેવા સમયે જે સંતાન હોય તેના ઉપર હક્ક પુરૂષનો લાગે છે, પરંતુ સંતાન નાનું હોય તો સ્ત્રી પોતાની પાસે રાખે છે જે મોટું થતાં પુરૂષ પક્ષને સોંપવું પડે છે.

પુનઃલગ્ન :

પારધી જાતિમાં પુનઃલગ્ન માન્ય છે. એટલે સ્ત્રી-પુરૂષે છૂટાછેડા લીધેલ હોય કે વિધવા - વિધુર હોય તો તે બીજા

લગ્ન કરી શકે છે. જો કે બીજા લગ્ન કરે તેમાં કોઇ વિધિ હોતી નથી. બીજા લગ્નને તેઓ "ઘરઘરણુ" એ રીતે કહે છે. આ વિધિ સ્ત્રી પક્ષને ત્યાં થાય છે. આમાં જે બે પાત્રો લગ્ન કરવાના હોય તેને રાત્રિના સમયે માથે ઓઢણુ ઓઢાડવામાં આવે છે, અને બન્નેના માથા ભટકાવે એટલે લગ્ન વિધિ પૂરી. આવા પાત્રોને વિધિ પૂરી થયા પછી રાત્રે જ મોકલી દેવામાં આવે છે. રાત્રિ રોકવામાં આવતા નથી. રાત્રિ રોકાણને તેઓ અપશુકન માને છે.

આવા લગ્નો સામાન્ય રીતે બન્ને પાત્રો સરખા હોય તેની વચ્ચે થાય છે. એટલે કે વિધવાને કોઇ કુંવારો છોકરો કે વિધુરને કોઇ કુંવારી છોકરી મળતી નથી.

<u>દિયરવટુ :</u>

પારધી જાતિમાં દિયરવટુ થઇ શકે છે. એટલે કે પત્નીનો પતિ ગુજરી જાય તો પતિના નાના ભાઇ સાથે તેણી લગ્ન કરી શકે છે. આમાં બન્નેની સંમતિ હોય તો સમાજ સમક્ષ તેઓ બન્ને કહે છે કે અમે લગ્ન કરવા ઇચ્છીએ છીએ. આમાં કોઇ વિધિ નથી. આમાં પણ પતિના નાનાભાઇ એટલે કે દિયર સાથે લગ્ન થાય છે. મોટાભાઇ જેઠ સાથે લગ્ન થતા નથી. કારણ કે જેઠને તે પિતા કે મોટાભાઇ તુલ્ય માને છે.

<u>સાળીવટુ :</u>

પારધીમાં સાળીવટુ પણ થઇ શકે છે. પત્નીના અવસાન બાદ પત્નની બહેન સાથે લગ્ન કરી શકે છે. જેમાં બહેન નાની કે મોટી હોય શકે. આ સાળીવટા પાછળ સંતોનોની સંભાળનો ખ્યાલ જોવા મળે છે.

<u>વિધવા :</u>

પારધી સમાજમાં વિધવાનુ સ્થાન સામાન્ય છે. પોતાના પતિના અવસાન બાદ જો કોઇ સ્ત્રી વિધવા તરીકે રહેવા ઇચ્છા

રાખે તો રહી શકે છે. મતલબ કે બીજા લગ્ન ન કરવા ઇચ્છે તો કોઇ વાંધો ઉઠાવતા નથી, પરંતુ સમાજમાં આવી સ્ત્રીનું સ્થાન સામાન્ય અને નિમ્ન માનવામાં આવે છે. કોઇ ધાર્મિક કામમાં તેને બોલાવવામાં આવતી નથી. વળી તેને અપશુકનિયાળ પણ માનવામાં આવે છે.

મૃત્યુ :

વ્યકિત જયારે મરણ પથારીએ હોય ત્યારે નજીકના સંબંધીઓ જેવા કે ભાઇ, કાકા, બહેન, મામા વગેરેને બોલાવી લેવામાં આવે છે. વ્યકિત મરી ગઇ છે એવો ખ્યાલ આવે એટલે ગામમાં રહેતા પોતાની જાતિના સભ્યોને બોલાવવામાં આવે છે. મૃતદેહને ભોંય પર મૂકવામાં આવે છે. બાજુમાં ઘીનો દીવો પ્રગટાવવામાં આવે છે. પ્રથમ મૃતદેહને નવરાવવામાં આવે છે. તેને કપાળે ચાંદલો કરવામાં આવે, મેંદી લગાડવામાં આવે છે. પછી વાંસની ઠાઠડીમાં બાંધી માથે ખાપણ (નવું કપડું) ઓઢાડવામાં આવે છે.

મૃતદેહને નજીકના સગાંઓ જેમાં દિકરા-ભાઇ વગેરે ઉપાડે છે. આગળ એક માણસ જુવાર લઇને ચાલે છે અને જુવાર વેરતા-વેરતા બોલે છે કે "હે ધરતી માતા હવે તું આને સંભાળજે, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ રક્ષા કરો." તેની પાછળ પુરૂષો હોય છે જેઓ ઇશ્વરનું સ્મરણ કરતા ચાલે છે. પાછળ સ્ત્રીઓ હોય છે. જે થોડે સુધી આવી પાછી ફરે છે. ગામની બહાર વિસામો કરે છે જયાં ઠાઠડી ઉપાડેલ વ્યકિતઓ શ્રીફળ ફોડે છે. એવા સમયે ખાપણમાંથી એક કાપડનો ટુકડો કાપી સાથે પાંચ કે દશ પૈસા નાખી ફેંકી દે છે.

પારધી જાતિમાં મૃતદેહને દાટે છે એટલે સ્મશાને ગયા બાદ મોટો ખાડો કરી મૃત વ્યકિતને દાટવામાં આવે છે. ત્યારબાદ બધા પુરૂષો ન્હાઇને મૃત વ્યકિતને ઘેર જાય છે. બધા ઉપર પાણી છાંટવામાં આવે છે. પછી દરેક પોતપોતાને ઘેર જતા રહે છે.

મૃત્યુ બાદની વિધિ :

મૃત્યુ પછી જેમ જેમ સગાસબંધીને ખ્યાલ આવતો જાય તેમ મૃત વ્યકિતને ત્યાં આશ્વાસન આપવા લોકો આવે છે. આમાં પોતાની જાતિના લોકો અન્ય ગામમાંથી આવે છે. આને તેઓ કાણે આવવું કહે છે. કાણે આવેલા દરેક સભ્યો મૃત વ્યકિતને ત્યાં ભજર (દાન) આપે છે. જેમાં રૂપિયો એક કે બે આપે છે. આની પાછળ મદદ કરવાનો આશય રહેલો હોય તેવું લાગે છે. મૃત્યુ પછીના ત્રીજા દિવસે ઘરમાં ગૌ મુત્ર છાંટવામાં આવે છે કે જેથી ઘર પવિત્ર બને. તે દિવસે સાંજના સમયે કિડયારૂ પૂરે છે. એટલે કે ખુલ્લી જમીનમાં પેંડો, લોટ વગેરે નાખવામાં આવે છે કે જેથી કીડી વગેરે ખાય. દસમે દિવસે સોગ ઉતારે, તે દિવસે પુરૂષો દાઢી-મૂછ કઢાવે છે અને રાત્રે ભજન બેસાડવામાં આવે છે.

બારમા દિવસે દાડો કરવામાં આવે છે. ત્યારે બધા (સગાવહાલા) ને જમાડવામાં આવે છે. બ્રાહ્મણ પાસે શ્રાધ્ધ વિધિ પણ કરાવે છે. અને મરનારને પીંડ આપવામાં આવે છે.

મૃત્યુ બાદ વ્યકિતનું શું થયું? તે મોક્ષ પામ્યો કે તેની ઇચ્છાઓ બાકી રહી ગઇ છે તે જાણવા માટે ઘણાં લોકો અને ખાસ કરીને માતા પથી લોકો શખઢોળની વિધિ કરે છે.

શખઢોળ વિધિ :

આ વિધિ લગભગ રાત્રિના સમયે કરવામાં આવે છે. તેમાં જેણે ગુરૂ પાસેથી કંઠી લીધી હોય તેવા જ સભ્યો ત્યાં બેસી શકે છે. એટલે કે તેઓની ભાષામાં સુગરા આવી શકે. નુગરા ન આવી શકે. મૃત્યુ પામેલ વ્યકિતનું શું થયું? તે જાણવા માટે આ વિધિ કરાવે છે. આ વિધિ ગુરૂ દ્વારા કે માતાપથીના ભકત દ્વારા કરવામાં આવે છે. આમાં એક વેતની નાની સીડી બનાવવામાં આવે છે. તેને સાત પગથીયા કરવામાં આવે છે. એક લુગડાના ગાભાનું નાનું પુતળું પણ બનાવે છે. આ પુતળુ મરનાર માણસનું હોય તેમ કલ્પે છે. આ સીડીની ઉપર એક દોરી બાંધી તેમાં

થોડા - થોડા અંતરે રૂના પુમડા મૂકે છે. બાદમાં પુતળાને કલ્પી લીધેલી સ્વર્ગની સીડી પર ચડાવવામાં આવે છે. સીડીના સાતે પગથીયા ચડી જાય પછી દોરીને સળગાવવામાં આવે છે. જો આ દોરી એકદમ સળગી જાય તો મૃત આત્મા એટલા વેગે સદ્ગતિ પામ્યો હશે એમ માનવામાં આવે છે. અને વચ્ચે બળતાં-બળતાં અટકી જાય તો તેની કંઇક ઇચ્છાઓ રહી ગઇ હશે તેમ માનવામાં આવે છે. આથી તેને જે પ્રિય હોય તેવી વસ્તુઓ દાન કરવામાં આવે છે. હવે કોઇ વ્યક્તિ આપઘાતે મરે તો ખતરો (ડાડો) બેસાડે છે. તેમાં લાકડાની પૂતળી બનાવે છે અને ફળિયાવાળા બધાને જમાડે છે. જો કોઇ હિંગળાજ માતાજીના દર્શને ગયો હોય અને તે મૃત્યુ પામે તો તેને ડેરીમાં બેસાડે છે અને તેમાં નાતને લાડુ-દાળ-ભાત વગેરે જમાડે છે. પારધી જાતિમાં મૃત્યુ વિધિ પાછળ લગભગ રૂ. ૧૫૦૦/- જેટલો ખર્ચ થાય છે.

આમ સમગ્ર રીતે જોતાં પારધી જાતિના સામાજિક પાસા ઉપર આર્થિક સ્થિતિનો પ્રભાવ પડે છે. જન્મથી મૃત્યુ સુધીના રિવાજોમાં આર્થિક બાબત સીધી કે આડકતરી રીતે દેખાય આવે છે. આજે તેઓની સ્થિતિ સારી ન હોવા છતાં સમાજે નક્કી કરેલા રિવાજો તો પાળવા જ પડે છે. પ્રસૂતિમાં સ્ત્રીને સારો ખોરાક ન આપી શકે તો પણ મૃત વ્યક્તિ પાછળ દાડો કરવો જ પડે છે. આમ સામાજિક રિવાજોની અસર તેમના સમગ્ર જીવન ઉપર પડયા વગર રહેતી નથી.

0000000

## પ્રકરણ : ૬ :

### ધાર્મિક જીવન

ધર્મ અને તેની ભૌતિક સંસ્કૃતિ સાર્વત્રિક છે. સામાજિક જીવનના દરેક ક્ષેત્રે ધર્મ પ્રગટ કે પ્રછન્ન સ્વરૂપે જોવા મળે છે. અલબત્ત સમાજની આર્થિક, સામાજિક સ્થિતિ, ભૌગોલિક વાતાવરણ અને સંસ્કૃતિ પ્રમાણે ધાર્મિક માન્યતાઓ ભિન્ન ભિન્ન પ્રકારની જોવા મળે છે. આ જાતિના ઉદ્ભવનો ઇતિહાસ જોતા ખ્યાલ આવે છે કે તેઓ મૂળ રજપૂત હતા. રજપૂતો હિન્દુ ધર્મને માને છે. મોટાભાગના પારધી લોકો હિન્દુ ધર્મને માને છે. કેટલાક મુસલમાન ધર્મને માને છે.[1] જો કે મારા ક્ષેત્રકાર્ય દરમિયાન જે જે આગેવાનોનો સંપર્ક સાધ્યો તેઓ પાસેથી હિન્દુ ધર્મમા માનતા હોવાની વાત સાંભળી.

પારધી જાતિ હિન્દુ ધર્મમા શ્રધ્ધા રાખે છે. તેઓ હિન્દુ દેવ-દેવીઓની પૂજા વિધિ કરે છે. તેઓ ચાવડ, મમૈયા, મેલડી, શંકર અને ગણપતિને પૂજે છે. મહાદેવ શંકર ઉપર વધારે શ્રધ્ધા રાખે છે. આ ઉપરાંત બોરડી, સ્નમી, આંબો, જાંબુ, ઉબરો જેવા વૃક્ષોને અથવા તેના પાન કે કાંટાને તેઓ પોતાના કુળદેવ ગણી પૂજે છે.[2] તેમજ પાળુ, વાછરો, શુરાપુરા અને પાળીઆમાં પણ માને છે. પારધી લોકો આ દેવ-દેવીને કઇ રીતે માનતા થયા તે વિષે કોઇ માહિતી મળતી નથી. પરંતુ એટલુ જરૂર કહી શકાય કે પારધી લોકો ઉપર હિન્દુ સંસ્કૃતિ અને ધર્મની અસર છે.

#### પારધી જાતિમા ધર્મનુ સ્થાન :

પારધી લોકોની આર્થિક સ્થિતિ ઘણી ખરાબ છે. મોટાભાગનો વર્ગ કુદરત આધારે જીવે છે તેમ કહીએ તો અતિશ્યોકિત નથી. વ્યકિત માટે બે ટાઇમ ખાવા પૂરતુ અનાજ ન હોય, રહેવા માટે યોગ્ય મકાન ન હોય તેમનુ જીવન અનિશ્ચિત હોય ત્યારે તે

---

૧ ગુજરાતના આદિવાસીઓ :: વિમલ શાહ
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પે. નં. ૩૭

૨ " " " "

ધાર્મિક બાબતો તરફ ઝૂકે છે. તેમના જીવનના દરેક સામાજિક પ્રસંગોએ અને ઉજવાતા ઉત્સવોમા ધર્મનુ સ્થાન આગવી રીતે તરી આવે છે.

પારધી જાતિમા જુદા જુદા કુળ છે. આ કુળ પ્રમાણે દરેકને દેવ-દેવી હોય છે કે જેને તેઓ કુળદેવ કહે છે. આમા મોટાભાગના કુળને તો દેવી જ છે. જ્યારે અમુક કુળમા દેવ છે. પારધી જાતિમા આવતી શાખના કુળદેવી આ પ્રમાણે છે.

| ક્રમ | શાખ ( કુળ - ગોત્ર ) | કુળદેવી |
|---|---|---|
| ૦૧ | રાઠોડ | ચામુંડા |
| ૦૨ | સોરઠ | સીકોતેર |
| ૦૩ | પરમાર | ગાત્રા |
| ૦૪ | જાગા | માલણ |
| ૦૫ | ચૌહાણ | શક્તિ |
| ૦૬ | મકવાણા | ખોડિયાર |
| ૦૭ | ભટ્ટી | ગાત્રા |
| ૦૮ | કનાર | શક્તિ માતા ગાત્રા |
| ૦૯ | સોમી | પાંગુડાડો |
| ૧૦ | સગાર | " |
| ૧૧ | નકાણી | - |

આમ ઉપરોકત જુદા જુદા કુળ પ્રમાણે તેની કુળદેવી કે કુળદેવ રહેલા છે. જેમા અમુક શાખને જેમકે પરમાર, ભટ્ટીને એકજ કુળદેવી (ગાત્રા) છે. આ રીતે જેમને એકજ કુળદેવ હોય તેવા વચ્ચે પણ લગ્ન સબંધ થતા નથી.

## ધાર્મિક ભાવના :

ધર્મમા દરેક કુટુંબ કોઇને કોઇ દેવ-દેવીને માને છે. પહેલી પૂજા તેઓ પોતાની કુળદેવીની કરે છે. તેમજ પ્રસંગોપાત પૂજા વિધિ અને નૈવેધ કરવામાં આવે છે.

આ દેવ-દેવીઓમાં કેટલાકની પૂજા વ્યક્તિગત રીતે કરવામાં આવે છે તો કેટલાકની પૂજા સામૂહિક રીતે કરે છે. જેમકે કુળદેવીની પૂજા વ્યકિતગત રીતે કરે છે. જયારે શંકરની પૂજા તેઓ સામૂહિક રીતે કરે છે. પારધી લોકો પોતાના ઘરમાં એક બાજુ પોતાના કુળદેવનુ સ્થાપન રાખે છે. તેમાં મોટેભાગે દેવ-દેવીની છબી હોય છે તો કોઇ વળી અમુક પ્રતિક (લાકડુ - પથ્થર) પણ રાખે છે. અમુક ગામમાં (અજાર) તો તેઓએ દેવ-દેવી માટે અલગ મકાન રાખ્યુ છે કે જયાં દેવનુ સ્થાપન કર્યુ છે. પૂજારી પૂજા વિધિ કરે છે અને દર શુક્રવારે પારધી લોકો ભેગા થઇને ભજન-કિર્તન પણ કરે છે. તેઓ નિયમિત પૂજા વિધિ કરતાં નથી. જે ભગત હોય છે તે દરરોજ સવાર-સાંજ માતાને ધૂપ-દીપ કરે છે. જયારે મોટાભાગના કુટુંબો અમુક દિવસોએ જ માતાને ધૂપ-દીપ કરે છે.

<u>તહેવારો - ઉત્સવો</u> :

• પારધી લોકો હિન્દુ ધર્મમાં આવતાં મોટાભાગના તહેવારો ઉજવે છે. આમ છતાં તેઓ પોતાના તહેવારો તરીકે હોળી, જન્માષ્ટમી, નવરાત્રિ અને દિવાળીને માને છે. ઉત્સવ કે તહેવાર ઉજવવા પાછળ કોઇ કારણ જણાવતા નથી, ફકત આનંદ માટે આવા તહેવારો મનાવે છે. આ ઉપરાંત સામાજિક અને ધાર્મિક ઉત્સવો સાથે આવતા હોવાથી તેનો સુમેળ ચાલુ રહે તેટલા માટે ઉત્સવો ઉજવે છે.

પારધી લોકો હિન્દુ સમાજ જોડે રહે છે. આથી જે રીતે હિન્દુ લોકો તહેવારોને ઉજવે છે એજ રીતે પારધી લોકો પણ દરેક તહેવાર ઉજવે છે. દરેક સમાજ કે સમુદાય પોતાની સંસ્કૃતિના ઢાંચામાં રહીને, પોતાની સામાજિક - આર્થિક સ્થિતિને કેન્દ્રમાં રાખી દરેક ઉત્સવો ઉજવે છે. પારધી લોકો જે તહેવારો ઉજવે છે તેને હવે જોઇએ તો :-

(૧) શિવરાત્રી :

પારધી લોકો શિવના પૂજારી છે. દરેક કુટુંબ શિવને માને છે. શિવરાત્રીને દિવસે તેઓ ઉપવાસ કરે છે. તેઓ આ દિવસે માંસ-મટન ખાતા નથી, દારૂ પીતા નથી અને પવિત્ર રહીને દિવસ પસાર કરે છે. બપોરના ફળાહાર કરે છે. સાંજના સમયે શિવ મંદિરમાં જઇને દર્શન કરે છે, ભાંગની પ્રસાદી લે છે અને રાત્રે ભજન કરે છે.

(૨) હોળી :

આ દિવસે તેઓ ભોજનમાં કોઇ મીઠાઇ (શીરો-લાપસી) બનાવે છે. સાંજના સમયે નાના-નાના બાળકો ઉતાસણી પ્રગટાવવા માટે ઘેર-ઘેરથી છાણાં ઉઘરાવે છે. રાત્રે લગભગ નવ વાગ્યે ઉતાસણી પ્રગટાવવામાં આવે છે. સામાન્ય રીતે આ ઉતાસણી વાઘરી કોમનો કોઇ સભ્ય પ્રગટાવે છે. તેને ઉતાસણી પ્રગટાવવા માટે અમુક રકમ આપવામાં આવે છે. ઉતાસણી પ્રગટે ત્યારે પારધી જાતિનો જ કોઇ સભ્ય ઢોલ વગાડે છે. જે નવા પરણેલ હોય તેઓ ઉતાસણીમાં શ્રીફળ વગેરે પધરાવે છે અને ઉતાસણીને પ્રદક્ષિણા કરે છે. આ સિવાય અન્ય લોકો પણ ઉતાસણીમાં શ્રીફળ પધરાવે છે અને પ્રદક્ષિણા કરે છે. નવજાત બાળકને ઉતાસણીના દર્શન કરવા લઇ જાય છે.

બીજા દિવસે ધૂળેટી મનાવે છે. સવારમાં સામ-સામા રંગે રમે છે. તેમાં ભાભી-દિયર, ભાભી-નણંદ વગેરે તો ખૂબજ રંગે રમે છે. રંગ ઉપરાંત કાદવ-કીચડથી પણ ઘણાં રમે છે. પછી છોકરાઓ ઘેર ઘેર ફરીને ગોઠ ઉઘરાવે છે, જેમાં મુખ્યત્વે પૈસા ઉઘરાવે છે. તેમાંથી કોઇપણ ખાવાની વસ્તુઓ લે છે. અને સામૂહિક રીતે નાના બાળકો ખાય છે. મોટા પુરૂષ સભ્યો આ દિવસે દારૂ પણ પીએ છે. આ દિવસે કામની છૂટ્ટી રાખે છે. આથી બધા સભ્યો ભેગા થઇને દારૂ પીએ છે. આમ હોળીનો તહેવાર તેઓ બે દિવસ મનાવે છે.

(૩) <u>સાતમ - આઠમ :</u>

આ તહેવાર આમ તો ચાર-પાચ દિવસ ઉજવાય છે, આમ છતા લોક બોલીમા સાતમ-આઠમ કહેવાય છે. ચોથથી આ તહેવારની શરૂઆત થાય છે. આ દિવસે મોટાભાગની સ્ત્રીઓ બાજરાનો રોટલો ખાય છે અને ગાયનુ દૂધ ઉપયોગમા લેતા નથી. સાંજે ગાય માતાની પૂજા કરે છે. પાચમને દિવસે તેઓ નાગદેવની પૂજા કરે છે. છઠ્ઠને દિવસે તેઓ પૂરી-ઢેબરા વગેરે બનાવે છે કે જેથી સાતમને દિવસે ઠંડુ ખવાય. સાતમને દિવસે તેઓ ગરમ વસ્તુ બનાવતા નથી. બધા જ સભ્યો ઠંડુ ખાય છે. તેઓ માને છે કે જો સાતમને દિવસે ગરમ ખાય તો શીતળામાતા કોપાયમાન થાય છે. તેઓ આ દિવસે શીતળા માતાની પૂજા પણ કરે છે. પૂજા કરવા પાછળનો ઉદ્દેશ એ છે કે ઘરના સૌ સભ્યોની આંખોની શીતળામાતા રક્ષા કરે. આઠમને દિવસે સવારમા તેઓ સારા કપડા પહેરી નજીકના સ્થળે ભરાતા મેળામા જાય છે.

(૪) <u>નવરાત્રિ :</u>

નવરાત્રિમા તેઓ દેવીની પૂજા કરે છે. રાઠોડ, સોરઠ, ભટ્ટી, જાગા, ચૌહાણ, કનાર, મકવાણા વગેરે કુટુંબના સભ્યો પોતાના કુળદેવીની પૂજા, હવન અને નૈવેદ્ય કરે છે. ઘણા પુરૂષો આ દિવસોમા એકટાણુ ભોજન કરે છે. રાત્રિના સમયે રાસ-ગરબા લે છે. દશેરાના દિવસે તેઓ માતાની પૂજાનુ વિસર્જન કરે છે. પ્રથમ બાળકના વાળ પણ આજે દિવસે ઉતારે છે. આમ નવરાત્રિના ઉત્સવ ખૂબજ ધામધૂમથી નવ દિવસ સુધી મનાવે છે.

<u>દિવાળી :</u>

દિવાળીનો તહેવાર ત્રણ-ચાર દિવસ મનાવે છે. કાળી ચૌદશને તેઓ અશુભ માને છે. આ દિવસે પ્રેત, ભૂત વગેરે બહાર ફરવા નીકળે તેમ માને છે. જે ભૂવા-ભગત છે તે આ દિવસે મંત્રવિદ્યા કરે છે. કોઇ નવા સભ્યોને મંત્ર કે મેલી વિદ્યા શીખવી હોય તો તે આ દિવસે શીખે છે. આ દિવસને ખરાબ માનતા હોવાથી કોઇ સારૂં કામ આ દિવસે કરતા નથી. માત-પિતા પોતાના બાળકોને આ દિવસે બહાર નીકળવા દેતા નથી.

દિવાળીના દિવસે બપોરના તેઓ લાપસી-શીરો વગેરે બનાવે છે. સારા કપડા પહેરી ફરે છે. જે લોકો શહેરમાં રહેતા હોય તે રોશની જોવા જાય છે અને રાત્રે ફટાકડા ફોડે છે.

નવા વર્ષના શુભ દિવસે એક બીજાને રામ-રામ કરે છે. કોઇ વચ્ચે વૈમનસ્ય હોય તો આ નવા દિવસથી તેને ભૂલી જઇ હળી મળીને રહે છે.

આમ ઉપરોકત તહેવારો જોતા સ્પષ્ટ ખ્યાલ આવશે કે આ તહેવારો તેને ઉજવવાની - મનાવવાની રીત સભ્ય સમાજમાંથી આવી હોય તેવુ લાગે છે.

ઉપરોકત ઉત્સવો - તહેવારો ઉપરાંત આ જાતિના લોકો મેળો ભરે છે.

મેળો :

શિવરાત્રીને દિવસે આ મેળો ભરાય છે. તેઓનો મોટો મેળો બજારમાં ભરાય છે. ગામે ગામથી પારધી સ્ત્રી-પુરૂષ-બાળકો આ મેળામાં આવે છે. પારધી લોકોએ અને સભ્ય સમાજના કોઇ લોકોએ જુદા જુદા સ્ટોલ કર્યા હોય છે; જ્યાં બાળકો માટે રમકડાં, ચપ્પુ-છરી, ખાવા-પીવાની વસ્તુઓ વગેરે મળે છે. દરેક પોત-પોતાની રીતે ખરીદે છે. પારધી યુવાનો દાંડીયા-રાસનો પ્રોગ્રામ રાખે છે. જે બહારગામથી પારધી લોકો આવ્યા હોય તેને માટે સ્થાનિક પારધી લોકો જમવાની વ્યવસ્થા કરે છે. ઘણીવાર મેળામાં એક-બીજા વચ્ચે દુશ્મનાવટ હોય તે વેરવૃત્તિ પણ વાળે છે.

ભૂત - પ્રેત - ડાકણ :

પારધી લોકો ભૂત - પ્રેતમાં માને છે. તેઓ માને છે કે અમુક જગ્યાઓ જેવી કે સ્મશાન વગેરે અપવિત્ર હોય છે ત્યાં ભૂત થાય છે. એ ઉપરાંત પ્રેતમાં પણ માને છે. કોઇ માણસ આપઘાતથી

કે અઘોગતિએ મરી ગયો હોય ~~હોય~~ તેની ઇચ્છાઓ બાકી રહી ગઇ હોય ત્યારે તે પ્રેત સ્વરૂપે આવે છે. જયા પ્રેત કે ભૂતની જગ્યા હોય તેમા પેશાબ થઇ જાય કે ચલાઇ જાય તો તે માણસને વળગે છે અને તે વળગાડ ઉતારવા માટે ભૂવા પાસે જાય છે. આ ઉપરાંત તેઓ ડાકણમા માને છે. સામાન્ય રીતે તેઓ માને છે કે જીવતી અને મરેલ એમ બે પ્રકારની ડાકણ હોય છે. તેમા જીવતી ડાકણ વાણીયામા આવે છે. ડાકણની નજર ખરાબ હોય છે, તે કોઇ સામે જુએ તો તે બિમાર થાય, સારી વસ્તુ હોય તો તે બગડી જાય, કોઇ બાળક બિમાર થઇ જાય વગેરે થાય છે. ડાકણ વળગે તો ભૂવા પાસે જઇ દાણા જોવડાવી તેનો ઇલાજ કરવો પડે છે. ભૂવા જે વિધિ સૂચવે તે કરવી પડે છે.

**ભૂવા – ભગત :**

પારધી લોકો ભૂત-પ્રેત-ડાકણ વગેરેમા ખૂબજ માને છે. કોઇ બિમાર થાય, અચાનક આફત આવે, કોઇ પશુ બિમાર થાય કે માંદુ પડે તો તેઓ ભૂવા પાસે જાય છે. ભૂવા દાણા જોઇને જે કહે તે કરે છે. જેમકે દેવને ભોગ ચડાવવો, નૈવેદ્ય ધરવું વગેરે, ઘણીવાર તો માણસ મરી જવાની તૈયારીમા હોય તો તેઓ ડોકટર પાસે ન જતા ભૂવા-ભગત પાસે જાય છે.

**ભોગ – બલિદાન :**

દરેક વ્યકિતને કોઇને કોઇ ઇચ્છા હોય છે. તે ઇચ્છા પૂરી કરવા માટે તેઓ ગમે તે કરવા તૈયાર થાય છે. પારધી લોકો પોતાની ઇચ્છાઓ પૂરી કરવા, મૂઝવણમાથી પસાર થવા, માંદગીમાથી છૂટવા વગેરે માટે દેવીને બોકડાનુ બલિદાન દે છે. જો કે આનુ પ્રમાણ હવે ઓછુ થતુ જાય છે. છતા ગ્રામ્યકક્ષાએ ઘણા લોકો દેવને બોકડો ચડાવે છે. જયારે અમુક લોકો શ્રીફળ પણ ચડાવે છે. તેઓના જણાવ્યા અનુસાર વ્યકિતએ કેવું કાર્ય કરવાનુ છે તેને આધારે ભોગ ચડાવાય. જો કોઇ મરણ પથારીએ હોય, તેને સાજો કરવા દેવને બોકડાનુ બલિદાન ચડાવે છે. જયારે નાના-નાના કામ માટે દેવને શ્રીફળ ચડાવે છે.

આમ પારધીમાં ઘણીવાર તો દેવમાં શ્રધ્ધાને બદલે અંધશ્રધ્ધા જોવા મળે છે. મારા ક્ષેત્રકાર્ય દરમિયાન એવું જાણવા મળ્યુ કે એક યુવાનને પેટમાં દર્દ ઉપડ્યુ, તે બેભાન જેવો થઇ ગયો તો આવા સમયે તેને ભૂવા પાસે લઇ ગયા. ભૂવાએ ધૂણીને દાણા જોઇને કહ્યુ કે આને વળગાડ છે. તેને વળગાડ કાઢવા માટે રાત્રે ડાકલા બેસાડયા, ભૂવા ધૂણવા લાગ્યા અને વળગાડ કાઢવા યુવાનને મારવા લાગ્યા. પરંતુ એ યુવાનને તો વળગાડ કયાં હતો? આ ભૂવાની શ્રધ્ધામાં અને શ્રધ્ધામાં પેલો આશાસ્પદ યુવાન મૃત્યુ પામ્યો. આવી છે પારધી જાતિના લોકોમાં ભૂવા-ભગતમાં શ્રધ્ધા.

0000000

## પ્રકરણ :૭:

### ઉપસંહાર અને વિકાસનું આયોજન

આ અભ્યાસને મેં સમાજ માનવશાસ્ત્રીય અને વિકાસ વિષયક અભ્યાસ કહ્યો છે. મને એવું લાગે છે કે જ્યાં સુધી પારધી સમાજનું બીજી જાતિઓ સાથેનું, સ્થાનિક અર્થ વ્યવસ્થા સાથે અને ત્યાંની ભૂભૌગોલિક પરિસ્થિતિ સાથેની આંતરંગ સમાજ વ્યવસ્થા ન સમજી શકીએ ત્યાં સુધી એમને માટે વિકાસનું કોઇ પગલું સાર્થક ન થઇ શકે. તેથી જ મેં અગાઉના પ્રકરણોમાં આ બધું બતાવવા પ્રયત્ન કર્યો છે. મતલબ કે આ નાના સમૂહનો સમાજ માનવશાસ્ત્રીય અભ્યાસ કર્યો છે અને એની ખૂબી અને ખામીઓ જાણી છે. એના ઉપરથી વિકાસ વિષેના કેટલાક સૂઝાવો આ પ્રકરણમાં મેં મૂકવા પ્રયાસ કર્યો છે.

પારધી આદિવાસી જૂથ એ ઓછી વસતિ ધરાવતો નાનો સમુદાય છે. તેઓની અર્થવ્યવસ્થા અને સામાજિક સંરચનાને લગતાં ઘણાં પાસાઓની ચર્ચા આગળ કરી છે. પારધી જાતિને પોતાનો કોઇ આગવો વ્યવસાય નથી. આથી જેને જે કામ મળે તે કરવા તૈયાર થઇ જાય છે. મોટાભાગના કુટુંબો એકથી વધુ વ્યવસાયો કરે છે. આમ છતાં કેટલાય કુટુંબોના સભ્યોને રાત્રે ભૂખ્યા કે અર્ધભૂખ્યા સુઇ જવું પડે તેવી સ્થિતિ થાય છે. તેમની ગરીબીનાં તાદૃશ્ય દર્શન તો તેમનું ઘર અને ઘરવખરી જોવાથી થાય છે. આપણે કલ્પના પણ ન કરી શકીએ તેવા ટાંચા સાધનોથી ચલાવે છે. મોટાભાગના કુટુંબોને જરૂરિયાત પૂરતાં સાધનો નથી. તેમના આર્થિક પછાતપણા માટે અમુક સામાજિક રીતરિવાજો અને અંધશ્રદ્ધા પણ છે. જેમકે બારમાની વિધિ કરવી, દેવના નૈવેદ્ય કરવા, દેવને ભોગ ધરવો, દારૂ, જુગાર વગેરે.

પારધીઓ હાલ ઘણી મુશ્કેલીઓ ભોગવે છે. એક રીતે કહી તો તેમને આ મુશ્કેલીઓ કોઠે પડી ગઇ છે. પરંતુ આ મુશ્કેલીઓ

ઘણી ગંભીર લાગે છે. જે તેમની જાતિને ખત્મ કરી દે તેવું લાગ્યા કરે છે. આથી બૃહદ સમાજ સમક્ષ આવી સમસ્યાઓ બહાર લાવવી જોઇએ.

સમસ્યાઓ :

(૧) રહેઠાણની સમસ્યા :

પારધીઓ માટે રહેઠાણ એ અતિ વિકટ સમસ્યા છે. તેઓના મકાનો કાચી માટીના છે. છાજ તરીકે ઘાસનો ઉપયોગ કરે છે. ચોમાસામાં વરસાદમાં લગભગના મકાનોને નુકશાન થાય છે. મોટાભાગના કુટુંબો પાસે એક ખંડ છે અને કુટુંબમાં સભ્ય સખ્યા હોય છ થી સાત. આથી આવાં ઘરોમાં ખાવાનો, સૂવાનો પ્રશ્ન ઉભો થાય છે. ઘણાંના મકાનો નીચાણવાળી જગ્યામાં છે કે જ્યાં ચોમાસામાં ઘરમાં પાણી ભરાય જાય છે. આ રીતે ઘરમાં અંદર અને બહાર સંકડાશ હોય છે. જેને કારણે ગંદકી થાય છે જે તેઓના આરોગ્ય ઉપર ખરાબ અસર કરે છે.

પારધી લોકો પાસે વધારાના ઘર બાંધવા માટે નથી જમીન કે નાણાં. આથી તેઓ જેમ તેમ કરીને રહે છે. આ ઉપરાંત તેમના ઘરોમાં કોઇપણ જાતની સગવડતા નથી. મતલબ કે અજવાળિયું, વીજળી, પાણીની પૂરતી વ્યવસ્થા વગેરે.

(૨) ખેતી માટેની જમીન :

ગ્રામ્ય વિસ્તારમાં અમુક કુટુંબો પાસે ખેતી માટેની જમીન છે. ખેતી ધરાવતાં કુટુંબોની સખ્યા બહુ ઓછી છે. વળી તેમની પાસે જે જમીન છે તે પણ થોડી છે. જેઓ ખેતી કરે છે તેમની પાસે ખેતીના પૂરતાં સાધનો કે ખાદ હોતા નથી. આર્થિક સ્થિતિ નબળી હોવાથી ખેતીની માવજત બરોબર કરી શકતા નથી. સુધારેલ બિયારણ કે દવાનો ઉપયોગ નહિવત કરે છે. સિંચાઇની સગવડતા નથી. માત્ર ચોમાસા ઉપર આધાર છે. જેથી ખેતીમાંથી બારે માસનો રોટલો મળી શકતો નથી.

(૩) ધંધાની સમસ્યા :

પારધી લોકો ઈંઢોણી બનાવવી, દોરડા બનાવવા,
સીંદરી બનાવવી, લાકડાના રમકડા, સૂપડા બનાવવા વગેરે
કામ કરે છે. આ ધંધા માટે કાચો માલ મળતો નથી અને
તૈયાર થયેલ માલ વેપારીને આપી દે છે. જેમાંથી તેમને બરોબર
વળતર મળતુ નથી. ધંધાના વિકાસ કે વ્યવસ્થા માટે સહકારી
ધોરણે સોસાયટી નહિ હોવાથી તેઓનુ શોષણ થાય છે.

(૪) મજૂરીની સમસ્યા :

પારધી સમાજનો મોટોભાગ મજૂરી કરે છે. જે મુખ્યત્વે
ખેતમજૂરી છે. ખેતમજૂરી તેઓ અન્ય જ્ઞાતિના લોકોને ત્યાં કરે
છે. આ મજૂરી કાયમી મળતી નથી. ઘણાં સભ્યો કારખાનાંમાં
પણ મજૂરી કામે જાય છે. ત્યાં તેઓ માલની હેરફેર કરવાનુ
કામ કરે છે. પરતુ આ બધા જ પ્રકારની મજૂરીમાં તેઓને પૂરતુ
વળતર મળતુ નથી. સરકારશ્રી તરફથી જે લઘુત્તમ વેતન ધારો
બહાર પડયો છે તેનો અમલ કે જાણકારી આ પારધી લોકોમાં
નથી. તેઓને ઘણીવાર તો રૂા. ૫°થી ૬ મજૂરી અપાય છે તે
પણ નિયમિત નહિ.

(૫) આરોગ્યની સમસ્યા :

મકાનની કે તેમાં પૂરતી સુવિધા નહિ હોવાથી તેઓ
ઘણી સમસ્યાના ભોગ બન્યા છે. અમુક ગામમાં (અજાર) તો
ગામનો ગદવાડ અને ગદુ પાણી પારધી વાસની બાજુમાં જ
એકઠુ થાય છે. ભૌતિક ગીચતાને કારણે ગદકીનુ પ્રમાણ વધારે
છે. ગરીબીને કારણે કપડા પણ બહુ ઓછાં અને પૂરતુ પોષણ મળતુ
નથી. તેથી તેઓ મેલેરિયા, ક્ષય, દમ, કોલેરા, ઝાડા, ચામડીના
રોગ અને ગભીર માંદગીથી પીડાય છે. આર્થિક સ્થિતિ સારી ન
હોવાથી યોગ્ય સંભાળ કે પૂરતી સારવાર લઇ શકતા નથી.

(૬) શિક્ષણની સમસ્યા :

પારધીમાં શિક્ષણનું પ્રમાણ બહુ ઓછું કે નહિવત છે. કુટુંબમાં પુરુષ-સ્ત્રી (પતિ-પત્ની) કામ કરતા હોય, આથી મોટા બાળકો નાના બાળકોની સંભાળ રાખવા, તેમજ આર્થિક ઉપાર્જનમાં બને તેટલી મદદ કરતા હોવાથી શિક્ષણથી વંચિત રહે છે. એક રીતે કહીએ તો તેમને શિક્ષણનું બહુ મહત્વ પણ નથી. વાલીઓ લગભગ અશિક્ષિત હોવાથી બાળકોને શિક્ષણ આપવું જોઇએ તેવા મતના નથી.

(૭) ટેવ :: ( દારૂ - જુગાર ) ::

પારધી જાતિના પુરૂષ વર્ગમાંથી લગભગ ૯૦ ટકા લોકોને દારૂ પીવાની ટેવ છે. ખાવાનું ન મળે તો ભલે પણ દારૂ પીધા વગર ન ચાલે. તેવી જ રીતે જુગાર રમવાની ટેવ. આ ટેવોને કારણે ઝગડા, વેરઝેર અને ઘણીવાર કુટુંબ વિચ્છેદન થાય છે.

આમ પારધીઓ જુદી જુદી સમસ્યાની જાળમાં સપડાયા છે. જે સમસ્યાઓ એવા ગભીર સ્વરૂપની છે કે જે તેમના વિકાસ આડે આવે છે. તેઓને પોતાના માટે સરકારશ્રી દ્વારા શું યોજના ચાલે છે તેનો લાભ શું છે તેની જાણકારી નથી. લાભો મેળવવા માટે સંકલન કરવાની આવડત નથી.

વિકાસનું આયોજન :

આપણે આગળ જોયું તેમ પારધી જાતિ પાછળ રહી ગયેલ એવી જાતિ છે. પારધીઓનો આર્થિક વિકાસ અનેક કારણોસર થઇ શકયો નથી. બધા રોજગારની સવલતોનો અભાવ હોવાથી જીવનનિર્વાહ કઇ રીતે ચલાવવો તેની કોઇ સૂઝ પડતી નથી. અન્ય સમાજો દ્વારા તેમનું આર્થિક શોષણ થાય છે. આથી આ પારધીઓનો આર્થિક વિકાસ થાય અને બે ટાઇમ ખાવાનું મળી રહે તેવી વ્યવસ્થા કે સ્થિતિ ઊભી ન થાય તો તેઓ આત્મ - વિશ્વાસથી જીવી શકે તેમ નથી. આથી પ્રવર્તમાન પરિસ્થિતિમાં

(૧) ગામમાં કે આજુબાજુના વિસ્તારમાં જ્યાં સરકારી ખેડાણ થઇ શકે તેવી જમીન હોય તે પારધી કુટુંબોને આપવી જોઇએ.

(૨) ખેતી માટેના પ્રાથમિક સાધનો આપવા જોઇએ.

(૩) ખેતીના બિયારણ, દવા માટે જે સબસીડી મળે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ.

(૪) જમીનમાં પિયત થઇ શકે તે માટે સિંચાઇ, કૂવા વગેરે કરવું જોઇએ.

(૩) <u>ધંધા માટે મદદ :</u>

પારધી જાતિમાંથી ઘણાં સ્ત્રી-પુરૂષો આજે ગૃહઉદ્યોગ કરી રહ્યાં છે. તેમાં તેઓ નિપૂણ છે. છતાં વળતર પુરૂ મળતુ નથી. આથી શકય હોય ત્યાં સુધી તેમને માટે ધંધાનો વિકાસ થાય તેવુ માળખુ ગોઠવવું જોઇએ. કોઇ સહકારી મંડળીની રચના કરી તેમાં આ ધંધાનુ ખરીદ-વેચાણ કરવું જોઇએ. જેથી તેમનુ શોષણ અટકશે અને તેઓ રસપૂર્વક કાર્ય કરશે, સાથોસાથ કાયમી રોજી મેળવી શકશે.

(૪) <u>દૂધાળાં ઢોર :</u>

પારધી કુટુંબોમાંથી ઘણાંને ત્યાં ઢોર છે. વળી કચ્છ એ તો પશુપાલન માટે જાણીતો પ્રદેશ છે. આથી પારધીઓને દૂધાળા ઢોર આપવામાં આવે તો તેઓ પૂરક રોજી મેળવી શકે. આ ઢોરમાં ગાય અને બકરાં આપી શકાય. આ ઢોર આપવાની સાથે તેમને બાંધવા માટેની વ્યવસ્થા પણ કરવી જોઇએ. આ ઢોર તેમને ૫૦ ટકા સબસીડી અને ૫૦ ટકા લોનના ધોરણે આપવા જોઇએ. જે રીતે બીજા આદિવાસી વિસ્તારોમાં ઢોરો માટે સહાય કરવામાં આવે છે તે ધોરણે અને તે પૈસા તેની દૂધ મંડળીઓ દ્વારા દૂધમાંથી વસૂલ કરવા જોઇએ.

(૫) ખેત મજૂરોને લઘુત્તમ વેતન :

પારધી સમુદાયમાંથી મોટો વર્ગ મજૂરી કામ કરે છે. તેઓ પાસેથી એવું જાણવા મળ્યું કે તેમને રૂા. ૫ થી ૬ મજૂરી ચૂકવાય છે. ઘણીવાર તો મજૂરીએ લઇ જનાર કુટુંબો મજૂરીના પૈસા જલ્દી આપતા નથી. આમ સરકાર દ્વારા જે લઘુત્તમ વેતન ધારો થયો છે તેનો છડેચોક ભંગ થાય છે. તો આ કાયદાનો બરોબર અમલ થાય અને તેમણે કરેલા મહેનતનું વળતર મળે તે માટે સઘન કાર્યવાહી કરવી જોઇએ.

(૬) મરઘાં ઉછેર :

આદિવાસી જાતિઓ માટે જે વિકાસ યોજના છે તેમાં મરઘાં આપવાનો એક કાર્યક્રમ છે. પારધીઓ મરઘાં રાખે છે, તો દરેકને ઘેર દસ-દસ મરઘાં આપી ઉછેરવામાં આવે અને તેના ઇંડાનું જે ઉત્પાદન થાય તે બજાર કિંમતે ખરીદી શહેર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે તો તેમને નિયમિત રીતે પૂરક રોજી મળી શકે.

આ ઉપરાંત સામૂહિક રીતે મરઘાં ફાર્મ બનાવી (મઢી જેવું) મરઘાં મંડળી ઉભા કરી તે મારફતે રોજી મળે તેવું કરવું જોઇએ.

(૭) અન્ય ધંધાઓ :

પરિવર્તનની સાથે પારધી યુવાનોમાં પણ નવા ધંધા કરવાની ભૂખ જાગી છે. તેઓ સોડા બનાવવાનું મશીન, દુકાન, રીક્ષા વગેરે કરવા ઇચ્છા રાખે છે. આ માટે તેમને જરૂરી માર્ગદર્શન, તાલીમ અને સવલતો આપવા જોઇએ.

(૮) શિક્ષણ :

પારધી જાતિમાં શિક્ષણ ઘણું ઓછું છે. તેમના બાળકો શિક્ષણાભિમુખ બને તે માટે આંગણવાડી / બાલવાડી અને જ્યાં વધુ વસતિ હોય ત્યાં પ્રાથમિક શાળા શરૂ કરવી જોઇએ.

શિક્ષણ સંસ્થા મારફતે સરકારશ્રી તરફથી તેમના બાળકોને કપડાં, સ્લેટ, નોટબુક, નાસ્તો વગેરે પણ આપવું જોઇએ.

(૯) આશ્રમશાળા :

ગુજરાતના અન્ય આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળા ચાલે છે. તેમ જ્યાં પારધી વસતિ વધુ હોય તેવા ગામોની આસપાસ એક આશ્રમશાળા ખોલવી જોઇએ. જેમાં પારધી ઉપરાંત અન્ય જાતિના બાળકોનો પણ સમાવેશ કરવો.

(૧૦) અપગ - વૃધ્ધોને પેન્શન :

સરકારી યોજના દ્વારા અપગ અને નિસહાય વૃધ્ધો માટે પેન્શન યોજના ચાલે છે. જાણકારીના અભાવે કે કોઇપણ કારણોસર આ યોજનાનો લાભ પારધી લોકોને મળતો નથી. આથી આવી યોજનાનો લાભ તેમને તાત્કાલિક આપવો જોઇએ.

(૧૧) કુટુંબ નિયોજન કેમ્પ કરવા :

પારધી જાતિમાં કુટુંબનું કદ મોટું છે. તેઓ અભણ છે. કુટુંબ નિયોજન વિષેની જાણકારી ઓછી છે. આથી પ્રચાર, ફિલ્મ વગેરે દ્વારા કુટુંબ નિયોજન અંગે સમજણ આપવી જોઇએ. જે તેમના આર્થિક અને આરોગ્ય વિકાસમાં મહત્વ પૂર્ણ છે.

(૧૨) સીવણ :

પારધી કુટુંબોમાંથી જે ભાઇ-બહેનો સીવણની તાલીમ લઇ સીવણ કામ કરવા ઇચ્છા રાખે તેમને મશીનો આપી મદદ કરવી જોઇએ. જેથી ઘણી વ્યકિતઓ આવક મેળવી શકશે.

(૧૩) આરોગ્ય :

પારધી લોકો જ્યાં રહે છે તેવા વિસ્તારો ઘણાં ગંદા છે. તેઓ બિમારીમાં ડોકટરની સલાહ લેતા નથી. આથી ઘણીવાર ગંભીર માંદગીમાં સપડાય જાય છે. આથી પારધી જાતિના

આરોગ્ય વિષે ઉંડી તપાસ કરવી જોઇએ. તબીબી કર્મચારી તેમના મહોલ્લાની નિયમિત મુલાકાત લે અને જરૂરી દવા આપે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

(૧૪) આદિવાસી વિસ્તારની બહાર જે આદિવાસીઓ છે એને માટે એક ખાસ યોજના કરવી જોઇએ. તેના અમલીકરણ ઉપર વધુ ધ્યાન આપવું જોઇએ.

આદિવાસી વિસ્તારની બહારના વિસ્તાર માટે એક અધિકારીની ખાસ નિમણૂક કરવી જોઇએ. કારણ કે અમારામાં એ જોવામાં આવ્યું છે કે એને માટે પૈસા વપરાતા નથી ખર્ચ ઓછો થાય છે. ખાસ ફરજના અધિકારીની નિમણૂક થવાથી આ ખર્ચમાં વધારો થશે. આથી પારધી અને બીજી અનુસૂચિત જનજાતિના વિકાસમાં વેગ મળશે.

(૧૫) પારધીની આર્થિક વ્યવસ્થાવાળા પ્રકરણમાં બતાવવામાં આવ્યું છે કે એઓ ખજૂરના ઝાડોને પાક આવતા પહેલા રાખી લે છે અને તેની દેખભાળ કુશળ રીતે કરે છે. આ વ્યવસાય તેમને ઘણો માફક આવી ગયો છે અને તેમાં એ લોકો નિષ્ણાત થઇ ગયા છે. આ વાતને ધ્યાનમાં લઇને એવું કહી શકાય કે એમને નામે જમીન આપી એમના પાસે જ ખજૂરીની ખેતી અને ~~ઓડ~~ પેદાશ કરાવી શકાય. આથી એમને જમીન માલિકી પણ મળશે. ખેડૂત તરીકેના લાભો મળશે. વળી ખેતીની આવક વધશે અને ખજૂરી, ખડની આવક પણ એમને મળશે. આ એક ખાસ કરવા જેવું કામ છે.

(૧૬) <u>સઘન તપાસ</u> :

છેલ્લુ છતાં અગત્યનું સૂચન એ છે કે પારધી જાતિનો એક સઘન અને ઉંડાણપૂર્વકનો કુટુંબલક્ષી અભ્યાસ કરવો જોઇએ. ગુજરાતમાં જે ઓછી વસતિ ધરાવતા જૂથો છે તેની સંખ્યા ઉત્તરોત્તર ઘટે છે. તેઓની સંસ્કૃતિ, મૂળ ખાસિયતો વગેરે નાશ પામતા જાય તેવી દહેશત રહયા છે. પારધી જાતિ

માટે એક ઊંડાણપૂર્વકનો અભ્યાસ આ તબક્કે ખૂબજ જરૂરી, ઉપયોગી અને અનિવાર્ય લાગે છે.

આમ ઉપરોક્ત જણાવેલ સૂચિત વિકાસ કાર્યક્રમો અમલમાં મૂકાય તો ભાવિ પેઢીનો ઉત્કર્ષ થશે. આ બધા કાર્યક્રમ સૂચવેલ તેમાં પારધી જાતિમાં પૂર્ણ સહયોગ લેવો પડશે. જ્યાં સુધી તેમનો સહયોગ ન હોય અને તેમને સામેલ કર્યાં ન હોય ત્યાં સુધી કોઇપણ યોજના સફળ થતી નથી. એ પણ જણાવવા માગુ છુ કે આ સહયોગ સક્રિય હોવો જોઇએ.

ooooooooo

# સંદર્ભ સૂચિ


(૧) આપણી યોજના : ગુજરાત રાજ્યની ત્રીજી પંચવર્ષિય યોજના
- પટેલ પિતાંબર - ૧૯૭૦

(૨) આપણું કચ્છ : કચ્છ જિલ્લા કોંગ્રેસ - ૧૯૬૨

(૩) આપણું ગુજરાત : પટેલ પિતાંબર - ૧૯૭૦

(૪) આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિકાસ કાર્યક્રમ(૧૯૭૪-૭૯)

મસવી મુસ્તાઅલી

પંડયા ગીરીશ

શાહ કોકીલાબેન

(૫) આદિવાસીઓની સમસ્યા :

પટેલ શાંતિભાઇ

રચના પ્રકાશન - ૧૯૭૦

અમદાવાદ.

(૬) કચ્છના શહેરી આદિવાસીઓ : પ્રવાસ નોંધ અને નિષ્કર્ષો

ઠા. ભા. નાયક

લેખ : ગુજરાત રાજ્યના શહેરોમાં વસતા આદિવાસીઓના પ્રશ્નો તથા વિકાસ વિષયક કાર્યગોષ્ઠી :

૨૧, જાન્યુઆરી - ૧૯૮૪

(૭) કચ્છનું સંસ્કૃતિ દર્શન :

રાઠોડ રામસિંહજી - ૧૯૫૯

(૮) કચ્છનું રણ : વિજય ગુપ્ત મૌર્ય

(૯) કચ્છના કવિઓ અને સંતો : કારાણી દુલેરાય - ૧૯૫૪

(૧૦) કચ્છના આદિવાસીઓ : ધોળકિયા તરલાબેન જી.
(વાગડ વિસ્તારને
ધ્યાનમાં રાખી)
સ્નાતક - શોધ નિબંધ નં. ૬૩
(સમાજ સેવા મહા)
મ. દે. વિદ્યાલય, ગૂ. વિ. ૧૯૬૭
અમદાવાદ

(૧૧) કાથોડી આદિવાસીઓમાં ગરીબી :
પંડયા ગૌરીશંકર
અનુપારંગત પદવી માટે
લખાયેલો શોધ નિબંધ,
સમાજ માનવશાસ્ત્ર વિભાગ,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ - ૧૯૭૯

(૧૨) કૂવા કાચા અને મઢ મોભાદાર
(નળકાંઠા - ગુજરાતની પઢાર અનુસૂચિત
જનજાતિની વિકાસલક્ષી સમાજ
માનવશાસ્ત્ર અભ્યાસ)
પટેલ છોટુભાઇ ધૂળાભાઇ
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૯૮૧

(૧૩ ખડીર મહાલના આદિવાસીઓની સામાજિક તપાસ :
ચાવડા શામજી હામુજી
સ્નાતક શોધ નિબંધ નં. ૫૫૦
મ. દે. સમાજ સેવા મહાવિદ્યાલય,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

(૧૪) ગુજરાતના સીદી
( એક અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સામાજિક આર્થિક અભ્યાસ )

નાયક ઠાકોરભાઇ
પંડ્યા ગૌરીશ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૯૮૦

(૧૫) ગુજરાતના આદિવાસીઓ

શાહ વિમલ

ગુજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ - ૧૯૬૧

(૧૬) ગુજરાતના દુબળા

શાહ પી. જી.
અનુવાદ
શાહ પી. સી.
સંક્ષેપ
શાહ બિન્દુબહેન

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
પ્રકાશન માળા - ૧૯૬૬

(૧૭) પંચમહાલના ભીલો

મલકાણ જ્યંતિલાલ મણિલાલ
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ - ૧૯૫૫

(૧૮) સામાજિક સંશોધન પધ્ધતિ

નાયક ઠાકોરભાઇ - ૧૯૬૨

19 Bhils A Study

- Naik T.B.
Delhi - 1956

20 Kathodis of Gujarat

- Masavi M.I.

- Pandya G.P.

Tribal Research and Training Inst.,
Gujarat Vidyapith,
Ahmedabad - 1977

21 Kolghas of Gujarat

- Naik T.B.,

- Masavi M.I. and

- Pandya G.P.

Tribal Research and Training Inst.,
Gujarat Vidyapith,
Ahmedabad - 1979

22 Report, Census of Baroda State - 1911

** *** **

## સાંસ્કૃતિક અભ્યાસ માટેની મુલાકાત માર્ગદર્શિકા

### સામાન્ય માહિતી :

૧. વિસ્તાર કેવો છે ? વસ્તી ક્યાં પથરાયેલી છે ?

૨. જે જાતિનો અભ્યાસ કરવાનો હોય તે જાતિ સાથે બીજી કઇ જાતિઓ રહે છે ?

### ગામ :

૧. ગામનો વિસ્તાર કેવો છે ?

૨. ગામમાં કેટલી કુલ વસ્તી છે ?

૩. ગામમાં કેટલી આદિવાસી જાતિઓનો વસવાટ છે ? અન્ય કઇ જાતિના લોકો વસે છે ?

૪. ગામની જમીન કેવી છે ?

૫. આદિવાસીઓ કયા કયા વ્યવસાય કરે છે ?

૬. આસપાસની વસ્તી કયા વ્યવસાયમાં વધુ રોકાયેલ છે ?

૭. ખેતી લાયક જમીન કેવી છે ?

૮. ખેતી માટેનાં પશુઓ કેવાં છે ? કયાં કયાં પશુઓનો ખેતીમાં ઉપયોગ થાય છે ?

૯. પશુઓ કઇ જગ્યાએ બાંધે છે ?

૧૦. ખેતી માટે પશુઓ પૂરતાં છે કે ઓછાં ?

૧૧. જમીન નહીં હોવા છતાં પશુઓ રાખે છે ?

૧૨. એકંદરે પશુઓની જાત કેવી છે ? ખેતી થઇ શકે તેવાં સશક્ત પશુઓ છે ?

૧૩. ખેતીમાં સાધનો કઇ કઇ જાતનાં અને કેટલાં છે ?

૧૪. સાધનો જાતે કે બીજા પાસે બનાવડાવે છે ?

૧૫. સાધનો ક્યાં રાખે છે ?

૧૬. દરેકની પાસે ખેતીનાં પૂરતાં સાધનો છે ?

૧૭. ખાતરનો ઉપયોગ કરે છે ? કયાં કયાં ખાતરો - છાણિયું ખાતર વ્યવસ્થિત ખાડા કરી રાખે છે ?

૧૮. કયા કયા પાકો વાવે છે ?

ઘર :

૧. ઘર કેવી જગ્યાએ બાંધે છે ? ડુંગરી પર કે નીચે સપાટ જમીન પર.
૨. ઘર લગોલગ છે કે એક બીજાથી દૂર ?
૩. ઘર એક જાતિનાં સાથે છે કે અલગ અલગ ?
૪. ફળિયામાં એક જાતિ સિવાય બીજી જાતિઓનો વસવાટ છે ?
૫. એક ગોત્રના કે એક લોહીના સંબંધીઓ જુદા જુદા ફળિયામાં વસે છે કે એક બીજાની નજીક રહે છે?
૬. ઘર બાંધતી વખતે કરવામાં આવતી ધાર્મિક વિધિ.
૭. ઘર બાંધવામાં વપરાતો માલસામાન સ્થાનિક કે બહારનો ?
૮. ઘરને કેટલા ખંડો છે ?
૯. દરેક ઘરમાં બારીબારણાંની અને હવાઉજાસની પૂરતી વ્યવસ્થા છે ?
૧૦. ઘરની ઉપરનું છાજ કેવું છે ? ઘાસ, નળિયાં, વિલાયતી નળિયાં, પતરાં કે અન્ય.
૧૧. ઘરમાં વસ્તુઓ કયાં કયાં મૂકે છે ?
૧૨. ઘરમાં ચૂલો, ધાર્મિક સ્થાન, પાણિયારું, કોઠીઓ વગેરે કયાં કયાં મૂકે છે ?
૧૩. ઘરની સાથે બાજુમાં વરંડા જેવું હોય છે ?
૧૪. ઘરની આગળ માંડવો બનાવે છે ? કેવી રીતે ? શા માટે ?

ઘરવખરી :-

૧. ઘરવખરીની ચીજોમાં શું શું હોય છે ?
૨. વાસણો તાંબા, પિત્તળનાં, એલ્યુમિનિયમનાં, સ્ટીલનાં કે અન્ય ધાતુનાં.
૩. ખાટલા કાથીના, પાટીના, વાંસના કે લોખંડના.
૪. નીચેના ફરનિચર, બાંકડો, પાટ, હિંચકો, ખુરશીઓ, ટેબલ, કબાટ વગેરે લાકડાનું કે લોખંડનું ?
૫. ગાદલાં, ઓશિકાં, ઓઢવાના વગેરેનો ઉપયોગ કરે છે ?
૬. સૂવા માટે શું પાથરે છે ?
૭. જમીન પર સૂવે કે ખાટલા પર ?
૮. ઘરેણાં સોના, ચાંદીના, રૂપાનાં કે અન્ય ધાતુનાં ? હાથ, પગ, ડોક, કાન વગેરેનાં ઘરેણાંનાં નામ.

## કુટુંબ વ્યવસ્થા :

૧. કુટુંબ કેવા પ્રકારનું છે ? પિતૃસમાજ કે માતૃસમાજ ?

૨. કુટુંબમાં કેટલી વ્યક્તિઓ છે ?

૩. કુટુંબમાં કોનું પ્રભુત્વ છે ? સ્ત્રીનું, પુરૂષનું કે મોટા દિકરાનું ?

૪. કુટુંબમાં કેવા પ્રકારના સગાઓ રહે છે ?

૫. કુટુંબની કમાણી કોની પાસે રહે છે ? પોતાની પાસે, પત્ની પાસે કે મોટા દિકરા પાસે ?

૬. કુટુંબમાં અગત્યના નિર્ણયો કોણ લે છે ?

૭. અગત્યના નિર્ણયોમાં કઇ કઇ વ્યક્તિઓને પૂછવામાં આવે છે ? કે સામેલ કરવામાં આવે છે ?

૮. કુટુંબનું વિભાજન કેવા સંજોગોમાં થાય છે ?

૯. કુટુંબમાં લડાઇ ઝઘડા થાય છે ? કુટુંબની અંદરના સભ્યો વચ્ચે ? કયા કયા સભ્યો વચ્ચે બોલાચાલી, ગાળાગાળી કે મારામારી થાય છે ? થાય તો તેનું સમાધાન કે નિરાકરણ કેવી રીતે આવે ?

૧૦. કુટુંબની અંદર પતિ-પત્ની, માતા-પુત્ર, પિતા-પુત્ર, ભાઇ-ભાઇ, બહેન-બહેન, ભાઇ-બહેન, માતા-પુત્રી, સાસુ-વહુ, ભાભી-દિયર, નણંદ-ભોજાઇ, સસરા-વહુ (ઘર જમાઇ હોય તો કુટુંબના અન્ય સભ્યો સાથે) વચ્ચે ઝઘડો થાય તો તેનો ઉકેલ કુટુંબની વ્યક્તિઓ વ્દારા લાવવામાં આવે છે ? કેવી રીતે ? અન્ય વ્યક્તિની (કુટુંબની, ગામની કે પંચની) દરમ્યાનગીરીથી ઝઘડો નિવારવામાં આવે છે કે પરસ્પર પતાવટથી ?

૧૧. પત્ની કહયામાં ન રહે તો શું કરે ? બોલાચાલી થાય, ગાળે દેવામાં આવે કે કાઢી મૂકવામાં આવે ?

૧૨. બંને વચ્ચે સમાધાન કેવી રીતે અને કોની મારફતે થાય ?

૧૩. અન્ય કુટુંબો સાથેના સંબંધો કેવી રીતે જળવાય છે ?

૧૪. પોતાના ગોત્રના કુટુંબ બહારના ગોત્ર વચ્ચે સામાજિક સંબંધો.

૧૫. એક ગોત્રના કુટુંબમાં લગ્ન થાય અને ન થાય તો શા માટે ?

૧૬. આર્થિક રીતે બીજા કુટુંબોનો સહારો કે મદદ લેવામાં આવે છે ? ગોત્રના, ગોત્ર બહારના કે ગામના ?

૧૭. સગાઓના કુટુંબોને અન્ય રીતે મદદ કરવામાં કે તેમની મદદ લેવામાં આવે છે ? ખેતીમાં ઘર સગાંઓને કુટુંબોને અન્ય રીતે મદદ કરવામાં કે તેમની મદદ લેવામાં આવે છે ?

૧૮. કેવી રીતે મદદ લેવામાં કે આપવામાં આવે છે ? વસ્તુના રૂપમાં કે મહેનત કરીને ?

ખોરાક અને પીણાં :

૧. ખોરાકમાં શું શું ખાય છે ? (અ) દરરોજ સવારે, બપોર અને સાંજે (બ) ઉત્સવ અને વારતહેવારે ?
૨. માછલી, મરઘી, બકરું, પાડો, હરણ, તેતર, કાગડો કે અન્યમાં શું શું ખાય છે ?
૩. માંસ ક્યારે ખાય ? અમુક પ્રસંગે કે ગમે તે દિવસે ?
૪. પીણામાં દારૂ, તાડી, ચા વગેરે નિયમિત પીએ છે કે પ્રસંગોપાત ?

પહેરવેશ :

૧. બાળકોનો પહેરવેશ છોકરા / છોકરી પાંચ વર્ષથી નાના અને પાંચ વર્ષથી ઉપરનાનો.
૨. પુરૂષોનો પોશાક
૩. સ્ત્રીઓનો પોશાક

સામાજિક રીતરિવાજ :

અ. રજસ્વલા સ્ત્રી :

૧. રજસ્વલા સ્ત્રીને શું કહે છે ?
૨. રજસ્વલા સ્ત્રી ઘરમાં કઇ કઇ વસ્તુઓનો સ્પર્શ કરી શકે ?
૩. રજસ્વલા સ્ત્રી રાંધવાનું કામ કરી શકે ? તેમજ બીજાં ક્યાં ક્યાં કામો એનાથી થાય અને ન થાય ?
૪. અમુક પ્રકારનાં કામો કરવાં કે નહીં કરવાં એવી માન્યતા શા માટે ?
૫. રજસ્વલા સ્ત્રી કેટલા દિવસે નહાય છે ? (માથું ધૂએ છે ?)
૬. રજસ્વલા સ્ત્રી સાથે જાતીય સંબંધ બાંધવામાં આવે છે ? ન બાંધવા પાછળ શું માન્યતા છે ?
૭. સ્ત્રીને રજસ્વલા બંધ થાય તો ગર્ભ રહે એ પુરૂષ જાણે છે ?
૮. પુરૂષને ક્યારે ખબર પડે કે સ્ત્રીને ગર્ભ રહ્યો છે ?
૯. ગર્ભ શા માટે રહ્યો ? જાતીય સંબંધોથી, ભગવાનની કે કોઇ દેવીની ઇચ્છાથી ? કે પછી શા માટે તેની ખબર પડતી નથી ?
૧૦. કોઇ સ્ત્રીને ગર્ભ ન રહે તો તે માટે કોઇ પણ વિધિઓ કે ભૂવા-ભગતની પાસે બાધા રાખે છે ? રાખે તો કેવી માનતા રાખે છે ?
૧૧. ગર્ભ રહયા પછી તરત કોઇ પણ ધાર્મિક વિધિ કરવી પડે ?
૧૨. ગર્ભ રહે તો બાળકનો જન્મ થાય ત્યાં સુધીમાં કયા કયા પ્રકારની અને કેવી કેવી સામાજિક અને ધાર્મિક વિધિઓ કરવામાં આવે છે ?
૧૩. આ વિધિ કોણ કરાવે ? આ વિધિમાં કોણ કોણ હાજર રહે ? ક્યાં ક્યાં સંબંધીઓ આવે છે ?
૧૪. પ્રસવ ક્યાં થાય છે ? પોતાના ઘરે, દવાખાને કે સ્ત્રીના પિતાના ઘરે ?

પ્રસવની વિધિ :

૧. પ્રસવ પહેલાં સ્ત્રીને અન્ય પ્રકારનો જુદો જુદો ખોરાક આપવામાં આવે છે ?
૨. પ્રસવ સમયે કોણ કોણ હાજર રહે ?
૩. પ્રસવમાં પુરૂષો હાજર રહી શકે ?
૪. દાયણ, નર્સ, ડોક્ટર કે અન્યની પાસે પ્રસવ કરાવવામાં આવે છે ?
૫. દાયણ પોતાની જાતિની કે અન્ય જાતિની હોય છે ? કેટલી દાયણો હોય છે ?
૬. પ્રસવ થવામાં મુશ્કેલી થાય તો શું કરે છે ? દવા, ધાર્મિક, માન્યતા કે અન્ય વિધિઓ ?
૭. પ્રસવ થયા બાદ તુરત કોઇ સામાજિક કે ધાર્મિક વિધિ કરવામાં આવે છે ?
૮. દાયણ જન્મ બાદ શું કરે છે ?
૯. સ્ત્રીને કોઇ વિશેષ પ્રકારની સારવાર અપાય છે ?
૧૦. બાળકની નાળ કેવી રીતે કયા સાધનથી કપાય છે ?
૧૧. તે કયાં દાટે છે ?
૧૨. સ્ત્રીને પ્રસવ બાદ ઘરમાં કે કોઇ બીજી જગ્યાએ રાખવામાં આવે છે ?
૧૩. સ્ત્રીને પ્રસવ બાદ ખોરાક કેવો આપવામાં આવે છે ?
૧૪. જુદો ખોરાક આપતા હોય તો શા માટે ?
૧૫. બાળકના જન્મથી માંડી બાળક ૧૨ વર્ષનું થાય ત્યાં સુધીમાં અન્ય પ્રકારની વિધિઓ કરવામાં આવતી હોય તો તે કઇ જગ્યાએ, કોણ કરાવે છે ? અને કયા કયા સગાઓ હાજર રહે છે ?
૧૬. જન્મ બાદ બાળકો જીવતાં ન હોય તો તે માટે કોઇ ચોક્કસ કે વિશેષ પ્રકારની વિધિ કે સારવાર કરવામાં આવે છે ?
૧૭. મોટાં બાળકો શું કરે છે ? કામમાં મદદ કરે કે શિક્ષણ લેવા જાય છે ?

લગ્ન પહેલાંના જાતીય સંબંધો :

૧. લગ્નની ઉંમર કેટલા વર્ષની માનવામાં આવે છે ? પુરૂષ અને સ્ત્રી માટે ? લગ્ન કેવી રીતે અને એકસાથી કે બહુસાથી લગ્ન થાય છે ?
૨. બહુસાથીમાં કેટલી પત્નીઓ રાખી શકે ? એક કરતાં વધુ પત્નીઓ હોય તો એક જ કુટુંબની જ સગી બહેનો છે કે જુદા જુદા ગોત્રની ?

૩. એક કરતાં વધુ પત્નીઓ કયાં કારણોસર રાખવામાં આવે છે ?

૪. લગ્નસાથી પસંદ કરવામાં કઇ કઇ પધ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે ?

૫. લગ્નની પસંદગીમાં પોતાની દિકરી માટે જમાઇની પસંદગીમાં કેવા કેવા ગુણો અને કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે ? પત્નીની પસંદગીમાં કઇ બાબતો અને ગુણો જોવામાં આવે છે ?

૬. દહેજ આપવું પડે ? કેટલું ? રોકડમાં કેટલું અને વસ્તુના રૂપમાં કેટલું ? દાગીના, કપડાં, અનાજ, પશુ કે અન્ય વસ્તુઓમાં શું શું અને કેટલું ?

સગાઇ (વિવાહ)

૧. સગાઇ કઇ ઉંમરે થાય છે ?

૨. સગાઇની શરૂઆત કયા પક્ષેથી થાય ? છોકરા કે છોકરી પક્ષેથી ?

૩. સગાઇ કરાવવામાં કોણ અગત્યનો ભાગ ભજવે છે ?

૪. સગાઇની વિધિ કયાં થાય છે ? છોકરાને ત્યાં કે છોકરીને ત્યાં ? કે બને જગ્યાએ ?

૫. સગાઇ કરવા કેટલા માણસો જાય ? કેવા પ્રકારનાં સગાં જઇ શકે ? જેમની સગાઇ કરવાની હોય તે સાથે જઇ શકે ?

૬. સગાઇની વિધિ કોણ કરાવે છે ?

૭. સગાઇની વિધિ કેવી રીતે કરવામાં આવે છે ?

૮. આ સમયે બંને પક્ષે શું શું આપવા લેવાનું હોય છે ?

૯. દારૂ કોણ કોણ પીએ છે ?

૧૦. કન્યાપક્ષવાળા મહેમાનોને ખાવા રાખે છે ? શું ખવડાવે છે ?

૧૧. કયારે વિદાય થાય ?

૧૨. કન્યાપક્ષવાળા વરપક્ષવાળાને ત્યાં કયારે જાય ? અને બંને પક્ષે આપવા લેવાનું શું શું હોય છે ?

૧૩. જાન જાય ત્યાં સુધીની સામાજિક વિધિ કેવી રીતે કરવામાં આવે છે ? (માંડવો, ગણેશ, ગોત્ર વગેરે)

૧૪. જાન કયા સમયે જાય ?

૧૫. જાનમાં કેટલા અને કયા સગાઓ જાય છે ?

૧૬. જાનમાં પોતાની જાતિના સિવાય બીજી કોઇ જાતિના જાય છે ?

१७. જાન ચાલતી જાય, ગાડામાં જાય કે અન્ય કોઇ વાહનમાં ?

१८. જાન છોકરાની જાય કે છોકરીની ?

१९. જાન જતી વખતે વરનો પહેરવેશ કેવો અને બીજા લોકોનો કેવો ?

२०. જાનની સાથે બીજી કઇ કઇ વસ્તુઓ લઇ જવામાં આવે છે ?

२१. જાન કન્યાપક્ષવાળાને ત્યાં જાય પછી વધામણી માટે કે મળવા માટે કોણ આવે ?

२२. જાનનો ઉતારો કયાં હોય છે ?

२३. કન્યાના પિતાને ત્યાં થતી લગ્નની વિધિઓ કેવી હોય છે ? કોણ કરાવે છે ?

२४. જાનવાળાને દહેજ કઇ વખતે લેવામાં આવે છે ?

२५. જાનવાળાને કેટલા ટંક ભોજન કન્યાપક્ષ તરફથી અપાય છે ?

२६. પોતપોતાનું ખાવાનું જાનવાળા લઇ જાય છે ?

२७. લગ્નમાં મામાપક્ષના સગાઓ રોકડમાં અને વસ્તુમાં શું શું આપે છે ?

२८. લગ્નની જાન વરને ત્યાં જવા નીકળે ત્યારે થતી વિધિઓ, જાનની સાથે કન્યા જાય છે ?

२९. કન્યા સાથે જતી હોય તો બીજી કોઇ છોકરી સાથે જાય છે ?

३०. કન્યાને તેડવા કયારે, કેટલા અને કોણ જાય ?

३१. ફરીથી તેડવા વરપક્ષવાળા કયારે જાય ?

છૂટાછેડા :

१. છૂટાછેડા કેવા સંજોગોમાં અપાય છે ?

२. પુરૂષ આપી દે તો તેને દહેજ પરત મળે કે નહીં ?

३. કન્યા પોતાની જાતે ચાલી જાય તો દહેજ આપવું પડે ?

४. છૂટાછેડા અન્ય કયાં કારણોસર અપાય છે ?

પુનઃલગ્ન :

१. પુનઃલગ્નમાં વિધવા, વિધુર કે છૂટાછેડા થયેલ સ્ત્રી-પુરૂષ કોની સાથે લગ્ન કરીશકે ?

२. વિધુર કે છૂટાછેડા લીધેલ પુરૂષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકે ?

३. વિધવા કે છૂટી થયેલ સ્ત્રી કુંવારા પુરૂષની સાથે લગ્ન કરી શકે ?

४. વિધવાની પુનઃલગ્નમાં કોઇ વિશેષ પ્રકારની વિધિ કરવી પડે ?

૫. વિધવાનું સ્થાન કેવું છે ?

૬. દિયરવટાની પ્રથા છે ?

૭. પતિના મરી ગયા બાદ જેઠ સાથે લગ્ન કરી શકે ?

૮. સાળી સાથે લગ્ન કરી શકે ? મોટી કે નાની સાળી સાથે લગ્ન થઇ શકે ?

ધાર્મિક જીવન :

૧. ધર્મમાં કોઇ પ્રકારનું ધાર્મિક પ્રતિક છે ?

૨. ટોટમ હોય તો કઇ વસ્તુને ટોટમ તરીકે પૂજવામાં આવે છે ?

૩. કયા કયા દેવ-દેવીઓને માને છે ?

૪. દેવ-દેવીઓની પૂજા કેવી રીતે કરે છે ? ક્યારે કરે છે ?

૫. કયા કયા તહેવારો અને ઉત્સવો ઉજવે છે ? એ ઉત્સવો કયા માસમાં આવે છે ? કેવી રીતે ?

૬. ઉત્સવોનું મહત્વ શું ? શા માટે ?

૭. આર્થિક જીવનમાં ધર્મનું સ્થાન, ખેતીની શરૂઆતમાં, પાક લેતાં, પાકના રક્ષણ માટે કયા કયા દેવ-દેવીઓની પૂજા કરવામાં આવે છે ?

૮. દેવોને પ્રસન્ન કરવા માટે બલિદાનોમાં શું અપાય છે ?

૯. નવું ઘર બનાવતાં, નવું પશુ ખરીદતાં કે નવા કામની શરૂઆતમાં કઇ કઇ વિધિઓ કરવામાં આવે છે ?

૧૦. દેવનું સ્થાનક ઘરમાં હોય છે ? જો હોય તો કઇ જગ્યાએ ? (કયા ધર્મની અસર છે ?) હિંદુ, મુસ્લિમ કે અન્ય.

૧૧. વ્યક્તિગત રીતે દેવોની પૂજાવિધિ થાય છે ? કયા કયા દેવોની ?

૧૨. સામુહિક રીતે કયા કયા દેવોની પૂજા થાય છે ?

૧૩. સામાજિક જીવનમાં ધર્મનું સ્થાન.

૧૪. ભગત-ભૂવાનું મહત્વ.

૧૫. ડાકણની માન્યતા છે ?

૧૬. ભૂત-પ્રેતની માન્યતાઓ ભૂત-પ્રેત ક્યાં વસે છે ? તેને વશ રાખવા શું કરવામાં આવે છે ?

૧૭. ડાકણ કોને માને છે ? ગામમાં છે ?

૧૮. ડાકણ પકડાઇ જાય તો શું કરે ? વળગાડ દૂર કરવા કઇ વિધિ કરવામાં આવે છે ?
૧૯. કોઇ બિમાર પડે, સાપ કરડે કે વીંછી કરડે તો દવાખાને જાય કે ભૂવા પાસે ?
૨૦. ભગત કેવી રીતે   લોકોને સહારો આપે છે ?

<u>મૃત્યુ :</u>

૧. વ્યક્તિ મરણપથારીએ કે ખૂબ જ બિમાર હોય ત્યારે કઇ કઇ વ્યક્તિઓ ખબર કાઢવા આવે ?
૨. મૃત્યુ બાદ કઇ કઇ વ્યક્તિઓ ને બોલાવવામાં આવે છે ?
૩. મૃત્યુ પ્રસંગે આવેલાં સ્ત્રી-પુરૂષો શું કરે છે ?
૪. મૃતદેહને શું કરવામાં આવે છે ? સ્નાન કરાવવું, હળદર લગાવવી વગેર)
૫. મૃતદેહને માટે ઠાઠડી બનાવવામાં આવે છે ? કે ખાટલામાં લઇ જવાય છે ?
૬. મૃતદેહને કોણ કોણ ઉપાડી જાય છે ?
૭. મૃતદેહની સાથે કઇ કઇ વસ્તુઓ લઇ જવામાં આવે છે ?
૮. મૃતદેહને વિસામા આગળ ઉતારી શું કરવામાં આવે છે ?
૯. દાટતાં કે બાળતાં પહેલાં કયા પ્રકારની વિધિઓ કરવામાં આવે છે ?
૧૦. બાર દિવસ સુધી થતી વિધિઓ કેવી હોય છે ? કઇ કઇ ?
૧૧. બારમું કરવું જ પડે ?
૧૨. બારમાની વિધિ કોણ કરાવે અને કેવી રીતે ?
૧૩. કયા કયા સગાઓને બોલાવે ?
૧૪. ખર્ચ કેટલું થાય ?
૧૫. મૃત્યુ બાદ ખતરાં કે પાળિયા કયારે મૂકે છે ? તે મૂકતાં કરવામાં આવતી વિધિઓ ?
૧૬. પાળિયાની કે ખતરાની પૂજા કયારે અને કઇ રીતે કરવામાં આવે છે ?

. . .